# વિચારોની દીવાદાંડી

પંન્યાસ ઉદયવલ્લભ વિજય



# વિચારોની દીવાદાંડી

પંન્યાસ ઉદયવલ્લભ વિજય

પ્રકાશક
પ્રજ્ઞા પ્રબોધ પરિવાર

# વિચારોની દીવાદાંડી

**સંસ્કરણ :** દ્વિતીય - વિ. સં. ૨૦૭૨

**મૂલ્ય :** ₹ ૪૫.૦૦

## પ્રાપ્તિ સ્થાન

**શ્રી સમકિત યુવક મંડળ**
ભક્તિ બિલ્ડિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, દોલત નગર, રોડ નં. ૮,
**બોરીવલી (ઈસ્ટ)**, મુંબઈ - ૪૦૦ ૦૬૬.
ફોન - ૩૨૫૨ ૨૫૦૯ / ૩૨૫૦ ૧૭૫૫

**કેતનભાઈ ડી. સંગોઈ**
૧/૧૨, વૈભવ એપાર્ટમેન્ટ, શ્રેયસ સિનેમા લેન,
સંઘાણી એસ્ટેટ, એલ.બી.એસ. માર્ગ, **ઘાટકોપર (વે)**,
મુંબઈ - ૪૦૦૦૮૬.
ફોન : ૨૫૦૦ ૫૭૦૩, મો. : ૯૯૮૭૦ ૭૭૫૯૯

**અરિહંત કટલરી**
આંબા ચોકની પાછળ, પોલીસ ગેટની બાજુમાં, **ભાવનગર**.
ફોન : ૨૫૧ ૨૪૯૨, મો. : ૯૮૨૫૧ ૦૫૫૨૮

**મિલનભાઈ**
આનંદ ટ્રેડલિંક પ્રા. લિ.
૪૦૧, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે,
પાલડી, **અમદાવાદ** - ૩૮૦૦૦૭.
ફોન : ૨૬૫૮ ૭૬૦૧, મો. : ૯૩૭૫૦ ૩૫૦૦૦

**મુદ્રક : પ્રિન્ટવેલ - મો.: ૯૩૨૨૨૨૫૪૦૮**

# પ્રાસ્તાવિકમ્

જૈનાગમ શ્રી સ્થાનાંગ સૂત્રમાં છ પ્રકારના પ્રશ્નો બતાવ્યા છે. તેમાં એક એવો પણ પ્રકાર છે જે 'બીજાને ખોટા પાડવા' માટે જ પૂછવામાં આવે. તેમાં જિજ્ઞાસાનું તત્ત્વ ખાસ હોતું નથી, ઉપહાસનું તત્ત્વ ભારોભર ભર્યું હોય છે.

વર્તમાન સમયમાં આપણી સામે અનેક પ્રશ્નો આવે છે. આપણા વર્તુળમાંથી, મિત્રોમાંથી, સંતાનોમાંથી, કદાચ આપણા જ મગજમાંથી આવા પ્રશ્નો ઉદ્ભવે છે. સરખો જવાબ ન આપી શકાય તેનો રંજ પણ રહે છે. સામી વ્યક્તિને સંતોષ ન થયાનો રંજ અને ધર્મ સામે કોઈ આંગળી કરી ગયું અને આપણે કાંઈ કહી ન શક્યા તેનો રંજ!

ખાસ કરીને બૌદ્ધિકો તરફથી ઘણા પ્રશ્નો આવતા હોય છે. જિજ્ઞાસાભાવે જેટલા પણ પ્રશ્નો હશે તેમને આ લખાણમાંથી કંઈક સંતોષકારક સમાધાન મળે એ આશય છે. કોઈના શ્રદ્ધા વૈભવની નરી મશ્કરી કરવાની આદત ધરાવનારાને ઉપેક્ષણીય ગણી લઈએ તો બાકી ઘણા બૌદ્ધિકોને કંઈક સાંત્વના, સમાધાન મળશે. શ્રદ્ધા, ધર્મ અને સમર્પણનો ઉપહાસ કરનારાને સમયોચિત જવાબ ન આપવો તે પણ એક રીતે ગુન્હો છે.

शस्त्रेऽपि शास्त्रेऽपि कृतश्रमोऽस्तु
भवत्वशेषासु कलासु विज्ञः
विज्ञान भेदांश्च विदांकरोतु
काव्यप्रबन्धं य परं तनोतु ।

चेत्कार्यकाले समुपस्थितानां

प्रावादुकानां कृतमत्सराणां

गर्वं न खर्वं क्षमते विधातुं

तदा स विज्ञो ऽ पि जडत्वमेति ।। (પૂ.દેવભદ્રસૂરિકૃત કહારયણકોસ)

શસ્ત્રવિદ્યા, શાસ્ત્રવિદ્યા, કાવ્યસર્જનથી લઈને તમામ કળાઓમાં શિરમોર રહેલા વિદ્વાન પણ જ્યારે સામે આવી ચડેલાં કોઈ ઈર્ષ્યાખોર, અહંકારીના ગર્વના ચૂરા ન કરી શકે તો તે વિદ્વત્તા અને જડતા વચ્ચે કોઈ ફરક નથી.

**અધ્યાત્મસાર** ગ્રન્થમાં મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** મ.એ આ અંગે ગજબની વાત કહી છે.

आज्ञया ऽऽ गमिकार्थानाम् यौक्तिकानां च युक्तिः ।

न स्थाने योजकत्वं चेत्, न तदा ज्ञानगर्भता ।।

શ્રદ્ધાગ્રાહ્ય પદાર્થોને શ્રદ્ધાથી સ્વીકારવાના હોય છે. પરંતુ જે પદાર્થો તર્કગ્રાહ્ય છે તેને તે રીતે ન સમજાવે તો તે સમજાવનારની ખામી ગણાય. (અલબત, બધી જ વાત તર્ક ગમ્ય નથી પણ હોતી.)

શાસનના સિદ્ધાંતો, પાવન પરંપરાઓ, આપણે ત્યાં સદીઓથી એકદમ સહજપણે ચાલી આવતી દાન, સમર્પણ અને અહિંસાના પાલન-પ્રવર્તનની પ્રણાલી અચાનક થોડા સમયથી પ્રશ્નો અને ચર્ચાના ચગડોળે ચડી છે. આવા સમયે સોશ્યલ મીડિયા તો જાણે બેટલફિલ્ડ બની જતું હોય છે. સમજણ વગરના નિવેદનો ફરતા રહે છે અને ભોળા લોકો ભરમાતા રહે, શ્રદ્ધાળુ લોકો કરમાતા રહે, કેટલાક શરમાતા રહે.

શાસનનો ઉપહાસ કરતા બૌદ્ધિકના પ્રશ્નો ઘણીવાર જવાબની રાહ જોતા હોય છે. વર્તમાન શિક્ષણ શ્રદ્ધાવૈભવથી રહિત બૌદ્ધિકો

પકવવામાં પંકાયેલું છે. 'જૈનો શિક્ષિત હોવા જોઈએ' આ વાત બધા સમજતા હશે પણ 'એ શિક્ષિતો જૈન રહેવા જોઈએ' આ વાત બહુ ઓછા સમજે છે. આ લખાણ મુખ્ય તો એવાઓના પ્રશ્નો સામે છે અને એટલા જ માટે માત્ર શાસ્ત્રસંદર્ભ સાથે જવાબ આપવાને બદલે સાથે બુદ્ધિસંદર્ભનો ઉપક્રમ કરેલ છે. છતાં ક્યારેક માત્ર ચર્ચાનું જ લક્ષ્ય ધરનારા પ્રત્યે ઉદાસીન રહેવું.

ટુંકા મુદ્દાસરના જવાબ આપવાને બદલે વિસ્તૃત જવાબ અપાયેલ છે. જેથી તે તે વિષયને સ્પર્શતો ખ્યાલ વધુ સ્પષ્ટ થાય.

પ્રસ્તુત લખાણથી મનને સંતોષકારક સમાધાન મળે, શ્રદ્ધાદીપને જરૂરી તેલ પુરવઠો મળે, શાસનરાગ પ્રઘટ્ટ બને, મળેલા ધર્મની ખુમારી ખીલી ઊઠે અને જરૂર પડે તો અનેકની શ્રદ્ધા દૃઢ કરવાનો Convincing Power મળે તો મને અનેરો આનંદ થશે.

ઘણાને બીજા પણ ઘણા ઘણા પ્રશ્નો થતા હશે. અહીં તો કેટલાક જ લીધા છે. શાસનરાગથી પ્રેરાઈને કેટલાક પ્રશ્નોના સમાધાન આપવાનો અહીં પ્રયાસ થયો છે.

ધર્મ, સંસ્કૃતિનો ઉપહાસ ઉડાવવાની જાણે ફેશન ચાલી છે ત્યારે અહીં રજુ થયેલા વિચારો, **દીવાદાંડી** બનીને રાહ ચીંધે તો ભયો ભયો ! ક્યાંક ક્ષતિ રહી ગઈ હોય તો મિચ્છામિ દુક્કડમ્.

પ્રસ્તુત લખાણના સંમાર્જનમાં પ્રોત્સાહક - સહાયક પૂ. આ. શ્રી વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ.સા. તથા લઘુબંધુ પં. શ્રી **હૃદયવલ્લભવિજયજી** નો ઋણી છું. વારંવાર આ લખાણ વાંચી શાસનથી ભાવિત થઈએ એ શુભકામના.

**ઉદયવલ્લભવિજય**

વિ.સં. ૨૦૭૨ કા.સુ.૫.

ભાયખલા

# સમર્પણ

જેમની કલમને સતત સાહિત્યસ્રોત વહાવવાનું વરદાન છે,

જેમની પ્રજ્ઞાને સતત અભિનવ અનુપ્રેક્ષાનું વરદાન છે

તેવા

સંયમ, સરસ્વતીના સાહચર્ય તીરથસમ

ત્રણ દાયકાથી મારા શિરચ્છત્રરૂપ વડીલ

પૂ. આચાર્ય દેવ શ્રી વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ. સા.

જ્યારે

સૂરિમન્ત્ર પ્રથમ પ્રસ્થાનની ૨૧ દિવસીય

સ્વર્ણિમ સાધના સમાપન સમીપે

વર્તી રહ્યા છે

ત્યારે

કૃતજ્ઞભાવે તેમને

સાદર સાનન્દ **સમર્પણ !**

ઋણી

ઉદયવલ્લભવિજય



# ■ પીઠિકા

પ્રભુના મુખેથી નીકળેલી ત્રિપદી એટલે આપણા શ્રુતજ્ઞાનનો ખજાનો ખોલી આપતો પાસવર્ડ. સમગ્ર દ્વાદશાંગીનું મૂળ ત્રિપદી છે અને તે ત્રિપદીનું જે દાન પ્રભુએ કર્યું તેના મૂળમાં ગણધરનો પ્રશ્ન હતો 'भयवं किं तत्तं?' (ભગવંત! તત્ત્વ શું છે?) જ્ઞાનીના પ્રતિપાદનથી આપણને ઘણું મળ્યું છે. તેમ પૂછાયેલા પ્રશ્નોના જવાબરૂપે પણ આપણને ઘણું ઘણું મળ્યું છે.

જૈનશાસનની પંચવિધ સ્વાધ્યાય શૈલીનું એક અનોખુ અંગ એટલે પૃચ્છના સ્વાધ્યાય! પંચમાંગ સૂત્ર શ્રી ભગવતીજી માં ગણધર ગૌતમસ્વામિજી વગેરેના પ્રશ્નો થકી જ્ઞાનપ્રકાશ પથરાયો છે. તપાગચ્છીય આચાર્ય ભગવંત શ્રી વિજયહીરસૂરીશ્વરજી, પૂ. શ્રીવિજયસેનસૂરીશ્વરજી મ.ને પૂછાયેલા અનેક પ્રશ્નોના શાસ્ત્રસંદર્ભ સાથે સુંદર જવાબો અપાયેલા છે જે ક્રમશઃ 'હીરપ્રશ્ન' અને 'સેનપ્રશ્ન' નામે ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયેલ છે.

પ્રશ્નોત્તરની શૈલી પરિષ્કૃત અને પરિશુદ્ધ પદાર્થ સુધી પહોંચવા માટે મદદરૂપ બને છે. ચાલો, મનના કોઈ ખૂણે કે બુદ્ધિના કોઈ વળમાં સળવળતા કે કાનમાં પડઘાતા કેટલાક પ્રશ્નોના સમાધાન માટેનો કંઈક પ્રયાસ કરીએ.

બુદ્ધિના ઘણા કાર્યો હોઈ શકે. તેમાંનું એક એટલે બુદ્ધિની મર્યાદા સમજવી. તેને ખ્યાલમાં રાખીને પણ બુદ્ધિના પ્રશ્નોને બુદ્ધિનું સમાધાન આપીને સદ્‌બુદ્ધિના નિર્માણ તરફ આગળ વધીએ.

## ૧

ભારતદેશ એટલે મંદિરોનો દેશ.
આજે પણ કરોડો કરોડો રૂપિયા
મંદિર નિર્માણ પાછળ વેડફાય છે.
કોઈની પણ આસ્થા, શ્રદ્ધાનો વિરોધ નથી
પરંતુ, તે તો અંતરમાં વસે છે.
તેના માટે આવા જાલિમ ખર્ચની જરૂર ખરી?
જે ભગવાને રાજપાટ, વૈભવનો ત્યાગ કરી દીધો હતો,
તે જ ભગવાનને બિરાજમાન કરવા માટે
ભપકાદાર, આલિશાન, કલાત્મક મંદિરો બનાવવા
એ Mis-Match લાગે છે.
મહેલછાપ મંદિરમાં પ્રભુજીની પ્રતિષ્ઠા થાય ત્યારે
એવું લાગે કે જાણે
મહેલ છોડનારાને ફરીથી મહેલમાં રહેવાની
ફરજ પાડવામાં આવે છે.
ભગવાન તો સાદાઈમાં શોભી ઊઠે.
ગાંધીજી બ્રાન્ડેડ આઉટફિટમાં કેવા લાગે?
સાદાઈના સ્વામીને
ભપકાદાર કલાત્મક બેઠકોની આવશ્યકતા ખરી?

પંખી માળો બાંધે છે.
ઉંદર દર બનાવે છે.
સિંહ ગુફા શોધી લે છે.
કીડી નગરું બનાવે છે.
વાંદરો ડાળી પકડી લે છે.
પોતાના રહેઠાણની ચિંતા કોણ નથી કરતું ?
પોતાના આવાસની વ્યવસ્થા કોણ નથી કરતું ?
આ કામ તો પ્રાણી માત્ર કરી લે છે. પરંતુ, પોતાના ઘરની સાથે ઈશ્વરનું ઘર બનાવનાર એકમાત્ર પ્રાણી મનુષ્ય છે.
કોઈ મંદિર બાંધે છે, કોઈ મસ્જિદ બાંધે છે.
કોઈ ચર્ચ ખડા કરે છે, કોઈ ગુરુદ્વારા ઊભા કરે છે.
કોઈ અગિયારી બાંધે છે, કોઈ હવેલી ઊભી કરે છે.
કોઈ દેવસ્થાન સર્જે છે, કોઈ ધર્મસ્થાન સર્જે છે.

મંદિર નિર્માણ એ લગભગ તમામ ધર્મોના અનુયાયી મનુષ્યોમાં એક સામાન્ય બાબત છે. આ પરંપરા પાછળ ઘણા કારણો રહેલા છે.

પોતાની આરોગ્ય અંગેની જરૂરિયાતો સંતોષવા માટે માણસે હેલ્થ ક્લબથી લઈને જિમ્નેશિયમ ઊભા કર્યા છે. પોતાની આર્થિક જરૂરિયાતો માટે માણસે નાનકડી ટેબલ સ્પેસથી માંડીને કમર્શીયલ કોમ્પલેક્સ સુધીના સર્જનો કર્યા છે. સામાજિક જરૂરિયાતો માટે તેણે નાનકડી નિશાળ થી લઈને મોટી યુનિવર્સિટીઝ, નાનકડા ક્લિનિક્સથી લઈને તોતિંગ હોસ્પિટલો - રમતગમતના સાધનો અને મોટા મેદાનો ઊભા કર્યા છે.

***માણસ એટલે જાજરમાન જરૂરિયાતોનું કાયમી સરનામું !***

કેટલીક શારીરિક જરૂરિયાતો હોય છે, તો કેટલીક સામાજિક

હોય છે, કેટલીક આર્થિક જરૂરિયાતો હોય છે તો કેટલીક માનસિક અને આધ્યાત્મિક જરૂરિયાતો પણ ઊંડે ઊંડે રહે છે.

દરેક પ્રકારની ઈચ્છાઓ - જરૂરિયાતોના જવાબ રૂપે તેણે કંઈક ઉભુ કર્યું છે. તો તેની આધ્યાત્મિક જરૂરિયાતો અને ઈચ્છાઓને સંતોષવા તે ધર્મસ્થાનોનું સર્જન કરે છે. મંદિર નિર્માણની પરંપરા આમ સહેતુક અને માનવીય ભાવનાઓનું પ્રતિબિંબ છે.

મંદિર એટલે દેવસ્થાન.
મંદિર એટલે દેવનું સ્થાન.
મંદિર એટલે દેવને મળવાનું સ્થાન.
મંદિર એટલે દેવમાં ભળવાનું સ્થાન.
મંદિર એટલે દેવને ઝીલવાનું સ્થાન.

કોઈ પણ ચીજના અવતરણ માટે કે તેને ઝીલવા માટે કંઈક સંયોજન આવશ્યક છે. ધ્વનિ તરંગોને ઝીલીને પ્રસારિત કરનાર રેડિયો નામનું સાધન છે. મંદિરની સ્થાપત્ય કલા અને વાસ્તુકલાને ધ્વનિ સાથે મજબુત સંબંધ છે. મંદિરમાં વચ્ચે થતી ગુંબજની રચના આમાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. સામાન્ય મકાનો કરતા મંદિરની રચનાશૈલી જુદી પડે છે. બુનિયાદી ફરક એ છે અને તેની પાછળના માનવીય ખ્યાલો છતા થાય છે. મનુષ્ય ગમે તે ક્ષેત્રમાં  કે સમયમાં જીવતો હોય, તેના અંતરમાં ઈશ્વરીય  તત્ત્વ અંગેનું એક બીજ પડેલું છે.

મંદિર નિર્માણ એ કોઈ સામાન્ય ચણતર ક્રિયા નથી. હાઈરાઈઝ ટાવર્સ બાંધી શકનારા મજુરો અહીં કામ નથી લાગતાં. આ એક Skilled Labour નો  મુદો અને મુસદ્દો છે. તેના જાણકારો અને નિષ્ણાતો અલગ હોય છે. હજારો ટન વજન ધરાવતું એક મંદિર નિર્મિત થાય છે ત્યારે તેમાં નામ પૂરતુંય લોખંડ વપરાયું હોતું નથી.

શિલ્પકળાને આશ્રયીને રહેલા અનેક ખ્યાલો, જે એકંદરે આધ્યાત્મિક લાભમાં ફલિત થતા હોય છે, તેને નજરમાં રાખીને આ નિર્માણ કાર્ય થતું હોય છે. ટાવરની ઊંચાઈ મંદિર કરતાં ઊંચી હોઈ શકે પણ કળાની દૃષ્ટિએ મંદિરની ઊંચાઈને પહોંચી વળવું મુશ્કેલ છે.

આ મુદ્દો બાંધકામ અને શિલ્પકલા વચ્ચેનો ભેદ જણાવે છે. ટેઈલરિંગ અને ડિઝાઈનિંગ વચ્ચે ફરક છે. આર્ટને Exempted Category માં ગણાવી મોટા ડ્રેસ ડિઝાઈનરો સો ટકાની કરમુક્તિ મેળવી લેતા હોય છે. શિલ્પકળા પર નભનારાને આવી સુઝ કદાચ નહીં હોય ! પણ કળા તો છેવટે કળા જ છે.

પક્ષીઓની કોઈ જાતિ નાશ પામતી જણાય તો સરકાર તે Rare Species ને જાળવવા મથામણ કરે છે. કોઈ ખાસ કળા નાશ પામતી જણાય તો તેને જાળવવા કરોડોનો ખર્ચ કરીને પણ તેની જાળવણી થાય છે. મંદિર નિર્માણ એ ખરેખર એક Unique Art છે. મંદિર નિર્માણ–જીર્ણોદ્ધારની પરંપરાએ આ કળાને આજે પણ જીવંત રાખી છે. Preservance of Art એ કોઈ નાનો સૂનો લાભ નથી. આમ આની પાછળ વપરાતી રકમ આ રીતે પણ વ્યર્થ નથી એમ બુદ્ધિમાનો સમજી શકે છે.

એક ઊંચા ટાવરનો બત્રીસમાં માળનો સ્લેબ નાખવા યાંત્રિક સાધનો કામ કરે છે. યંત્રો દ્વારા સામગ્રી ઉપર પહોંચે છે. જ્યારે પાલિતાણા શત્રુંજય ગિરિરાજ ઉપર ઊભેલી મંદિર શ્રેણી જોતા પ્રશ્ન થશે કે સેંકડો વર્ષો પૂર્વે જ્યારે ચડવાના પગથિયા પણ નહોતા ત્યારે આ લાખો ટન પાષાણ માનવીય શક્તિ અને સક્રિયતાથી કઈ રીતે અટલો ઉપર પહોંચ્યો હશે !

ભારત દેશની આ આગવી અસ્મિતા છે. લગભગ મંદિર નિર્માણમાં વપરાતો પાષાણ ભારતમાં સુલભ છે, અન્યત્ર દુર્લભ છે. મકરાણાનો માર્બલ હોય કે ધ્રાંગધ્રા કે ધોળપુરી પાષાણ હોય,

અંબાજીનો કે જયપુરનો Pink Stone હોય કે જેસલમેરી પીળો પત્થર હોય. આ બધા પ્રચલિત પાષાણો ભારતદેશમાં સુલભ છે. ઈટાલિયન માર્બલ કે ગ્રેનાઈટ ઉપર કોતરણી કામ થઈ શકતું નથી.

મંદિરોના દેશને કુદરતે પણ નિર્માણ યોગ્ય સામગ્રીથી ભરી દીધો છે. મંદિર નિર્માણ એ માત્ર એક પાષાણ શિલ્પનું સર્જન નથી. માનવીય હૃદયમાં રહેલી ઈશ્વરીય શ્રદ્ધાની કલાત્મક રજુઆત છે. મંદિર એક શ્રદ્ધાશિલ્પ છે. મંદિર એટલે મનુષ્યના હૃદયમાં ધરબાયેલી આસ્તિકતા અને ઈશ્વરીય ભક્તિનો કલાત્મક દસ્તાવેજ છે. મંદિર એટલે ભક્તના હૃદયમાં રહેલા પ્રભુપ્રેમની એક મૂર્ત આકૃતિ છે. ઈશ્વર પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને માણસ તેમાં જાન રેડી દે છે.

મંદિર પાછળના ખર્ચને વ્યાજબીપણાના ત્રાજવામાં તોલવાની ટેવવાળા કેટલાક પ્રશ્ન કરતાં હોય છે. ''ભગવાનને આવી કલાત્મક બેઠકની જરૂર છે ખરી ?'' ભગવાનને કલાત્મક બેઠકની કોઈ જરૂર નથી, પણ લાગણી અને પ્રેમની આ અભિવ્યક્તિ છે.

હૃદયની લાગણીને વ્યક્ત કરવા વપરાતા જાત-જાતના Fancy Cards, Bands અને Gift Items નો ઉદ્યોગ મંદિરો કરતાં પણ કઈ ગણો ઊંચો છે. માત્ર શબ્દોથી વ્યક્ત થઈ શક્તા શુભેચ્છા સંદેશાનું આવું Costly Presentation જો Debatable ન બનતું હોય તો પછી મંદિર નિર્માણને A Way of Expression (ભક્તિની અભિવ્યક્તિ) ના લયમાં સમજી લેવું જોઈએ.

પૈસાની જેમ પ્રેમ પણ એક માપદંડ તરીકે માની શકાતો હોય તો મંદિર નિર્માણ પાછળના પ્રભુપ્રેમના ખ્યાલને નજર અંદાજ ન કરવામાં મધ્યસ્થતા ગણાય. કોઈ મોટા ઉદ્યોગપતિ પોતાની પત્નીને જન્મદિવસની ભેટરૂપે અબજો રૂપિયાની કિંમત ની 'યોટ' ગિફ્ટ

કરતાં હોય તો ભક્તિથી થતાં મંદિર નિર્માણના ખર્ચને સમજવામાં તકલીફ પડવી ન જોઈએ.

પાલિતાણાની પ્રથમ તળેટી વલ્લભીપુરમાં પ્લોટના દેરાસરમાં ઊના ગામથી પધારેલા શ્રી આદીશ્વરજીનો પ્રવેશ પ્રસંગ હતો. મુહુર્ત અગાઉ માત્ર બે-ત્રણ દિવસ પૂરતા પ્રભુજી ત્યાંના જાણીતા દાનવીર હર્ષદભાઈના બંગલા મધુવિલામાં બિરાજવાના હતા. માત્ર તેટલા માટે હર્ષદભાઈએ આરસની કલાત્મક બેઠક બનાવી હતી. કોઈએ તેમને કહ્યું હતું કે ''આ માટે કપડાનો મંડપ પણ ચાલે ને! માત્ર ૪૮ કલાકનો સવાલ હતો'' ત્યારે હર્ષદ ભાઈએ મજાનો જવાબ આપ્યો હતો. 'કેટલા સમય માટે બેંઠક બનાવવાની છે' તે તમે વિચારીને કહો છો જ્યારે 'કોના માટે' બનાવવાની છે તે વિચારીને મે આમ કર્યું છે.

વાતમાં દમ પણ છે. કોઈ મોટા કાર્યક્રમમાં માત્ર ગણતરીની ચાર-પાંચ મિનિટ પૂરતા પણ કોઈ મોટા મહેમાન પધારવાના હોય તો આખા સ્ટેજનો ગેટ-અપ, બેઠક વ્યવસ્થા બધું તે વ્યક્તિને ધ્યાનમાં રાખીને થતું હોય છે અને તે વ્યાજબી પણ ગણાય છે.

ભગવાને રાજપાટ, વૈભવ છોડી દીધા છે છતાં જે દેરાસર બને છે તે કલાત્મક અને વૈભવી એટલા માટે હોય છે કે ચાહક ભગવાનને સર્વોત્તમ રીતે જ રજુ કરવા ચાહે. ગાંધીજીના ચશ્માની ફ્રેમ ભલે સાવ સાદી હશે પણ તે જ ગાંધીજી ના ફોટા લાખો જગ્યાએ ગોલ્ડન ફ્રેમમાં મઢાવીને લોકોએ રાખ્યા છે. ગાંધીજી બ્રાન્ડેડ આઉટફિટમાં ન શોભે તે વાત સાચી પણ ગાંધીજીની પ્રેઝન્ટેશન ક્વોલિટી બ્રાન્ડેડ જ હોય. ક્યારેય સાવ સાદી ન હોય.

શ્રીમંતોના લગ્ન પ્રસંગોનો માત્ર stage decoration નો expense લાખોનો હોય છે. દુલ્હા-દુલ્હનની અવનવી એન્ટ્રીમાં લાખો ખર્ચી કાઢે છે. ત્રણ કલાકની બેઠક જો આટલી costly બની શકતી હોય તો મંદિર નિર્માણ કરતી વખતે જ તેને One time expense ગણીને સારામાં સારું બનાવવાનું ચાહક વિચારે તે તેની લાગણીની અભિવ્યક્તિ છે. અહીં ફરક એ છે કે ભગવાને ભલે ભપકાનો ત્યાગ કર્યો હતો. ભાવુક હૃદયી ભક્ત મંદિર નિર્માણ કરે છે. તે ભગવાનને glorify કરવા આમ કરે તે સહજ છે.

સરદાર વલ્લભભાઈ પટેલે જીંદગીભરમાં કુલ ખર્ચ નહીં કર્યો હોય તેના કરતા અનેક ગણી રકમનાં ખર્ચે તેમનું વિરાટકાય Statue of Unity બનશે. સરદાર પણ સાદગીના ચાહક હતા પણં તેમનું પ્રેઝન્ટેશન સાદું ન હોય. તે તેમના ચાહકની ભાવનાનો વિષય બને છે.

**પ્રશ્ન :** *મંદિરનિર્માણ તો ચલો One time expense છે. ઘણીવાર માત્ર One Day Expense માં હજારો રૂપિયા ખર્ચીને ડેકોરેશન કરવામાં આવે છે જે બધુંજ બીજે દિવસે નીકળી જવાનું છે, તે શું બરાબર છે ?*

**ઉત્તર :** લાગણીથી થતા કાર્યમાં બુદ્ધિના પ્રશ્નો આવે ત્યારે આવું લાગે. દર વર્ષે ૧૫મી ઓગસ્ટના દિવસે દેશભરમાં લાખો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. અને આ બધા રાષ્ટ્રધ્વજ બીજે દિવસે ઊતારી દેવામાં આવશે. તો શું આમાં વપરાયેલ લાખો મીટર કાપડ નો વેડફાટ થયો કહી શકાય ખરો ? તેના બદલે હજારો વસ્ત્ર વગરના બાળકોને એકેક ચડ્ડી બનાવી દેવાનું કોઈ સુચન કરે તો તેને બકવાસથી ઓછું ન કહેવાય.

એક જ દિવસની પરેડમાં લગભગ અઢીસો કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. તેને શું કહેશો ? ત્યાં શું સાદગી અને Cost Cutting નો આગ્રહ રાખશો ? કડક સલામી આપવા દ્વારા જે રાષ્ટ્ર ભાવના પ્રગટે છે. તેમાંજ આ રાષ્ટ્રધ્વજની અને સમગ્ર પરેડની સાર્થકતા છે. બધે Material Output જોવાનું હોતું નથી. સંવેદના અને ભાવનાઓની પૂર્તિ એ પણ Output નો એક પ્રકાર છે.

# ૨

મંદિર એટલે કરોડો રૂપિયા અને લાખો કલાકોનો
માનવીય શ્રમ
લઈ લેતું એક ધર્મસ્થાન.
મંદિર નિર્માણ પાછળ ખર્ચાતા રૂપિયાને
શું બીજી કોઈ સર્જનાત્મક દિશા આપી ન શકાય?
સ્કુલ, કોલેજ, યુનિવર્સિટી, કે હોસ્પિટલ જેવું
કંઈક બને તો તે મોટી સમાજ સેવાનું કારણ બની શકે.
બેશક, મંદિર એ ધાર્મિક તૃષાને સંતોષવાની મોટી પરબ
છે.
પરંતુ મંદિરનું Social Output શું?
ખાસ કાંઈ નહી.
આજે આટલા બધા નૂતન જિનમંદિરો બની રહ્યા છે
ત્યારે
તે વ્યય ને સદ્વ્યય કઈ રીતે ગણવો?
આપણે સામાજિકતામાં શૂન્ય
અને આસ્તિકતામાં અગ્રેસર બની રહ્યા છીએ
એવું શું નથી લાગતું?

મંદિર નિર્માણ એટલે જાણે પૈસાનો વેડફાટ અને શ્રમનું અવમૂલ્યન !

મંદિર નિર્માણની પરંપરા સામે આજના બૌદ્ધિક વર્ગનો ખાસ માનીતો પ્રશ્ન એ હોય છે કે આના બદલે શું માનવસેવા ન થઈ શકી હોત ? પત્થરમાં પૈસા નાખવા કરતા માણસો પાછળ પૈસા ખર્ચાય તે વધુ સારું ન ગણાય? લોકો ગરીબી, બેકારી, મોંઘવારી જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોય ત્યારે મંદિર નિર્માણ કેટલા અંશે ઉચિત છે ? મંદિરોનું Social Output કેટલું ?

મંદિરો થકી થતાં આધ્યાત્મિક લાભો અને આંતરિક આત્મસંતુષ્ટિના Nonmaterial Gain ને એકવાર ગણતરીમાં ન લઈએ અને એક Pure બુદ્ધિવાદથી વિચારીએ તો પણ મંદિર નિર્માણની પરંપરા એ અનેક રીતે ફાયદાકારક પૂરવાર થાય છે.

લગભગ કોઈ પણ મંદિરના નિર્માણમાં Material Cost કરતાં Labour Cost ઊંચી રહે છે. કલા કારીગરી– કોતરણીના કારણે કુલ વ્યયના પંચોત્તેર ટકા હિસ્સો મજુરી ખર્ચમાં જાય છે. આનો સીધો અર્થ એ થયો કે કુલ વ્યયના માત્ર પચ્ચીસ ટકા હિસ્સો જ પત્થરમાં ગયો છે. શેષ બધો હિસ્સો તો સીધો માણસોને જ મળે છે.

વળી, માલમાં પચ્ચીસ ટકા રકમ વપરાય છે માટે જ મજુરીમાં પંચોત્તેર ટકા રકમ વપરાય છે. આમ સીધી અને આડકતરી રીતે બધુ માણસમાં જ જાય છે. કોઈ માણસની સાયકલ રિપેર કરાવી આપીએ તો તેને સાયકલ સેવા ન કહેવાય, માનવસેવા જ કહેવાય.

થોડા વરસો પૂર્વે અમે ગુજરાતના મહેસાણા જિલ્લામાં રહેલા પ્રાચીન તીર્થ પાનસરમાં રોકાયા હતા. જિનાલયમાં ઘસાઈ કામ અને અન્ય કાર્યો ચાલુ હતા. ઓરિસ્સાના કેળવાયેલા કારીગરો ત્યાં કામ કરી રહ્યા હતા. તદન અભણ અને ગમાર લાગતા એ કારીગરો

આજના એક ગ્રેજ્યુએટ નોકરીયાત જેટલું કે તેથી ય વધુ (અંદાજે માસિક નવથી બાર હજાર) મેળવતાં હતા (આ વાત ઈ.સ. ૨૦૦૮ની સાલની છે.)

ઓરિસ્સાના તત્કાલીન મુખ્યપ્રધાન બીજુ પટનાયકે ત્યાંના લોકોમાં આ કળા વિશેષ વિકસે તે માટે ખાસ ઈન્સેન્ટિવ્સ પણ જાહેર કર્યા હતા.

સોમપુરા અને કારીગરોની આવી સંખ્યા લાખોમાં છે, જે લગભગ તમામ મંદિરનિર્માણ કાર્યમાં સંકળાયેલ છે. મૂઠીભર મંદિર પ્રેમી લોકોએ આવા લાખો લોકોને કાયમી આજીવિકા બાંધી આપી છે.

આ રીતે જોવા જઈએ તો મંદિર એક Enterpreneur છે. તેના જેવો Jobcreator બીજે ક્યાંય મળવો મુશ્કેલ છે. લાખો માણસોની આખી કમ્યુનિટી જેના થકી Well Employed રહે છે તે મંદિર નિર્માણને Human Cause કહેતા કોણ અચકાશે ?

મંદિર નિર્માણની સાથે સંકળાયેલી કેટલી ય બીજી બાબતો છે. મૂર્તિ નિર્માણ, ચક્ષુ, નેણ, ટીકા, લેપ - ઓપ પ્રક્રિયા, ધ્વજ, દંડ, પૂજા, પૂજા સામગ્રી, પૂજા જોડી, પૂજાપેટી, બટવા, દેરાસરના ભંડાર, ત્રિગડા, ચામર, ધૂપિયા, દીવા, આરતી, થાળી, વાટકી, કુંડી, ઘંટ, ઝાલર, વીંજણો, આંગીના ખોળા, આંગી સામગ્રી વગેરે અઢળક ચીજો દરોસરની સાથે સંલગ્ન છે. તે દરેક ચીજ પાછળ રોકાયેલ લોકો, ધમધમતા કૈંક વેપારીઓ અને ઉપકરણ ભંડારો ! આ બધાની કરોડ-રજ્જુ મંદિર છે. મંદિર હોય ત્યાં પૂજનાદિ થાય. હવે વિધિકાર, માંડલું બનાવનાર, સંગીતકાર વગેરેને પણ અહીં beneficiaries' list માં જોડી શકાય. મંદિર ગાયબ તો કેટલું બધું ગાયબ !

મંદિર નિર્માણ થાય ત્યારે ઘણી વખત એક કોમન પ્રશ્ન ફંગોળવામાં આવે છે. ''આટલા બધા દેરાસરોની ક્યાં જરૂર છે? આના કરતાં એક નવી સ્કુલ ઊભી કરી હોય તો?''

વાસ્તવમાં, આ પ્રશ્ન રિવર્સ ઈફેક્ટ સાથે પૂછવા જેવો છે. આજે ઢગલાબંધ સ્કુલો બંધ પડી છે. ડઝનબંધ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુશનોને તાળાં લાગ્યાં છે. ઘણી જગ્યાએ અપૂરતા વિદ્યાર્થીઓ છે. ઘણી જગ્યાએ અપૂરતો સ્ટાફ છે. ઘણી જગ્યાએ બિનઅસરકારી સ્ટાફ છે.

'અટલા બધા મંદિરોની જરૂર શું છે?' આવો પ્રશ્ન ફેંકનારા એ તથ્યથી વાકેફ નથી કે કોઈ મંદિર આ રીતે ખાલી પડ્યું રહેતું નથી. તેનાથી તદ્દન ઊંધું, ભારતમાં અંદાજે સવા કરોડ ફ્લેટ્સ બંધાયેલા અને ખાલી પડ્યા છે. તેમાં કોઈ રહેતું નથી. હજી વધારે હસવું હોય તો છેલ્લામાં છેલ્લા ઈકોનોમિક સર્વે પ્રમાણે 'ભારતમાં ૨ કરોડ ઘરોની શોર્ટેજ છે' બ્લેક મની ઈન્વેસ્ટમેન્ટનો આ જાદુ છે? Unaffordable price ના લીધે આ દશા છે?

જે હોય તે, પરંતુ લાખો કરોડો ખાલી ઘરો પડ્યા રહેવા છતા હજી નવા પ્રોજેક્ટ્સ જ્યારે જાયન્ટ બિલ્ડરો દ્વારા હાથ ધરાય છે ત્યારે કેમ કોઈને એવો પ્રશ્ન નથી થતો કે ''અટલા બધા ઘરોની જરૂર શું છે?'' Resource Misutilization એ પણ શું અપરાધ નથી? સામાજિક કાર્યોને અગ્રતા આપવાનાં કારણે જેઓ નવી સ્કૂલ્સ અને હોસ્પિટલ્સની તરફેણ કરે છે તેમણે ખાલીખમ પડી રહેલી હોસ્પિટલોની સંખ્યા પણ ચકાસવી જોઈએ. ગરીબોની સેવા થશે એ માન્યતા સાથે ત્યારે કન્સેશનલ રેટ પર જેને જગ્યા અપાઈ હોય તેવી હોસ્પિટલોમાં ગરીબો માટેના ફ્રી બેડ ખાલી પડ્યા હોય તો શું સમજવું?

જો પરિસ્થિતિ આવી હોય તો નવી સ્કુલ-હોસ્પિટલ ઊભા કરવાની જરૂર ખરી ?

આની સામે કોઇ દેરાસરો ખાલીખમ નથી હોતા. જ્યાંથી વસતિનું સ્થળાંતર થયું હોય તેવા સ્થળોમાં ઊભેલા સૈકા જૂના દેરાસરો સિવાય બધે દેરાસરોમાં રોજ સેંકડો દર્શકો-પૂજકોની અવર-જવર રહે છે.

લોકોની શારીરિક જરૂરીયાતોમાંથી ઘણા નિર્માણો થયા છે.

લોકોની વ્યવસાયી જરૂરીયાતોમાંથી ઘણા નિર્માણો થયા છે.

લોકોની ધાર્મિક જરૂરીયાતોમાંથી મંદિર વગેરે નિર્માણ થયા છે.

શ્રદ્ધાનું દઢીકરણ અને ભક્તિની સંતુષ્ટિ એ મુખ્ય ફળ છે. છતા વાત માત્ર Social Output ના Base પર ચાલુ થઈ છે તો આપણે તે જ ટ્રેક પર આગળ ચાલીએ.

એક મંદિરનું ખનન અને શિલાન્યાસ થાય ત્યારથી ડઝનબંધ અને થોકબંધ લોકો આ કાર્યમાંથી પોતાનું જીવન મેળવે છે. નિર્માણ થઇ ગયા પછી પણ પૂજારી, સિક્યોરિટી ગાર્ડ, ફુલવાળા જેવા અનેક લોકો તેના પર નભે છે.

એક અંદાજ મુજબ કેવળ મુંબઈ જેવા એકાદ શહેરમાં રહેલા માત્ર જૈનમંદિરોમાં Employees ની સંખ્યા આઠહજાર ઉપર છે. (મંદિરોમાં સામગ્રી Supply કરનારા આથી ઘણા વધુ હશે જે આ ગણતરીમાં લેવાયા નથી)

એક અગત્યની વાત સમજવી જરૂરી છે. આજે ચાલતી હવા મુજબ શિક્ષણ વગર આજીવિકા શક્ય નથી એવું ધારી લઈએ એટલે શિક્ષણ જેટલી મોટી જનસેવા એકે નહીં લાગે. વાસ્તવમાં ચિત્ર આખું જ જુદું છે. આજે અશિક્ષિતો કરતાં શિક્ષિતોને આજીવિકાની સમસ્યા વધારે છે. શિક્ષણનું સ્તર જેટલું ઊંચુ એટલું બેકારીનું પ્રમાણ વધારે છે.

સાથેના કોઠા પરથી આ વાત એકદમ સ્પષ્ટ થશે શિક્ષણ બિનજરૂરી છે. એવું જણાવવાનો આશય નથી પણ શિક્ષણની ઠસાવી દેવામાં આવેલી સર્વોપરિ મુખ્યતાને પડકારી શકાય એવું કંઈક તો આ આંકડામાં છે જ !

| એજ્યુકેશનલ અન્ એમ્પ્લોયમેન્ટ | | | |
|---|---|---|---|
| લેવલ | શહેર | ગામડા | ટોટલ |
| નિરક્ષર | ૧.૩ | ૧.૧ | ૨.૪ |
| પ્રાથમિક | ૨.૧ | ૧.૬ | ૩.૭ |
| માધ્યમિક | ૪.૪ | ૫.૮ | ૧૦.૨ |
| HSC | ૭.૩ | ૭.૮ | ૧૫.૧ |
| ગ્રેજ્યુએટ | ૮.૨ | ૧૧.૧ | ૧૯.૩ |
| પોસ્ટ ગ્રેજ્યુએટ | ૭.૭ | ૧૩.૯ | ૨૧.૬ |

સ્કિલ્ડ લેબરના આધારે હજારો લાખો અશિક્ષિતો પણ આજીવિકા રળી લેતાં હોય છે એ વાત ભૂલવી ન જોઈએ.

બેકારી બેકાબુ બનીને જ્યારે સમગ્ર વિશ્વને ભરડામાં લેતી હોય ત્યારે માત્ર Temple Oriented Employment ના આંકડા, જે સાત આંકડામાં છે, તેને એક અલગ અંદાજથી જોવા જોઈએ. રોજગારી આપનાર ઘણા નાના માણસો દ્વારા ચાલતા ગૃહઉદ્યોગોને તોડીને પછી જ ઊભું થનારું ઔદ્યોગિક સામ્રાજ્ય બેકારીમાં કેટલી રાહત આપે છે તે તો પછીની વાત થઈ પણ હવા અને પાણીના પ્રદૂષણમાં સિંહફાળો નોંધાવે છે તે વાત તો ચોક્કસ છે.

શ્રદ્ધાળુઓ માટે મંદિર એક હૃદય સામ્રાજ્યને ઉજાગર કરનારું ભક્તિધામ છે. પણ કેવળ બુદ્ધિવાદ પર ચાલનારા પણ આ વાતનો ઈન્કાર નહીં કરી શકે કે લાખોની જીવાદોરી બનતું આ એક Non Polluting Industrial Unit છે.

Temple Oriented Employment ની બીજી વિશેષતા એ છે કે તેમાં illiterates લોકોને વધુ સ્થાન મળે છે. કારણ કે આ સેક્ટર Education Based નથી પણ Skilled Based છે. આવી ઘટના આધુનિક વિશ્વમાં દુર્લભ છે.

ભારતના વડાપ્રધાન શ્રી મોદીજી એ પોતાના અમેરિકાના પ્રવાસમાં ત્યાંના ભારતીયો સમક્ષ મેડિસિન સ્ક્વેરમાં આપેલા વક્તવ્યમાં ભારપૂર્વક કહ્યું હતું કે અમે Skilled Labour વધારવા પર ધ્યાન આપીએ છીએ. મંદિર નિર્માણની પરંપરા આ જ કાર્ય સૈકાઓથી કરી રહી છે તે ભુલવું ન જોઈએ.

મંદિર નિર્માણની ઘટના અંગે આવો એક વિલક્ષણ દષ્ટિકોણ ખુલે છે ત્યારે જૂના મંદિરોના જીર્ણોદ્ધાર ને પણ આમાં સમાવી લેવા જોઈએ. હકીકતમાં નિર્માણ કરતા જીર્ણોદ્ધાર - જાળવણીનું પેટ ઘણું મોટું અને ઊંડુ પણ છે. એટલે તેનું Social Output પણ ઘણું ઊંચુ રહેવાનું.

એક અંદાજ મુજબ વર્ષના કોઈ પણ સમયગાળામાં 'Temple Group of Companies' માં લાખો લોકો Occupied હોય જ છે. એક અંદાજ મુજબ માત્ર દેરાસર આધારિત આજીવિકામાં પરોવાયેલા લોકોનો આંકડો સાત ડિજિટનો છે. **આઠ આંકડાની જનસંખ્યા ધરાવતા જૈનો સાત આંકડા જેવી મજબુત સંખ્યામાં લોકોને માત્ર દેરાસરોને આધારે કાયમી આજીવિકા પ્રોવાઈડ કરી રહ્યા છે. આટલા જંગી Social Output ને નજર અંદાજ ન જ કરી શકાય.**

ચાલો, એક અવ્વલ ઉદાહરણ દ્વારા આ વાતને વિસ્તારથી સમજવાનો પ્રયાસ કરીએ.

ભારતદેશ.....

ગુર્જર રાજ્ય....

સોરઠ પ્રદેશ...

પાલિતાણા ગામ ...

શત્રુંજય તીર્થ...

એક નાનકડા પહાડ પર બિરાજમાન શ્રી આદિનાથ દાદાને આજે એક અલગ અંદાજથી જોઈએ. આ દાદા છે અને શેષ મંદિર શ્રેણી અને વિશાળ પ્રભુપરિવાર છે તો કેટલા લોકો ટક્યા છે.

ગિરિરાજ ઉપરના અંદાજે ૪૦૦ પૂજારીઓ.

ગિરિરાજ ઉપરના અંદાજે ૨૦૦ સિક્યોરિટી સ્ટાફ.

ગિરિરાજ ઉપરના કાર્યરત ૧૮૦૦ ડોળીવાળા.

ગિરિરાજ ઉપર કાર્યરત ૧૨૦૦થી વધુ ઉપરામણિયા.

ગિરિરાજ ઉપર માલસામાન ચડાવતા સેંકડો પરિવારો.

ગિરિરાજ ઉપર પાણીની પરબો સાચવતો સ્ટાફ.

ગિરિરાજ ઉપરના કાર્યરત અન્ય શ્રીફળવાળા - ફુલવાળા વગેરે તથા મેનેજર લેવલથી લઈને અન્ય ઘણા બધા ... જેની સંખ્યા બધું મળીને હજારોમાં જાય છે. આ તો થઈ માત્ર ડુંગર પર ની વાત.

ગિરિરાજ ઉપર દાદા આદિનાથ બેઠા છે તેથી જ લાખો લોકો ખેંચાઈને આવે છે અને માટે જ તળેટી રોડ નાનો પડે એ હદે અંદાજે દોઢસો થી વધુ ધર્મશાળાઓ, ભોજન શાળાઓ ભાતાગૃહ વગેરે સુવિધા સ્થળો ત્યાં ઊભા છે. આ બધાનો મળીને સ્ટાફ પણ હજારોમાં છે.

પાલિતાણા એટલે ભક્તિની ભૂમિ.

પાલિતાણા એટલે ઉત્સવોની ભૂમિ.

પાલિતાણા માં થતા ચોમાસા, ઉપધાન તપ, નવ્વાણું

યાત્રાઓ વગેરેનાં બારમાસી કાર્યક્રમોમાં કેટલા ય બેન્ડવાળા, બગીવાળા, હાથી-ઘોડાને ગાડાવાળા સતત occupied રહે છે. તળેટી રોડ પર મુખ્યત્વે યાત્રિકોને લઇ જતી ઘોડાગાડીઓ, રિક્ષાઓની સંખ્યા પણ આમાં ઉમેરી શકાય. ટ્રાન્સપોર્ટેશન, Rental Cars અને Buses પણ આમાં જોડાયેલી છે. તળેટી રોડ ઉપર ઊભેલા લારીવાળા, ગલ્લાંવાળાઓને ગણતરીમાં લેતા આ સંખ્યામાં સેંકડો નવા ઉમેરાશે. (તીર્થસ્થળે આ રીતે ખાવું એ ચોક્કસ ધાર્મિક રીતે બાધિત છે. છતાં કેવળ બૌદ્ધિક ગણતરી હોવાથી તેને ગણતરીમાં લીધા છે.) આ બધું પણ આડકતરી રીતે શ્રી આદિનાથની પ્રભાવ છાયા હેઠળ છે. જો ડુંગર પર દાદા ન હોત તો આમાંનું કશું જ ન હોત !

પાલિતાણાને ફરતે ડેમ, તળાજા, ઘોઘા, હસ્તગિરિ, કદમ્બગિરિ જેવા અનેક તીર્થસ્થળોના કુલ યાત્રિકોમાં ૯૦ ટકા વર્ગ Due to Palitana છે. એટલે તે તે સ્થળના Direct Employment માં પણ મોટું Indirect Holding શત્રુંજયાધિપતિનું ગણી શકાય. આ સિવાય યાત્રા પ્રવાસો, છ'રિ પાલિત સંઘો જે પાલિતાણાના દાદાને જુહારવા આવે છે, તેની સાથે સંકળાયેલ રોજગારીને ગણતરીમાં લેતા અંદરથી અવાજ ઊઠશે કે અંબાણી ગ્રુપ કે અદાણી ગ્રુપ કરતા આદિનાથ ગ્રુપનો સ્ટાફ ઘણો વધારે છે.

આ તો 'આદિનાથ ગ્રુપની' વાત થઇ ! આ રીતે ગિરનારનું 'શ્રીનેમિનાથ ગ્રુપ' પણ હાલમાં ઘણું પ્રોગ્રેસિવ છે. શંખેશ્વરનું 'શ્રી પાર્શ્વનાથ ગ્રુપ' પણ વ્યાપક રીતે પથરાયેલું છે. પૂર્વ ભારતમાં શિખરજી, પાવાપૂરી વગેરે તીર્થસ્થળો, દક્ષિણ ભારતમાં કુલપાકજી વગેરે તીર્થસ્થળો, ઉત્તર ભારતમાં હસ્તિનાપૂર, અયોધ્યા વગેરે તીર્થધામો. આવા તો તીર્થસ્થળો છે જેના અલગ અલગ Social Output ને કોઇ પણ બુદ્ધિમાન અવગણી ન શકે.

એક વાત અંતરથી જણાવું તો પ્રભુના અનુગ્રહ, કરૂણા, કૃપાદૃષ્ટિ, આલંબનની સામે આવી બધી ગણતરી ઘણી તુચ્છ, હલકી અને વામણી લાગે છે. ભક્તના હૃદયને મળતી પુષ્ટિ, જીવનને મળતી તુષ્ટિ અને ભાવનાઓને મળતી સંતુષ્ટિ સામે આવી આંકડાકીય ગણતરીઓ કોઈ વિસાતમાં આવતી નથી. છતા બુદ્ધિવાદ વકરે ત્યારે **'म्लेच्छो म्लेच्छभाषया'** ના ન્યાયે તેવાઓને તેવી ભાષામાં સમજાવવા જોઈએ એ કર્તવ્યધર્મ છે.

૨૦૦૭-૮ માં આવેલી ભયંકર મંદીની જોરદાર અસર હીરાબજાર ઉપર પણ જોવા મળી હતી. વર્ષોથી ઊંડા મૂળિયા નાંખીને બજારમાં જામેલી મસમોટી ફર્મ્સ પણ સ્ટાફ માંથી 'છટણી' કરતાં હતા ત્યારે સેંકડો હીરાઘસુઓને પણ વતનભેગા થવાની ફરજ પડી હતી તેમાંના ઘણા પાલિતાણામાં ઉપરામણિયા (યાત્રિકની થેલી વગેરે ઉપાડવાવાળા) તરીકે ગોઠવાઈ ગયા હતા.

કેટલાક હીરા બજારના યાત્રિકને યાત્રાર્થે આવેલા જોઈને તેઓ પરસ્પર ઓળખી લેતા. 'તું અહીં ?' એમ સહજ પૂછાઈ જતું અને જવાબમાં પેલા ગીતની પંકિત યાદ આવી જતી. ''जब कोइ नही आता, मेरे दादा आते है, मेरे दु :खके दिनो में वो बडे काम आते है''

મુંબઈ સાયનના શ્રી અભિનંદનસ્વામી દેરાસરમાં રોજ નાનપણમાં પૂજા કરવા જતો. દેરાસરની સામે જ એક ગાય લઈને બાઈ બેસતી હતી. લગભગ છેલ્લા પાંત્રીશ વર્ષથી એ રમાબાઈ આ એક સ્થળેથી પોતાનું ગુજરાન ચલાવી જાણે છે-કોઈ રેસ્ટોરન્ટ કે થિયેટરની બહાર ગાયવાળી જોઈ છે? કોઈ મંદિરની બહાર પાણીપૂરીવાળો જોયો છે ? **ખાનારા ક્યાં મળે અને ખવડાવનારા ક્યાં મળે તેનો ખ્યાલ દરેકને હોય છે.**

એક રસપ્રદ  સર્વે કરવા જેવો છે. મંદિરોની બહાર બેસીને મંદિરોમાં થતી અવરજવરનો લાભ મેળવીને કંઈક મેળવનારા કેટલા છે ? કદાચ આનો જવાબ પણ પાંચ આંકડાનો હશે. આ આંકડો પણ પેલા Social Outputમાં સાદર સમર્પિત !

◈ જ્યાં સતત આકૃતિરૂપે પ્રભુ બિરાજમાન હોય છે.

◈ જ્યાં સતત ભર્યા ભર્યા હૃદયોમાંથી ભાવો ઠલવાતા હોય છે.

◈ જ્યાં સતત પ્રાર્થનાઓની ભાગીરથી વહેતી હોય છે.

◈ જ્યાં સતત શુભભાવોનું એક ભાવાવરણ જળવાયેલું હોય છે.

એવા મંદિરોની પણ એક પ્રભાવક ઊર્જા હોય છે.

તે સ્થળે આવનારને તેના સાત્ત્વિક Vibrationsનો અનુભવ થાય છે. તે સ્થળે આવનારના હૈયે કરૂણા-દયાના ભાવો સહજ રીતે પ્રગટે છે. તમે જોયું હશે કે લગભગ મંદિરોની બહાર ભિખારીઓની બેઠક અથવા ખાસ અવર-જવર હોય છે. **આવનારાઓની સંખ્યા તો મંદિરો કરતાં મલ્ટી પ્લેક્સ અને મોલ્સમાં ઘણી વધારે હોય છે પરંતુ આપનારાઓની સંખ્યા મંદિર પાસે જ વધારે મળશે આવો દૃઢવિશ્વાસ ભિખારીઓને પણ હોય છે.** માર્કેટ સ્કોપ ચકાસીને જ આગળ વધાય ને !

**પ્રશ્ન:** *આટલા બધા ફાયદાઓનું સરનામું હોવા છતા ઘણાના મનમાં મંદિરો-ધર્મસ્થાનો પ્રત્યે નેગેટિવ અપ્રોચ  થવાના કોઈ કારણો તો હશે ને ?*

**ઉત્તર** : આમ તો કોઈ પણ સ્થાન /વ્યક્તિ બીજાને નુકસાન પહોંચાડે ત્યારે તે અપ્રિય બને. લોક હૃદયમાં તે ડાઉનરેટેડ બને. પરંતુ અહીં વાત એમ છે કે વર્તમાન શિક્ષણ સંપૂર્ણપણે ધર્મનિરપેક્ષ છે. તેમાં જીવનની જરૂરિયાતોમાં ક્યાંય ઊંડે ઊંડે પણ ધર્મની જરૂરિયાત

જણાવવામાં આવતી નથી. ઊલ્ટું, ધર્મસ્થાનો, મંદિરો પ્રત્યે સૂગ ઊભી કરવા એવું ઠસાવવામાં આવે છે કે દુનિયાભરમાં થતાં વિભાજનો અને સંઘર્ષો ધર્મના કારણે થાય છે.

આજના મેનેજમેન્ટ ગુરુઓ પણ ઈન્ટલિજન્સ અને ઈમોશ્નલ ક્વૉશન્ટ કરતા સ્પિરિચ્યુઅલ ક્વોશન્ટને વધું જરૂરી ગણતા થયા છે. ધર્મસ્થાનો તેના પૂરક છે. પણ વર્તમાન શિક્ષણ અને પ્રચાર માધ્યમો તેના પર ફોકસ નથી કરતા. આ શિક્ષણથી કેળવાયેલા મગજવાળા કેટલાક લેખકોને ધર્મને અને ધર્મસ્થાનોને ગાળો ભાંડવાની ભારે ટેક હોય છે અને સહિષ્ણુ ધર્મીજનોને દુઃખ પહોંચાડીને તેમને આનંદ મળતો હોય છે. કેટલાક ધર્મના અસહિષ્ણુ અનુયાયીઓને ઉશ્કેરવાની હિંમત જો કે તેઓમાં નથી હોતી.

વારંવાર ધર્મને 'બિનવૈજ્ઞાનિક', ધર્મક્રિયાને 'દંભ', ધર્મગુરુને 'ભગવાનના એજન્ટ' કહીને વખોડી દેવાના આવા લોકોએ સોગંદ ખાધા હોય છે. ધર્મ, ધર્મગુરૂ, ધર્મસ્થાનો સામે લખવા પંકાયેલા એક નામાંકિત કટાર લેખકે પોતાના એક લેખમાં ત્યાં સુધી લખવાની હિંમત કરી હતી કે 'મારા આજના લખાણ થી જો કહેવાતા ધર્મીઓની ધાર્મિક લાગણીઓને થોડી પણ ઠેસ પહોંચે તો મારું લખાણ સફળ માનીશ.' અહીં લેખકની છીછરી માનસિકતા છતી થાય છે.

જોઇ ન શકનારાને નેત્રદાનથી દેખતો હજી કરી શકાય પણ જોવું જ ન હોય તેને દૃષ્ટિનું દાન કઇ રીતે થઇ શકે ? તેવા લોકો પ્રત્યે ઉદાસીન અને ઉપેક્ષા સિવાય ક્યો વિકલ્પ ?

સડો દરેક ક્ષેત્રમાં હોઇ શકે છે. તે સિવાયની સારી વિગતો પણ સેંકડો ગણી હોય છે જેને આવા લોકો જોવા માંગતા જ નથી.

દાયકાઓ પૂર્વે જ્યારે ભાખરાનંગલ ડેમ બંધાયો હતો ત્યારે

તત્કાલીન વડાપ્રધાન શ્રી નહેરુજીએ તેને આધુનિક ભારતના તીર્થસ્થાનો કહીને નવાજ્યો હતો. કોઈના મગજમાં આધુનિકતાની ધુન સવાર થાય ત્યારે કોઈ વિરાટ બંધને દેવાલયનો દરજ્જો આપી દે છે. સ્વચ્છતાની ધુનમાં ક્યારેક દેવાલય બિનજરૂરી અને શૌચાલય અગ્રેસર લાગવા માંડે છે.

એક વાત ચોક્કસ છે કે આધુનિક શિક્ષણ માણસના મગજમાં રહેલા પ્રાચીન મૂલ્યોના ખ્યાલને હડસેલો તો મારે જ છે અને માટે આવા વિધાનો થતા રહે છે.

શ્રદ્ધાળુ વર્ગ સહિષ્ણુ હોય છે કાયર નથી હોતો. નહેરુજીના તત્કાલીન વિધાન સામે પણ ઉગ્ર પડઘા પડ્યા હતા. વળતો જવાબ ડેરિલ ડિમોન્ટે આપ્યો હતો. પછી તે એક પુસ્તક રૂપે પણ પ્રકાશિત થયો હતો જેનું નામ હતું 'Temples or Tombs ?' (તીર્થસ્થાન કે કબ્રસ્થાન ?) વિકાસની ના ન હોઈ શકે જ્યારે તે સર્વાંગીણ અને સાપેક્ષ હોય. વિકાસની ધુનમાં કુદરત, કુદરતી સ્રોતો અને કુદરતી આબોહવાનુ જ્યારે આવી બને ત્યારે તેને બહુ 'ચગાવાય' નહીં જ.

કુદરતી પરિબળો - પર્યાવરણ વગેરેને ડિસ્ટર્બ કર્યા વગર લાકોને સાચવતું નોન પોલ્યુટિંગ ઈન્ડસ્ટ્રીયલ યુનિટ એટલે મંદિર એમ ચોક્કસ કહી શકો. બાકી માનવજાતને પોતાની આસ્થા, શ્રદ્ધા, ભક્તિના ભાવોને સંતોષવાનું આ એક ઉત્તમ પ્લેટફોર્મ છે. આ બધું લક્ષ્યમાં લીધા વગર આધુનિક શિક્ષણ, કેટલાક લેખકો, મીડિયા ધર્મસ્થાનો પ્રત્યે લોકોને અણગમો ઊભો થાય અને તે બિનજરૂરી લાગવા માંડે તે રીતે સક્રિય હોય છે.

આજની વિચિત્રતા એ છે કે માનવમનની વિકૃત ઇચ્છાઓને સંતોષી શકે તેવી સગવડ ઊભી થાય તેને વિકાસ કહેવાય છે. માનવ મનની સંસ્કૃત ભાવનાઓને પોષતી વ્યવસ્થાને ઠેબે ચડાવાય છે.

સત્તા સાથે Secularism ભેળવીને શિક્ષણમાંથી મંદિર અને શ્રદ્ધાતત્ત્વને કાઢીને છેવટે તો માણસના મનમાંથી આ ઉત્તમ તત્ત્વોની મહત્તા ઘટાડવાની એક સુનિયોજિત યોજનાના ભાગ રૂપે આ ખેલ વર્ષોથી ચાલે છે. પરિણામે માણસ ટેમ્પલમાંથી ટેમ્પલરનમાં જતો રહ્યો છે.

માણસ પાસે હૃદય છે પણ હૃદય પાસે માણસ રહ્યો નથી. તે બુદ્ધિના કબ્જામાં ચાલ્યો ગયો છે તેથી હૃદયના પદાર્થોને પણ બુદ્ધિગમ્ય રીતે ઠસાવવા પડે છે. એ માટેનો આ નાનકડો પ્રયાસ છે.

બાકી ભક્તિનું ઉગ્ર અને ઉચ્ચ વાયુમંડળ જ્યાં સર્જાય છે તેવા દેરાસરનું બિનભૌતિક મૂલ્યાંકન કરવું એ ગજવાના ગજા બહારનું છે.

## ૩

મંદિર આવે એટલે સમર્પણ આવે જ.

મંદિરો, દેરાસરોમાં પ્રક્ષાલમાં વપરાતું દૂધ

એક રીતે તો એક નિર્જીવ વસ્તુ પરથી નિરર્થક રીતે

વહી જાય છે. શું આને વેડફાટ ન કહેવાય?

જીવતા જાગતા કેટલાય ગરીબોને ટીપું દૂધ

કે મુઠીભર અનાજ મળતું ન હોય તેવા કપરા સમયમાં

દેરાસરોમાં થતા પ્રક્ષાલ કે પાટલા પર થતા સાથિયા

કેટલા અંશે ઉચિત છે?

ભગવાન તો ભાવના ભૂખ્યા છે.

જેમને એક ટીપાની, એક કણિયાની કે એક દાણાની ય

જરૂર નથી તેમને વગર જરૂરનું અને માપ વગરનું

ધરી દેવું એને વ્યાજબી કઈ રીતે ગણવું?

આના બદલે આ જ બધી વસ્તુઓ જરૂરિયાત મંદને

આપવી એ વ્યાજબી ન ગણાય?

ગરીબોની ચિંતા કે કાળજીનો નિષેધ ન જ હોઈ શકે પણ ગરીબોને સસ્તાભાવે દૂધ મળતું નથી આ દુ:ખદ હકીકતનું મૂળ ક્યાં છે એ તપાસવું જરૂરી છે. ચોકલેટ, કેડબરીઝ અને દૂધની અન્ય બનાવટો માટેની જંગી ઇન્ડસ્ટ્રીઝ લાખો બાળકોનું દૂધ કોર્નર કરી લે છે. દૂધ એ દૈનિક જરૂરીયાત છે. ચોકલેટ્સ કે કેડબરીઝ જેવી લક્ઝરી આઇટમ પાછળ ગરીબોનું દૂધ તણાઇ જાય છે. શ્રીમંતોની Luxurious Requirement ખાતર સમાજના નબળા વર્ગની Primary Necessities, તેમની પહોંચ બહાર બની જાય છે.

દૂધના ભાવો નીચે ન આવી જાય તે માટે હજારો લિટર દૂધ દરિયાભેગું, ગટરભેગું કરી દેવાય છે પણ સસ્તાભાવે ગરીબો સુધી પહોંચતું નથી.

કોઇ એક દેશ વર્ષે ૩,૬૦,૦૦૦ ટન દૂધ ઢોળી દે છે ત્યારે વૈજ્ઞાનિક તારવણી મુજબ એક લાખ ટન કાર્બન ડાયોક્સાઇડ વાતાવરણમાં ઉમેરાય એટલું પર્યાવરણીય નુકસાન થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ નુકસાન વીસ હજાર ગાડીઓના ધૂમાડાથી થઈ શકે તેટલું મોટું ગણી શકાય. દેશમાં અને દુનિયામાં ખૂણે ખૂણે થતાં આવા Avoidable Waste (નિવાર્ય નુકસાન) ને ટાર્ગેટ કરવાને બદલે કોઇ નાનકડા કળશથી થતા પ્રભુના પ્રક્ષાલ પર નજર નાખે તેમાં તટસ્થતા ઓછી અને પૂર્વગ્રહ વધુ લાગે.

ગરીબોને ખાવા અનાજનો દાણો મળતો નથી તેવા સમયમાં ભગવાનને ચોખા, ફળ કે મિઠાઇ ધરવા સામે જે પ્રશ્ન ઊઠે છે એમાં પણ આ જ લાઇન પર જવાબ મળે છે. દુનિયામાં અત્યારે એક High Profile Wastage Culture ચાલી રહ્યું છે. દુનિયાની વાત તો પછી કરીએ પણ માત્ર ભારતદેશમાં વર્ષભરમાં થતો Food Waste અંદાજે ૩,૫૭,૦૦૦ કરોડની કિંમતને આંબી જાય છે. માત્ર મુંબઈ શહેરમાં

રોજના (હા, રોજના) ૯.૨ લાખ કિલોગ્રામ જેટલા શાકભાજી-ફ્રુટ્સ વેડફાય છે, જે કોઈના પણ પેટમાં જતાં નથી.

બેંગ્લોર સ્થિત યુનિવર્સિટી ઓફ અગ્રિકલ્ચરલ સાયન્સ (યુ. એ. એસ.) ના એક રિપોર્ટ પ્રમાણે બેંગ્લોર જેવા પોશ શહેરના શહેરી કલ્ચર (!) માં વણાઈ ગયેલા વેસ્ટેજના આંકડાં આંખો પહોળી કરી દેનારા છે. બેંગ્લોરમાં ૫૩૧ મેરેજ હોલ છે, જેમાં એક વર્ષમાં અંદાજે ૮૪,૯૬૦ લગ્નસમારંભો થયા. તે લગ્નસમારંભોના જમણવારોમાં હાઈક્વોલિટી રિચ ફુડ જે ફેંકી દેવાયો તે ૯૪૩ ટન જેટલો હતો. આ વાર્ષિક ભવ્ય વેડફાટની કિંમત ૩૩૯ કરોડ રૂપિયા આંકવામાં આવી. એવરેજ ૪૦ રૂપિયાની થાળી ગણી લઈએ તો અઢી કરોડથી વધુ લોકોનું એક ટંક નું ભોજન ગયુ સીધું ગટરમાં !

આવા વેડફાટ સામે કોઈ લાલ આંખ કરતું નથી, ટકોર કરતું નથી, કડક કાર્યવાહી થતી નથી, તેને નિવારવા અંગે કોઈ નક્કર પગલાં પણ લેવાતા નથી અને માત્ર મંદિરના પાટલા પર પડેલા ચપટી ચોખા ને મોહનથાળના બટકામાં જેને વેડફાટ દેખાય તેને આસ્તિક તો ન જ કહેવાય, નાસ્તિક પણ ન કહેવાય. તેને વિકૃત નાસ્તિક કહેવાય.

દુનિયામાં નજર નાંખશો તો જ્યાંથી આ વેડફાટ કલ્ચર આપણે ત્યાં આવ્યું છે ત્યાં પશ્ચિમી દેશોમાં ખાદ્યપદાર્થોના વિકૃત વેડફાટ માટેના સ્પેશ્યલ ફેસ્ટિવલ હોય છે. ક્યાંક ટોમેટિનો ફેસ્ટિવલમાં હજારો ટન ટામેટા એકબીજા પર ફેંકીને વેડફાય છે. ક્યાંક લાખો ટન દૂધમાંથી બનતી ટનબંધ ચોકલેટ એકબીજાના શરીરે ચોપડીને વેડફી દેવાય છે. લાખો લોકોના ભૂખ્યા પેટ જાણ્યા પછી પણ આવા પ્રકારના આનંદમાં કઈ હદની અમાનવીય માનસિકતા અને રાક્ષસી ભોગરસિકતા કામ કરતી હશે ?

આવી જ આઈસ બકેટની રમતોમાં લોકો બાલદીઓ ભરી ભરીને ઠંડુગાર પાણી રેડે છે, આને 'આપણો અભિષેક' કહીશું? સ્નાન કહીશું? કે માનવીય સભ્યતાઓનું ઠંડે પાણીએ નાહીં નાંખવાનું કહીશું? વાત વાતમાં ધાર્મિક વિધિવિધાનો, પરંપરાઓ સામે બુદ્ધિનો ચીપીયો પછાડતા લોકોને ખરેખર ધર્મ સામે વાંધો ન હોય અને વેડફાટ સામે જ પ્રશ્ન હોય તો તેમને ખરુ પ્લેટફોર્મ તો અહીં મળે છે.

આખી દુનિયાની વાત મૂકો બાજુ પર ! આ દેશમાં પરસેવો પાડીને ખેડુતો દ્વારા ઉગાડવામાં આવેલાં અનાજનું શું થાય છે? વર્ષે હજારો, લાખો ટન અનાજ સ્ટોરેજ વ્યવસ્થાના અભાવે સડી જાય છે. આ તથ્ય દેશમાં દાયકોઓથી જળવાયેલું રહે છે. દેશના વિકાસ કાર્યક્રમમાં સૌથી અગ્રક્રમે શું હોય? બુદ્ધિમાનો વિચારે તો ઘણું !

આ વાત લખી રહ્યો છું ત્યારે તાજેતરમાં દેશમાં તુવેરદાળના ભાવો ભડકે બળે છે. અંદાજે ૨૨૫ રૂપિયે કિલો. બીજી બાજુ અખબારોમાં રોજ બે-ત્રણ-ચાર સ્થળે કરોડોની કિંમતના હજારો ટન દાળના જથ્થા પકડાયાના સમાચારો છપાતા રહે છે. આ વાંચીને મોંઢામાંથી શબ્દો સરી પડે છે : OMG!

વેડફાટ, કાળાબજાર અને શોષણનો ત્રિકોણ બહુ ઘટ્ટ છે. તેને ભેદીને કોઇ અંદર જઇ શકે અને ગરીબોનું વિચારી શકે એ સમયની (ઘણા સમયથી) માંગ છે.

**આપણું મૂળ કલ્ચર વેડફાટને ક્યાંય સ્થાન આપે એવું નથી. વધેલી રોટલીમાંથી કડક ખાખરા બનાવીને નાસ્તામાં વાપરી લેવાની કુનેહ જેની પાસે હોય, બપોરે વધેલા ભાતમાંથી સાંજની થાળીમાં વઘારેલાં ભાત આવી જતા હોય આવા રિસોર્સ રિસ્પેક્ટિંગ કલ્ચરને આપણે વરેલા છીએ. જૈનોમાં તો જમ્યા પછી થાળી ધોઇને પાણી પી જવાની પરંપરા છે. ભોગ સાથે સંયમ અને વિવેકનું આમાં દર્શન થાય**

છે. કેળું ખાઈને છાલ બકરી કે ગાયને ખવડાવવાની પ્રથા આપણે ભલે ગુમાવી બેઠા છીએ પણ તે પુરવાર કરે છે કે આપણા ભોગમાં પણ માનવતા ભળેલી હતી પછી આપણી ભક્તિમાંથી અમાનવતા ક્યાંથી નીતરે ? છતાં આજે આપણા વર્ગમાં પણ સૌશ્યલ પ્રસંગોમાં આ વેડફાટ કલ્ચર પ્રસરી ગયું છે. તે વાત ચોક્કસ સુધારવી રહી.

વિશ્વમાં ચારેબાજુ વકરી રહેલો વેડફાટના વ્યાધિ અંગે FAO (Food and Agriculture Organization) એ કરેલી ચિંતા વાંચી છે ?

- વૈશ્વિક વાર્ષિક ખોરાકમાંથી એક તૃતીયાંશ વેડફાય છે.
- વૈશ્વિક વાર્ષિક ખોરાકી વેડફાટ અંદાજે કરોડો માણસોને જમાડી શકાય એટલો છે અને તે પણ રિસોર્સ પર વધારાનો કોઈ બોજ નાંખ્યા વગર !
- રાંધેલો અને પછી નહીં ખવાયેલો ભોજન વેડફાટ વાર્ષિક ૩૩૦ કરોડ ટન વિનાશક ગ્રીનહાઉસ ગેસ વાતાવરણમાં ઉમેરે છે.
- ઉત્પાદન પામેલો અને કોઈનો કોળિયો ન બની શકેલો ખોરાક દુનિયાની ખેતીલાયક જમીનનો ૩૦ ટકા હિસ્સો (એટલે કે ૧૪૦ કરોડ હેક્ટર) રોકી લે છે.
- ઉત્પાદન પામેલા પણ કોઈની તૃપ્તિનું કારણ ન બની શકનારા બિચ્ચારા કોળિયાઓના ઉત્પાદન, રાંધણ વગેરે પાછળ વપરાયેલો (આમ તો વેડફાયેલો) પાણીનો જથ્થો રશિયાની વિરાટ વોલ્ગા નદી જેટલો કે પછી જિનિવા લેકના જળજથ્થાથી પણ ત્રણ ગણો છે.

મંદિરના પાટલે થયેલા સમર્પણ સામે મોં મચકોડનારા પાસે ભાગ્યે જ આ માહિતી હશે. FAO ના વડા આ વૈશ્વિક વેડફાટ પાછળના મુખ્ય કારણ તરીકે સ્પષ્ટ કહે છે: ''ઉભરતા દેશોના ઉચ્ચ મધ્યમ અને શ્રીમંત લોકોના મનમાં વકરી રહેલો અતિભોગવાદ''

લોકસભાની ૨૦૧૩ ની ચુંટણી પૂર્વે યુપીએ સરકારે ભૂખ્યા જન ની ભુખ ભાંગવાની બ્યુગલો ફૂંકીને ફુડ સિક્યોરિટી બિલ પાસ કરી દીધું ! **જે દેશના વેડફાયેલા અનાજનો આંકડો ૧૭,૫૪૬ ટન હોય તે દેશને ફુડ સિક્યોરિટીની જરૂર છે, ફુડ સિક્યોરિટી બિલની નહીં.** દૈનિક ૨૫૦ ગ્રામ માથાદીઠ સરેરાશ ખોરાક ગણી લઇએ તો આ સાત કરોડ માણસોના ભોજનનો ભવ્ય વેડફાટ હતો.

આ ભારત દેશ છે. જ્યાં અગાઉની સરકારે પૂરા ૭૫,૩૬૬ કરોડ રૂપિયા ફુડ સબસિડી પાછળ ખર્ચ્યા છે. (આ પૈસા કોના ? મોંઘાદાટ ભાવે અનાજ ખરીદતી પ્રજાના.) પણ અનાજની યોગ્ય જાળવણી, વહેંચણી માટે કોઇ પગલાં લેવાયા નથી.

આજના અતિભપકાદાર લગ્ન સમારંભો, જ્યાં ૨૫૦ થી ૩૦૦ વાનગીઓ અલગ અલગ કાઉન્ટરોના નામે સર્વ થાય છે તે બધી ચાખવાનો સમય અને પચાવવાની હોજરી કોની પાસે છે ? પ્રદર્શનથી પ્રારંભીને વેડફાટમાં પરિણમતા આ જલસાઓ સામે કોઇ અક્ષર ઉચ્ચારશે ખરું ? ધ્યાન રહે, અહીં રજુ કરેલી વિગતો, આંકડાઓ કોઇ કલ્પનાતરંગો નથી. પરંતુ જાહેર થયેલા રિપોર્ટ્સના આધારે છે.

જર્મની ગયેલા એક ભારતીયને દિલધડક અનુભવ થયેલો. તેના જર્મન સાથીએ તેના માટે રેસ્ટોરન્ટમાં વેલકમ પાર્ટી રાખી હતી. સર્વ થયેલી પ્લેટ્સમાં સારું એવું એંઠુ મૂકીને ભાઇ ઊભા થાય છે ત્યાં તો તેમણે 'પડતા મૂકેલા' ખોરાક તરફ તેમનું ધ્યાન દોરવામાં આવ્યું. ઘમંડમાં ભાઇએ કહી દીધું: "We Have Paid for What We Ordered. That's it!"

વાત પતી નહીં! સોશ્યલ સિક્યોરિટી અંગેના એક કડક ઓફિસર અચાનક પ્રગટ થયા. ૫૦ માર્કનો દંડ ભરવા કહ્યું અને એક ચિંતનીય વાક્ય સંભળાવ્યુ: "ખાઇ શકો એટલું જ મંગાવો. પૈસા તમારા હશે, રિસોર્સિસ બધાના છે." છેવટે તેમણે જતા જતા કહ્યું :

''Remember, Waste is Violence'' આપણા હૃદયને આ અડે તો પેલો વેડફાટ નડે ! પડતા મૂકેલા ખોરાકમાં માત્ર અન્નનો વેડફાટ નથી પણ તેટલા પ્રમાણમાં કુદરતી પરિબળો, સમય, શ્રમ અને સંપત્તિ દરેકનો વેડફાટ છે.

જેમકે એક લિટર દૂધ તૈયાર કરવામાં ૧૦૦૦લિટર પાણી જોઈએ છે. આ જાણ્યા પછી અડધો કપ દૂધ એંઠુ મૂકીને ઊભા થતા પહેલા વિચાર તો આવે ને !

આભાર માની લઈએ ફરીથી પેલા મંદિરના પાટલે ચડેલા ચપટી ચોખાનો ! એ ચપટી ચોખામાં વેડફાટ જોનારા કો'કના કારણે આ વિચારની ચપટી ધૂળ ઊડી જે વિચારનું વાવાઝોડુ બનીને કંઈક નક્કર પરિણામ લાવે.

કબુલ કે ભગવાનને ફળ, નૈવેદ્ય કે દૂધની કોઈ જરૂર નથી પણ દુનિયામાં થતી બધી લેવડ દેવડ જરૂરિયાતના માપદંડથી મૂલવી શકાતી નથી.

એનિવર્સરીના દિવસે પતિ દ્વારા પત્નીને અપાતો નવો ડ્રેસ એ કોઈ જરૂરિયાતનો પ્રતિભાવ નથી, લાગણીની અભિવ્યક્તિ ગણાય છે. ફ્રેન્ડશિપ અને વેલેન્ટાઈન શબ્દ કરોડો કાર્ડ અને બેન્ડની લેવડ-દેવડ કરાવી દે છે. અહીં જરૂરિયાત તપાસવા જેવું કોને લાગે છે ? 'Sharing, Caring, Loving' જેવા શબ્દોના આવરણ નીચે દુનિયામાં મસમોટા વહીવટો થતા રહે છે. જ્યા છાંટો જરૂરિયાત પણ હોતી નથી.

લગ્નના જમણવારોમાં કરોડો રૂપિયાનું સ્વજનોને જમાડવામાં આવે છે, ગરીબોને નહી ! જો જરૂરિયાત પ્રમાણે પીરસવામાં આવે તો કમંડળ કઈ દિશા પકડે ? આ બધા પરથી એક વાત ચોક્કસ થાય છે કે આપવાનું માત્ર જરૂરિયાતના બેકગ્રાઉન્ડ પર

નથી હોતું, લાગણીનું પણ બહુ મોટું પીઠબળ અહીં ભાગ ભજવે છે.

Act of Devotion અને Act of Compassion નો ખીચડો કદી ન થઇ શકે. સ્વજનો-મિત્રો કે પ્રેમના પાત્રો પર ઊભરાતો સ્નેહ જેમ ઘણું બધું આપી - અપાવી શકે છે તેમ ભક્તિ એ પણ લાગણીનો એક પ્રકાર વિશેષ છે. જેને ભગવાન પ્રત્યે શ્રદ્ધા - ભક્તિ છે તે કાંઇ પણ અર્પણ કરે તેને ગમે તેના નહીં, પરંતુ તેના પોતાના દૃષ્ટિકોણથી મૂલવીએ તે જ ઉચિત છે. જવાબથી સંતોષ થાય તો વિચારોની સ્પષ્ટતા થશે એટલેથી ન અટકતા ચાલો, કેટલાક નક્કર પગલા પણ ભરીએ વેડફાટની વિરુદ્ધમાં !એક નાની પંચશિક્ષાને અમલમાં મૂકો.

(૧) પગલું ભરો : બિનજરૂરી દેખાડાથી બચવા તરફ.

(૨) એઠું ન મૂકો : શક્ય બને તો થાળી ધોઇને પીવાનું રાખો.

(૩) વસ્તુનો પૂરો વપરાશ કરો.

(૪) વધારાને વધેરો નહી : ક્યારેક કોઇ ચીજ વધી છે તો તેનો યોગ્ય રીતે જરૂરી સ્થળે વિનિયોગ કરો. કાંદીવલીના રહેવાસી એક ભાઇ આ અંગે ઉદાહરણીય કાર્ય કરી રહ્યા છે. કોઇ સામાજિક કે ધાર્મિક પ્રસંગે જમણવારમાં વસ્તુ વધે કે તે પોતાનો માણસ, ટેમ્પો લઇ સ્વખર્ચે અને એક-બે કલાક ખર્ચીને ગરીબોના પેટ સુધી બધુ પહોંચતું કરે છે. તેમના અંદાજ પ્રમાણે લગભગ દર વર્ષે પંદરથી વીસ હજાર ગરીબોના પેટમાં એક ટંકનું ભોજન પહોંચાડવાનો આનંદ તે લે છે. આવું દરેક આયોજનમાં કોઇ ધ્યાન રાખી શકે.

(૫) ડિસ્પોઝેબલ છોડો : ટકાઉ વસ્તુ મળે તો તે જ વાપરો Durable ના સ્થાને Disposable આવતું થયું છે. આ Disposable Culture પોતે જ Disposable છે.

## ૪

ભગવાન એ ભગવાન જ છે.

માની લઈએ કે કોઈને

તેમની પાછળ સર્વસ્વ આપવાનું મન થયું.

પણ આજનું પાગલપન તો જુઓ!

આ પાગલપન ભગવાન પાછળ નથી.

પત્થરની મૂર્તિ પાછળ છે.

આપણે ધરેલા ફળ-નૈવેદ્ય શું ભગવાન લેશે?

આવી પૂજા પદ્ધતિ પાછળ શું લોજિક છે?

ગાયના પૂતળાને કોઈ ઘાસ આપતું નથી.

કારણ કે ગાયનું પૂતળું દોહવાથી દૂધ મળતું નથી.

માણસ એક સંવેદનશીલ પ્રાણી છે. તે લાગણીઓને ગ્રહણ પણ કરે છે અને લાગણીઓને વ્યક્ત પણ કરે છે. વ્યક્તિને મળીને અથવા વ્યક્તિનો સંપર્ક કરીને અને ક્યારેક તો વ્યક્તિને મનોમન યાદ કરીને પણ તે પોતાની લાગણીઓ ઉતારે છે.

કોઈપણ વ્યક્તિ પ્રત્યે સારી અથવા નરસી કોઈ પણ પ્રકારની લાગણી ઉતારવી હોય અને ધારો કે તે વ્યક્તિ ગેરહાજર છે ત્યારે તે વ્યક્તિની આકૃતિ કે પ્રતિકૃતિ કે એવી અન્ય કોઈ ચીજનો આશ્રય લેવાય છે.

- સ્વર્ગસ્થ વડીલના ફોટાને હારતોરા અને પ્રણામ શા માટે થાય છે ?
- મનગમતા ક્રિકેટરના ફોટા ઘરની દિવાલ પર શા માટે ટિંગાડવામાં આવે છે ?
- કોર્ટ કચેરી, સરકારી સ્થાનકો કે સ્કૂલમાં રાષ્ટ્રપિતા ગાંધીજી, શહીદ ભગતસિંહ, સુભાષ બાબુ કે નેહરુજીના ફોટા, બાવલા કે બીજી રીતના પ્રતિકો શા માટે મૂકવામાં આવે છે ?
- દશેરાના દિવસે રાવણના પૂતળા બનાવીને તેનું દહન શા માટે કરવામાં આવે છે ?

થોડા વરસ પૂર્વે મુંબઈના એક પરા વિસ્તારમાં બાબાસાહેબ આંબેડકરના પૂતળાને કોઈ દુષ્ટ માણસે ચપ્પલનો હાર પહેરાવી દીધો હતો. પરિણામે રમખાણો સર્જાયા અને મહાનગરે સજ્જડ બંધ પાળવો પડ્યો. એક પૂતળાની તાકાત કેટલી ? બે ચપ્પલથી મુંબઈ બંધ જેટલી !

એક લૌકિક નેતાના પૂતળાનું અવમૂલ્યન જો તોફાન સર્જી શકે તો લોકોત્તર તીર્થંકરની પ્રતિમાજીનું પૂજન કોઈ વિશિષ્ટ લાભ કેમ ન કરાવી શકે ?

ગાયના પૂતળાને કોઈ ઘાસ નીરે નહીં અને પૂતળાની ગાયને કોઈ દોહવે નહી તે વાત સાચી પણ ગાયના ઉપાસક તેને પણ પગે

લાગે જ. પોતાના મોબાઈલના ડિસ્પ્લે પિક્ચરથી માણસ સંતોષ અને આનંદ મેળવે છે. મનગમતા માણસો, પ્રસંગો અને દૃશ્યોને કેમેરાની ક્લિકથી કેદ કરી લે છે. આ બધુ સાવ નિરર્થક તો ન જ હોઈ શકે ને ?

વિહાર દરમ્યાન એક સ્કૂલમાં ઉતારો હતો, ત્યાં એક ગજબનું દૃશ્ય જોયેલું હજી યાદ છે. સ્કૂલમાં લટકતા ચાર્ટમાં રહેલા કલરફુલ ફૂલોના સુગંધ હીન ચિત્રોની આસપાસ ભમરા વારંવાર આવતા જતા હતા.

જેમનો એકનો એક દીકરો અકાળે અવસાન પામ્યો હોય તેવી કોઈ વ્હાલસોયી મમ્મીને પૂછો કે તેમને મન તેમના દીકરાની તસવીરની કિંમત શું છે ? દીકરા પ્રત્યેની અફાટ લાગણીઓ ઉતારવાનું એમની પાસે બીજુ કયું સાધન હોય ? ટીકી ટીકીને દીકરાની તસવીરને જોયા કરવાથી તેમને શું મળે છે અને તે તસવીર ગુમ થઈ જાય ત્યારે તેમના પર શું વીતે છે ?

સાયન્સની ટેક્સ્ટ બુક્સમાં રહેલા ડાયેગ્રામ્સમાં સાચું હૃદય નથી અને ભૂગોળની ટેક્સ્ટ બુક્સમાં રહેલા નકશાઓમાં ક્યાંય સાચા શહેર કે રસ્તા નથી છતા હૃદયને સમજવામાં અને રસ્તાઓ પરખવામાં તે ઉપયોગી બને છે માણસને માટે જીપીએસ કેવી સરળતા કરી આપે છે તે બધા જાણે છે.

પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડીયામાં આવતી કલરફુલ વિજ્ઞાપનોમાં દેખાતી પરફ્યૂમની બૉટલો સાચી ન હોવા છતાં લોકહૃદયમાં તે પ્રોડક્ટ પ્રત્યેની ગજબની લાગણી જન્માવી શકે છે Master Chef, ખાના ખજાના જેવા Cooking Shows માં દેખાતી વાનગી સાચી ન હોવા છતા મોઢામાં પાણી લાવવા સમર્થ છે.

- હોરર ફિલ્મના ભૂતપ્રેત અસલી ન હોવા છતાં ભય જન્માવી શકે છે.
- રોમેન્ટિક દૃશ્યોના પાત્રો અસલી ન હોવા છતાં રાગ જન્માવી શકે છે.

- મારધાડના Exciting દશ્યો અસલી ન હોવા છતાં ખુન્નસ જન્માવી શકે છે.
- પિક્ચરના વલ્ગર પોસ્ટર જો માણસને મુવી સુધી ખેંચી શકે છે અને મૂવીમાં એક્ટરને જોયા બાદ તેને મળવાના ભાવ સુધી પહોંચાડી શકે છે તો ભગવાનની મૂર્તિની અસરકારકતા માટે પ્રશ્નો ઊઠાવવા વ્યર્થ છે.

વાસ્તવમાં મૂર્તિપૂજા એ મૂર્ત (સાકાર) માંથી અમૂર્ત (નિરાકાર) માં જવાનો એક Process છે. તેને સમજી લીધા પછી એ બધા પ્રશ્નો શાંત થઈ જશે આપણી ઈન્દ્રિયો સતત કોઈને કોઈ વિષયમાં પ્રવૃત્ત રહે છે. પ્રતિમાલંબન મળવાથી નબળું આલંબન છૂટી ગયાનો મોટો લાભ થાય છે. પ્રતિમા તરફ જોનારો સાધક પ્રભુના મુખકમલમાં લયલીન બની જાય છે. મુખારવિંદ પર રહેલી બે આંખોમાં તે ખોવાઈ જાય છે. આંખોની કીકીમાં તે વીતરાગતા જુવે છે આમ સાકાર પ્રતિમાના આલંબને છેક નિરાકાર વીતરાગતા તરફ પહોંચાય છે. સામાન્ય માનવીનું મન સીધું નિરાકારમાં જતું નથી; સાકાર વગર તે સ્થિર થઈ શક્તું નથી. મીઠાશ નિરાકાર છે, પણ તેને મેળવવા માટે સાકાર એવી સાકરને જ પકડવી પડે છે. નિરાકાર સુગંધને મેળવવા માટે સાકાર એવા ફૂલનો આશ્રય કરવો પડે છે.

મંદિરની મૂર્તિને ઘરની બારી સાથે સરખાવી શકાય. ઘરની બારી તો સાકાર હોય છે કારણ કે ઘરને આકાર છે. પરંતુ તે સાકાર બારીમાંથી કોઈ આકાશમાં દૃષ્ટિ કરે ત્યારે તે વ્યક્તિનો પ્રવેશ નિરાકારમાં થઈ જાય છે અને બારી તેમાં નિમિત્ત બને. જો સીધું જ કોઈને કહેવામાં આવે કે બારીમાંથી નિરાકારનું દર્શન થાય છે તો કદાચ કહેનારો પાગલ ગણાશે. કારણ કે સામે સીધો જ તર્ક ઊભો થાય કે આટલી નાની બારીમાંથી નિરાકારનું દર્શન કેવી રીતે થાય ? જે દર્શન એ બારીમાંથી થાય તે બારી થી વધારે મોટું તો ન જ હોઈ શકે.

બારીની બહાર દષ્ટિપાત નહીં કરનારાને સમજાવવો મુશ્કેલ પડે કે નાનકડી બારી પણ નિરાકાર આકાશમાં ખુલી શકે છે. બારી જે દશ્ય પર ખુલે છે તેને બારીનું કોઈ બંધન નથી. મૂર્તિનું કોઈ બંધન અમૂર્તને નથી. મૂર્તિ તો માત્ર અમૂર્તની ઝાંખી કરવા માટેનું દ્વાર છે. બીજા શબ્દોમાં કહીએ તો મૂર્તિ એક સેતુ છે જેને એક છેડે સાકારતા છે અને બીજા છેડે નિરાકારતા. આ વાતથી સમજાય છે કે મૂર્તિપૂજા એ માત્ર જડ ક્રિયાકાંડ નથી પરંતુ મૂર્તિના માધ્યમે અમૂર્ત તરફ પહોંચાડતી એક માનસશાસ્ત્રસિદ્ધ તર્કબદ્ધ પ્રક્રિયા છે.

મૂર્તિપૂજાનું આ મહત્ત્વ ધ્યાનમાં આવે તો ધૂપ-દીપ-પ્રાર્થના-સ્તવના કે અંગરચનાને બાહ્યાડંબર માત્ર કે ભગવાનની ખુશામત ન કહેતા આપણા મનને સ્થિર કરવાની પ્રક્રિયાના એક ભાગરૂપ કહેવું પડશે. આજના કાળમાં તો મનોવિશ્લેષણવાદે મૂર્તિપૂજા (Idol Worship) ને સત્ય અને આવશ્યક ઠેરવવામાં અનાયાસે જ ઘણો મોટો ફાળો આપી દીધો છે.

શરીરમાં ફરતા લોહીના જેમ ઘટક તત્ત્વો હોય છે, હાડકાના જેમ ઘટક તત્ત્વો હોય છે તેમ સક્રિય મગજના પણ ઘટકતત્ત્વો હોય છે. શ્રદ્ધા તેનું એક ઘટક છે. પ્રતિમાજીમાં માત્ર પત્થર તેને દેખાય છે જેનામાં શ્રદ્ધા તત્ત્વની ઉણપ હોય.

પ્રેમી પંખીડા પોતાના મોબાઈલની ફોટા ગેલેરીમાં સંગૃહીત તસવીરોને રસપૂર્વક જોતી વખતે જાણે પિયુમિલનનો આનંદ મેળવી શકતા હોય તો પછી પ્રભુની પ્રતિમા સામે થતી ભક્તિને 'પ્રભુમિલન' કહેતા કોણ અચકાશે ? મૂર્તિમાં પત્થરના નહીં પણ વ્યક્તિના દર્શન થાય પછી જે કાંઈ પણ સમર્પણ થાય છે તે વ્યક્તિને સમજી ને થાય છે.

કોઈ નાસ્તિકને મૂર્તિમાં પત્થર દેખાય છે. OMG પિક્ચરમાં

કલાકાર મૂર્તિને 'પૂતળા' અને 'ખિલૌના' જેવા શબ્દોથી નવાજે છે. રૂપેરી પડદેથી આગળ વધીને મેમ્બર ઓફ પાર્લામેન્ટ બની ગયેલા એ મહાનુભાવને જાહેર સવાલ પૂછાવો જોઈએ કે શ્રીનરેન્દ્રભાઈ મોદીની ઈચ્છા અને પ્રેરણાથી આકાર લઈ રહેલ શ્રી વલ્લભભાઈ પટેલની (સ્ટેચ્યુ ઑફ યુનિટી) ટનબંધ વજન ધરાવતી પ્રતિમાના સંદર્ભમાં આવો કોઈ શબ્દ ઉચ્ચારવાની હિંમત ખરી? જોતા આવડે તેના માટે મૂર્તિ એ પૂતળું નથી, પ્રેરણા છે. ભલે તે વ્યક્તિ ન લાગે તેની સામે ભાવોની અભિવ્યક્તિ થઈ શકે છે. મૂર્તિ જીવંત નથી હોતી, શ્રદ્ધા જીવંત હોય છે અને જીવંત શ્રદ્ધા, જીવંત ભગવાનથી પણ વધુ અસરકારી બની શકે છે.

- મંથરા અને કૈકેયીને જીવંત રામ મળ્યા હતા, ફળ્યા ન હોતા.
- તુલસીદાસ કે કબીરને રામનું નામ મળ્યું અને ફળ્યું પણ ખરું.
- કંસને જીવંત કૃષ્ણ મળ્યા હતા, ફળ્યા નહોતા.
- મીરાને કૃષ્ણની આકૃતિ મળતા આખી પ્રકૃતિ બદલાઈ ગઈ.

શ્રદ્ધા એક મહામૂલી જણસ છે, જે કેટલાક બુદ્ધિવાદીને ન પરવડે એ બની શકે પણ પ્રતિકૃતિ કે આકૃતિ એ વ્યક્તિની ગરજ સારે છે. (વ્યક્તિની ગેરહાજરીમાં તો ખાસ) એ વાત નિશ્ચિત છે. એટલે વ્યક્તિની ગેરહાજરીમાં તે વ્યક્તિ પ્રત્યેના સારા કે નરસા ભાવોને ઉતારવાનું સાધન આકૃતિ કે પ્રતિકૃતિ જ બને. માણસ શ્રદ્ધાશૂન્ય બની શકે પણ સંવેદનશૂન્ય ક્યારે ય બની નહીં શકે એટલે આ સત્ય હંમેશા આ રીતે પૂરવાર થશે જ થશે.

## ૫

આજકાલ ધર્મસ્થાનોમાં પૈસાની બોલબાલા

બહુ વધી ગઈ છે એવું લાગે છે.

વાત વાતમાં ઉછામણી-ચડાવાની સિસ્ટમના કારણે જાણે

ધર્મનું કમર્શીયલાઈઝેશન થઈ ગયું હોય એવું લાગે છે.

મૂળમાંથી પ્રશ્ન કરીએ તો એમ થાય છે કે

ઉછામણીની જરૂર જ શું છે?

આપણે ત્યાં આવી પ્રથા શા માટે ચાલે છે?

કમર્શીયલ ટર્મ્સ સાથે સંકળાયેલા ત્રણ શબ્દો છે : Cost, Price & Value. Cost એટલે પડતર. Price એટલે કિંમત. Value એટલે મૂલ્ય. વ્યવહારમાં કિંમત અને મૂલ્ય શબ્દો વચ્ચે ખીચડો થતો હોય છે. પણ આ ત્રણે શબ્દોના અર્થ જુદા છે. સામાન્ય વ્યાખ્યા કરવી હોય તો -

- માલ અને લેબરના આધારે નક્કી થાય તે Cost.
- ડિમાન્ડ અને સપ્લાયના આધારે નક્કી થાય તે Price.
- લાગણી અને ભાવનાઓના આધારે નક્કી થાય તે Value.

આ જ વાતને એક ઉદાહરણથી સમજીએ. એક યુનિ-બોલ કંપનીની પેન તેમાં વપરાયેલ મટીરીયલ અને લેબરના આધારે કંપનીને ધારોકે રૂપિયા આઠમાં પડતી હોય, તો તે પેનની Cost થઈ. આ જ પેન ડિમાન્ડ અને સપ્લાયના આધારે ક્યારેક રૂ.૧૫ થી ૨૫ માં વેચાય, તે પેનની Price થઈ. કોઈ સ્ટુડન્ટ પોતે એક Pen પર ભાવુક છે. કારણ, તેને માટે તે લકી પેન છે. ક્યારેક તેની તે Pen ક્યાંક રિક્ષામાં ભૂલી ગયો અને પછી બે કલાક બગાડીને છેવટે તે રિક્ષાવાળા પાસેથી તે Pen પાછી મેળવે છે અને રૂ.૫૦ ની બક્ષિસ આપે છે. આ પેનની Value થઈ.

જયપુરના મૂર્તિબજારમાં આરસપહાણની એક સુંદર આકૃતિવાળા ભગવાન તૈયાર થયા. જેની પડતર (Cost) રૂ. દસહજાર છે. તે મૂર્તિ રૂ. પચ્ચીસ હજારમાં ધારોકે કોઈ વ્યક્તિને કે સંઘના મંદિર માટે તેમણે વેચી, તે Price છે. સંઘમાં આ ભવ્ય મૂર્તિ જોઈને લોકોને ખૂબ ભાવ પ્રગટ્યા અને તે ભગવાનની પ્રતિષ્ઠાની ઉછામણી પૂરા દસ લાખની થઈ, આ Value કહેવાશે.

ગાંધીજીની ચશ્માની ફ્રેમની (કે જેની Cost & Price નજીવી હોવા છતા) જો હરાજી થાય તો લાખો કરોડોમાં જશે. આ Value છે.

સચિન તેન્ડુલકરે જે બેટ વડે ૧૦૦ મી સેન્ચૂરી ફટકારી હતી તેની હરાજીમાં કરોડો ઉપજે તે Value છે.

પ્રાચીનતા, વારસાત્મક વગેરે તથ્યો પણ માનવીય ભાવના પ્રગટાવીને વસ્તુનું મૂલ્ય કરે છે. આથી જ તો કોઈ મનગમતી ચીજ ખાતર વધુ ખર્ચ થાય ત્યારે તેનું 'ખરું મૂલ્ય કર્યું' એમ કહેવાય છે.

ઉછામણીની પરંપરા પાછળ દરેક વસ્તુ અથવા પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવાની ભાવના રહેલી છે. ઉછામણી બોલનાર વ્યક્તિ અહંકાર, દેખાડો કે એવા કોઈ કારણથી બોલે તો તે બોલનાર વ્યક્તિનું દૂષણ છે, પદ્ધતિનું નહીં.

**પ્રશ્ન** : *ઉછામણી વેલ્યૂએશન માટે છે તે બરાબર પણ તે વેલ્યૂએશન પૈસાથી જ કેમ ? અન્ય કોઈ રીતે વેલ્યૂએશન કરી ન શકાય ? આમાં નાના નબળા લોકોને લાભ મળી શકતો નથી.*

**ઉત્તર** : ઉછામણી પૈસા સિવાયના અન્ય કોઈ માધ્યમથી રાખવાનું જેઓ કહે છે તેમાં મહત્ત્વનું કારણ એ છે કે ઓછા પૈસાવાળાને પણ લાભ મળી શકે. જો આમ જ હોય તો કોઈ પણ માધ્યમ રાખશો, છતા કોઈને કોઈ તો વંચિત રહેશે જ.

જો પૈસાને બદલે તપના માધ્યમથી ઉછામણી બોલાય, તો જે તપની શક્તિ ધરાવતા નથી એવા ઘણા ઘણા લોકોને લાભ નહીં મળે. જો સામાયિકના કે જાપના માધ્યમથી ઉછામણી બોલાય તો જેમને સમયની ખેંચ છે તેવા ઘણાને લાભ નહીં મળે અને વૃદ્ધો, નિવૃત્ત લોકો જ લાભ લઈ જશે. કોઈ પણ માધ્યમ રાખો, સામે છેડે કો'ક તો રહેવાનું જ !

કોઈ પણ માધ્યમ રાખવામાં આ જ પરિસ્થિતિ રહેવાની હોય તો જે માધ્યમ પ્રસિદ્ધ છે તેમાં પ્રશ્ન કરવો અર્થહીન બનશે. વળી, મૂલ્યાંકન માટે લોકવ્યવહારમાં પૈસાનું માધ્યમ પ્રસિદ્ધ અને સ્વીકૃત

પણ છે. પૈસાના પ્રસિદ્ધ અને ચલણી માધ્યમથી ઉછામણી બોલવામાં બીજા પણ કેટલાક ફાયદા છે. ઉછામણીના માધ્યમથી આવનારી રકમથી સંઘ, સંસ્થા, દેરાસર વગેરેની જળવણી, અન્યત્ર જીર્ણોદ્ધાર વગેરે કાર્યો પણ ચાલે છે. (ઉપજ ક્યાંક થઈ પણ જ્યાં જીર્ણોદ્ધારની જરૂર હોય અને ત્યાં ખાસ ઉપજ ન થતી હોય તેવા સ્થળે જીર્ણોદ્ધાર વગેરેમાં આ રકમો ફાળવવાની પરંપરા જૈનોમાં ઘણી પ્રસિદ્ધ છે.)

આ ઉપરાંત પૈસા ભરાય ત્યારે બોલાયેલી રકમ ભરાઈ છે એવી પારદર્શિતા પણ રહે છે. જો કોઈ તપસ્યા કે સામાયિકના માધ્યમથી કંઈક ઉછામણી બોલ્યો છે તો તેણે કમિટ કર્યા પ્રમાણે નો તપ વગેરે કર્યો કે કેમ એ બધાને જણાતું નથી. પૈસા પેઢીમાં ભરાયા તેથી ટ્રાન્સપરન્સી રહે છે.

**પ્રશ્ન :** ***જેમની પાસે વિશેષ પૈસા નથી તેમને મનમાં દીનતા થવાની શક્યતા રહે કે ક્યારેક તેમને શરમાવવાનું બને તેનું શું ?***

**ઉત્તર :** ઉછામણીથી આદેશ એકને જ અપાય ત્યારે શેષ બધા જ બાકાત રહેવાના છે. તેમાં શ્રીમંતો પણ ખરા જ. પછી એકલા નબળા લોકો અલગ પડી જાય છે તેવું નથી. દીનતાની વાત તો કેટલી બધી જગ્યાએ સંભવિત લાગે છે.

- સ્કૂલની પરીક્ષાનું રિઝલ્ટ, પર્સન્ટેજ કે રેન્ક જાહેર થાય ત્યારે પહેલા નંબરવાળા સિવાયના શેષ બધા સ્ટૂડન્ટ્સને શું લાગશે ?
- ૯૬ ટકાવાળો મેડિકલ લાઈનમાં એડમિશન મેળવી લે અને દસ વર્ષથી તેની સાથે ભણનારા બીજા સ્ટૂડન્ટ્સને ઓછા પર્સન્ટેજને કારણે કોમર્સ કે આર્ટ્સ માં રહેવું પડે ત્યારે તેમને શું ફીલ થાય ?
- સેલરી લેવલમાં બે મિત્રો વચ્ચે મોટો ગેપ હોય ત્યારે ઓછી સેલરીવાળાને શું લાગશે ?

- ઘણી જગ્યાએ હસબન્ડ કરતા વાઈફની ઈન્કમ વધુ હોય ત્યારે હસવન્ડને શું થતું હશે ?
- એક શ્રીમંતના ભપકાદાર લગ્નને જોઈને બીજા સેંકડો લોકોના મન પર શું વીતે ?
- કોઈ પ્રસંગમાં તમારો ભારે કિંમતી ડ્રેસ જોઈને તેવો ડ્રેસ જેમને પરવડતો નથી તેવા લોકોને શું થશે ?
- તમારી મોંઘી કાર જોઈને માંડ માંડ સાયકલ પર ફરનારાને શું થશે ?
- તમારા ઘરમાં બજારની પહેલી કેરી આવી જાય અને હજી પૂરા બે મહિના સુધી પાડોશીના ઘરે કેરી આવી શકે તેમ નથી ત્યારે તેનાં પર શું વીતે ?

આવું તો ઘણું છે. આ બધા કિસ્સા ઓમાં અન્ય ઘણાની દીનતા સંભવિત છે. છતાં દરેક સ્થળે મેરિટ્સ પર માણસ આગળ નીકળે છે, બાકીના પાછળ રહે છે. આ વાત સ્વીકૃત છે. પૈસા એ પણ એક માધ્યમ છે. તે રીતે જેની પાસે મેરિટ્સ છે. તે, તેના આધારે કોઈ તક ઝડપી શકે છે એમાં ખોટું લગાડવા જેવું કાંઈ નથી. વસ્તુનું મૂલ્યાંકન થતું હોય ત્યારે જે કરી શકે છે તે કરે છે. એમાં બીજાએ ખોટું લગાડવાનું પણ કોઈ પ્રયોજન નથી.

એક સામાન્ય જન મધુર કંઠે સ્તવન ગાય અને કોઈ મોટા શ્રીમંતને આવું જરા પણ નહીં ફાવતું હોવાથી તેને શું લાગશે ? નાના ટાબરિયા ફટાફટ કમ્પ્યૂટર વાપરે અને તેના વડીલ જોતા રહી જાય છે ત્યારે ?

શક્તિ, કળા, આવડત વિશેષ જેની પાસે હોય તે વિશેષ બને છે, બાકી શેષ. આ વાત બધે લાગુ પડે છે. પૈસા પણ એક શક્તિ છે, તેના આધારે કોઈ પહેલી પૂજા કરી લે. પછી બીજા બધા પૂજા તો કરી જ શકે છે (પ્રતિષ્ઠા વગેરેમાં વારંવાર ન થઈ શકતું હોવાથી કોઈ

એકને જ લાભ આપી શકાય) આવા સમયે કોઈ નિયત, વ્યવહારું, સર્વસ્વીકૃત માધ્યમ રાખવું પડે.

વળી, પૈસાની જેમાં જરાય જરૂર ન પડે તેવા દીક્ષા ધર્મના પાલનથી લઈને ઘરમાં રહીને પણ બીજું ઘણું બધું થઈ શકે છે.

**પ્રશ્ન :** ***છતાં બીજાને દાનનો લાભ મળે તે માટે કોઈ ઉકેલ ખરો ?***

**ઉત્તર :** તપની શક્તિ ન હોય તે તપ નથી જ કરી શકતા તો અન્યના તપની અનુમોદના કરીને લાભ લે છે. દાનની શક્તિ ન હોય તે અન્યના દાનની અનુમોદના કરીને લાભ લઈ શકે છે. બધા જ પ્રકારની અનુકૂળતા કોઈ એક વ્યક્તિ પાસે ન હોય ત્યારે આ સરળ રસ્તો છે. ક્યારેક કોઈ સુખી સંપન્ન વ્યક્તિ ઉછામણી બોલીને અન્ય ને સાથે લઈને તે કાર્ય કરાવે. (અન્યનું ગૌરવ સચવાય તે રીતે.) આવું પણ ઘણા સ્થળે બનતું હોય છે.

**પ્રશ્ન :** ***આ બધા કારણે આપણે ત્યાં પૈસાવાળાની બોલબાલા વધી રહી હોય એવું નથી લાગતું ?***

**ઉત્તર :** અહીં એક ભેદ ખાસ સમજી રાખો કે 'પૈસાવાળાની બોલબાલા' એટલે 'પૈસા છોડવાવાળાની બોલબાલા'. (રાખવાવાળાની નહીં) પૈસાનો ત્યાગ એ પણ કાંઈ નાનું પરાક્રમ નથી. ભાઈ કે ભાગીદાર ખાતર પૈસા છોડવાનું મુશ્કેલ હોય તેવા યુગમાં કોઈ સત્કાર્યમાં પૈસા છોડે તો તેને બિરદાવવો જ જોઈએ. આમ, ઉછામણીની પરંપરા અને તેનું માધ્યમ આ બન્ને વાતો અંગે સ્પષ્ટતા જાણવી.

હા, વિવેક ચોક્કસ સર્વત્ર જરૂરી છે. 'અતિ' દરેક બાબતે છોડવું રહ્યું. પૈસાની જેમ જ્ઞાન, ગુણ વગેરે પણ ઉત્તમ આલંબનો છે. વિશેષજ્ઞાની, ઉચ્ચગુણવાન, શીલવાન, આચારસંપન્ન વ્યક્તિઓને પણ યોગ્ય આદર વગેરે આપવામાં આવે તે ઉચિત ગણાય.

૬

ઉછામણીના માધ્યમથી જે દ્રવ્ય આવે તે મોટી રકમો

દેવદ્રવ્યમાં જમા રાખવી કે દેરાસરોમાં વાપરવી

તેના કરતા તે રકમથી ગરીબ, દુઃખી લોકોનો

ઉદ્ધાર કેમ થઈ ન શકે?

અન્યના દુઃખ નિવારવા એ શું ધર્મ નથી?

તો ધર્મની રકમ ધર્મ કાર્યમાં જ કેમ વાપરી ન શકાય?

આપણે જૈનોને ભગવાન હાજર નથી છતાં દેખાય છે

પણ આટલા બધા લોકો, નબળા સાધર્મિકો હોવા છતાં

તે દેખાતા નથી.

આપણે નબળા લોકો માટે કાંઈ વિશેષ કરી ન શકીએ?

દરેક દાનની પાછળ દાતાનો કોઈ ચોક્કસ આશય હોય છે. દાતાના આશય વિરુદ્ધ પૈસાનો વપરાશ કરવો તે કાયદેસર ગુન્હો છે. (આને betrayal of the donor કહે છે.)

જો દાતાને ગરીબો માટે કંઈક કરવું હોય તો તે વિકલ્પ તેના માટે પહેલેથી જ ખુલ્લો હતો. તેણે અગાઉથી તે રકમ ત્યાં કેમ ન ખર્ચી? તેને ભગવાન પ્રત્યે વિશેષ ભક્તિ હતી તેથી જ તેણે તે ક્ષેત્રમાં રકમ વાપરી હોય, પછી તે રકમને તે રીતે જ વાપરવી રહી.

એક વાત, ગરીબોનું ભલું કરવાના નામે કેટલાક શિક્ષિત સજ્જનો પણ આવી વાતો કરે છે. થોડા સમય અગાઉ વોટ્સએપ પર પોતાના પાયા વગરના વિચારો કેટલાકે વહેતા કરેલા. તેનું કાંઈ ઉપજ્યું નહીં. કારણ, લોકો પાસે અક્કલ અને શ્રદ્ધા બંને હોય છે.

જેને ગરીબો માટે વિશેષ કરવું હોય તે ધર્મ સ્થાનના વહીવટમાં સૂઝાવ દેવાને બદલે પોતાના ઘરથી શરું કરી શકે છે. વળી, આવા લોકોને દેરાસરના છત્ર નીચે સંઘ કે સંસ્થા લેવલ પર ચાલતા અત્યંત નોંધપાત્ર રાહતકાર્યોની કોઈ જાણકારી હોતી નથી.

એક અંદાજ મુજબ માત્ર મુંબઈમાં જ નબળા પુણ્યવાળા પરિવારો પાછળ જૈન સંઘો દર વર્ષે કરોડો રૂપિયા વાપરે છે. ઠેર ઠેર રહેલા ફાઉન્ડેશન્સની ક્યારેક મુલાકાત કોઈ લઈ જુવે.

મુંબઈ કે અમદાવાદ જેવા કોઈ એક શહેરમાં વર્ષભરમાં તમામ દેરાસરમાં જેટલી ઉપજ થાય તેથી ય વધુ રકમ તો કોઈ એકાદ વ્યક્તિ જ નબળા પાંચેક હજાર પરિવાર પાછળ ગણતરીના મહિનામાં જ વાપરી જાણે છે.

આવા ઉદાહરણથી પ્રેરાઈને આવા સત્કાર્યો કરનારા બીજા અનેક શ્રીમંતો પણ પોતાના કરોડો રૂપિયાનો સદ્વ્યય સાધર્મિક

પરિવારો પાછળ કરતા થયા છે. આ બધું ચૂપચાપ થતું રહે છે. એટલે લોકોને ખબર હોતી નથી.

**પ્રશ્ન :** ***જો આવું થતું હોય તો તે જાહેરમાં, લાઈટમાં કેમ આવતું નથી ?***

**ઉત્તર :** દાનવીરો નિ:સ્પૃહી હોય અથવા અન્ય ઘણા કારણે Publicity ટાળતા હોય છે. અને કદાચ જો આવા સત્કાર્યોને પ્રચારવામાં આવે તો તેમાં ય કેટલાક ટિપ્પણી કરશે. દાનવીરોને Publicity ની બહુ પડી છે. જેને ટિપ્પણી જ કરવી છે તેને કોણ રોકી શકે છે ?

શ્રીમંત જૈનો દેરાસરમાં ખર્ચે છે તે દેખાય છે પણ માનવીય કાર્યમાં ખર્ચે તે ખાસ દેખાતું નથી અને તે ગુપ્ત રહે અને ન દેખાય તે યોગ્ય પણ છે. પરંતુ આપણે તેને ક્રેડિટ આપી ન શકીએ તે યોગ્ય નથી.

ઘરવિહોણા સેંકડો જૈન પરિવારોને નામ પૂરતી ડિપોઝિટ પર પોતાનું ઘર મળે આવી વ્યવસ્થાથી લઈને, સંતાનોના મોંઘાદાટ ભણતરની ફી, ભણતર માટે વિદેશગમન સુધીની વ્યવસ્થા અને કાયમી ઘરના નિભાવની સંભાળ અને આ બધા દ્વારા તેમની ચિત્ત સ્વસ્થતાની રક્ષા સુધીનું બધું જ થયું છે, થાય છે, અને થતું રહેશે. એ જ આશયથી કે પ્રભુશાસનને પામેલો જીવ આ ભવ ધર્મ હારીને ગુમાવી ન બેસે ! ધર્મ કરવા માટે પણ મન સામાન્ય પ્રસન્ન હોવું જરૂરી છે, તેને માટે !

જૈનોની નજર ભગવાનથી લઈને માણસ સુધી અને આગળ વધીને અબોલ પ્રાણીઓ સુધી પહોંચી છે. જૈનોના વડપણ નીચે ચાલતી સેંકડો પાંજરાપોળો પણ ગામે ગામ ઊભી છે. લાખો પાંગળા પશુઓના જીવન પોષણ ખાતર દૈનિક સ્તરે કરોડોનો સદ્‌વ્યય વર્ષોથી થતો રહ્યો છે.

કોઈ કુદરતી હોનારત સર્જાય ત્યારે કેટલાય મોટા અને સક્ષમ જૈનસંઘોમાં લાખોના રાહતફંડ થાય છે અને જૈન યુવકો, સ્વયંસેવકો

દિવસો સુધી રાહત કાર્યોમાં નાત-જાતના કોઈ ભેદ રાખ્યા વગર સહાય કરવા જોડાયલા હોય છે.

આ લખનારે બહુ નાની વયે મોરબીના મચ્છુડેમની હોનારત વખતે થયેલ રાહતો જાણી હતી (મોટા થયા પછી વિશેષરૂપે) અને તે પછી પણ ભૂકંપો વખતે, પૂર હોનારતો વખતે ભયાનક દુષ્કાળો વખતે મંદીના મોજા વખતે અને દૈનિક ધોરણ સુધી ભાગ્યે જ બીજે જોવા મળે તેવો મજબૂત હાથ આપતા જૈનો ક્યારેય પાછા પડ્યા નથી.

ઘણી વખત રાહતકાર્યો અંગે દાનની લાંબી નોંધ 'મુંબઈ સમાચાર રિલીફ ફંડ' કે 'મુખ્ય પ્રધાન રિલીફ ફંડ' ના મથાળા હેઠળ પત્રોમાં જોઈ છે. કેટલાય જૈનોના નામો ત્યાં પણ ચમકતા જોયા છે.

ગર્વથી નહીં પણ પૂરા ગૌરવથી કહી શકું કે જૈનોને માનવતા શીખવવી પડતી નથી - તે તો તેમને ગળથૂથીમાં જ મળી રહે છે. અપવાદ કિસ્સા દરેક ક્ષેત્રમાં દરેકનાં મળે - તેનાથી મુખ્ય પ્રવાહનો બાધ થઈ શકતો નથી.

બીજી એક અગત્યની વાત : કોઈ પણ સારો પ્રોજેક્ટ લઈને લોકો દાતાનો સંપર્ક કરે છે ત્યારે દરેકનો અનુભવ છે કે ભગવાનનું નામ જ્યાં પડે છે ત્યાં કાર્ય ગમે તેટલું વિરાટ હોવા છતા સહજ અને સરળ બની જાય છે. દેરાસરના કાર્ય સરળતાથી પાર પડે છે. ઉપાશ્રય કે એવા અન્ય કાર્યો માટે ઘણો વધુ પરસેવો પાડવો પડે છે. આવો અનુભવ ઘણાને થયો છે. (હસવાની વાત કરીએ તો, ભિખારી પણ 'ભગવાનકે નામ પર કુછ તો દે દો બાબા' કહે છે.)

જ્યારે વાસ્તવિકતા આવી હોય ત્યારે તીર્થંકર દેવનું અનુત્તર પુણ્ય ખ્યાલમાં લાવવું જોઈએ. **જેના પુણ્યથી લોકો સહજ પૈસા છોડતા હોય તેમના નામ પર આવેલી રકમ, અન્યત્ર ખર્ચવાનો વિચાર શાસ્ત્રદષ્ટિએ તો અનુચિત છે જ પણ લોકવ્યવહારની દષ્ટિએ પણ**

**અયોગ્ય અને અન્યાયપૂર્ણ છે**. માટે ભગવાનના પુણ્યથી આવેલા દ્રવ્ય અંગે ક્યારેય આવા વિચારો કરી ન શકાય.

અહીં એક વિચાર વિવેક પ્રત્યે ધ્યાન દોરવાનું મન થાય છે. ક્યારેક અંજનશલાકા, પ્રતિષ્ઠા જેવા પ્રસંગે ઉછામણીની જોરદાર રમઝટ જામતી હોય છે ત્યારે 'અમૂક વ્યક્તિ / સંગીતકાર ના કારણે અટલી સારી ઉછામણી થઈ'. એવું પણ એકાંતે વિચારવું ન જોઈએ. નિશ્રા, સંગીત વગેરે અનેક પરિબળો ચોક્કસ ઘણા અસરકારી હોય છે. છતા તીર્થંકર દેવનો પ્રભાવ એ મુખ્ય કારણ છે. (બીજા તેમાં supportive હોય છે.

જે સહજતાથી પ્રતિષ્ઠા વગેરે પ્રસંગે મોટી રકમો લોકો બોલે છે તેવી મોટી રકમો સહજતાથી પાંજરાપોળ કે શ્રીસંઘના સાધારણ ખાતા વગેરે માટે થઇ શકતી નથી. આના પરથી સમજવું કે તીર્થંકર દેવના પ્રભાવથી જે થાય ત્યાં પ્રભાવને સ્વીકારવાનો હોય, પડકારવાનો ન હોય.

હા, અનુંકપા વગેરે કાર્યો એટલાજ જરૂરી છે. અને તે થતાં પણ રહે છે. ગરીબો માટે અનુકંપાનું કાર્ય કરનાર ઘણા હોય છે. થોડા વર્ષો પહેલા મુંબઈના ગૌરવ સમા શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનની ૨૦૦મી વર્ષગાંઠ નિમિત્તે એક પરિવારે સમસ્ત મુંબઈનાં જૈનોને જમાડ્યા હતા ત્યારે પણ કેટલાકનું નાકનું ટેરવું ઊંચું થયેલું. તે લોકો એ જાણી નહોતા શક્યા કે આજ પરિવાર વર્ષોથી દૈનિક હજારો રૂપિયાની દવા ગરીબ કેન્સર પેશન્ટ્સને ટાટા હોસ્પિટલમાં વિના મૂલ્યે આપે છે. અનુકંપાવાદ પણ એવો જલદ ન હોવો જોઈએ કે તેના સિવાય બધું જ ખોટું !

❑ મલાડ, કાંદીવલી, ગોરેગામ વગેરે ક્ષેત્રોમાં ગતવર્ષે અમારી ઉપસ્થિતિમાં થયેલ દીક્ષા પ્રસંગો દરમ્યાન દીક્ષાર્થીએ સ્વયં લગભગ ૩૦૦ થી ૬૦૦ જેટલા ગૃહ નોકરોને અંદાજે મહિનાની જીવનજરૂરી ચીજો અનુકંપાદાન રૂપે આપી હતી.

❑ સૌરાષ્ટ્રમાં વિચરણ હતું ત્યારે ઝાલાવાડ વિસ્તારમાં ઘણા ગરીબ પરિવારો, મીઠાના ઢગલાઓ વચ્ચે કામ કરતા સેંકડો અગરિયા પરિવારો, વિકલાંગ લોકોની સાંભળી ન શકાય તેવી દશાનું વર્ણન સાંભળેલું. તેમની પાછળ જૈનો દ્વારા થતા સહાયક કાર્યોની વાતો જેમણે પણ વિગતવાર જાણી, નજીકથી જોઈ તે દરેકની આંખો ભીની ભીની બની ગઈ હતી.

❑ ભાવનગર મુકામે દર મહિને સેંકડો અતિગરીબ પરિવારોને વિના મૂલ્યે જીવનજરૂરી ચીજો અપાય છે આ પ્રવૃત્તિ ત્યાંના જૈનો પોતાની સંસ્થા હેઠળ વર્ષોથી કરે છે. ઉપરાંત, ભાવનગરમાં માત્ર ૪ રૂપિયામાં જૈન ભોજન પીરસતી વડવા જૈન ભોજનાશાળા છે જ્યાં સેંકડો મધ્યમવર્ગીય લોકો નિયમિત ભોજન લે છે. ભાગ્યે જ આવી વ્યવસ્થા ઊભી થતી હોય છે.

❑ જૈનો દ્વારા થતી નબળી સ્થિતિવાળા સાધર્મિક બંધુઓની ગૌરવયુક્ત ભક્તિ અને અનુકંપાની પ્રવૃત્તિ જાણશે તેને દેવદ્રવ્યાદિને ગમે તેમ વાપરવાની સલાહ આપવાનું મન નહીં થાય.

આવા સુંદર કાર્યો ચાલતા હોવા છતાં બીજું બધુ બંધ કરીને પણ માત્ર આ જ કાર્યો કરવાની કોઈ વાત કરે તો તે વિવેકશૂન્ય અતિવાદ છે.

## ૭

જ્યારે જ્યારે 'અહિંસા પ્રેમી' શબ્દ

વાંચવામાં કે સાંભળવામાં આવે ત્યારે

અચૂક જૈનો યાદ આવે.

જૈનોનો અહિંસાપ્રેમ દાદ માંગે તેવો છે.

છતાં, છેલ્લા ઘણા સમયથી એવું લાગે છે કે જાણે

જૈનો પોતાની વગથી અહિંસાનું સામ્રાજ્ય ફેલાવવા માંગે છે.

અહિંસાનું પાલન કરવું એ ગુણ હોઈ શકે

પણ કોઈના પર અહિંસા ઠોકી બેસાડવી એ ગુન્હો છે.

Secular State અને Cosmo Crowd માં રહેનારે

પોતાના ધર્મના પ્રેમને કાબુમાં રાખતા શીખવું જોઈએ.

ધર્મના નામે અસહિષ્ણુતાનો ફેલાવો થાય તે કેમ ચાલે ?

જીવહિંસાનો મુદ્દો કાયમ સંવેદનશીલ રહ્યો છે. આ મુદ્દો સમજવા માટે કેટલીક સ્પષ્ટતા કરી લઈએ. ગાયની કતલ ઉપર સમગ્ર ભારત દેશમાં (બે-ત્રણ સ્ટેટ છોડીને) પ્રતિબંધ છે અને તે જૈનોએ નથી મૂકાવ્યો પણ હિંદુસ્તાનની પ્રજાની લાગણીઓને ધ્યાનમાં રાખીને પહેલેથી મૂકાયો છે. આ પ્રતિબંધ ૬૦ વર્ષથી છે, આજકાલનો નથી.

સંપૂર્ણ ગોવંશ (ગાય, બળદ, વાછરડા વિગેરે) પર કોઈ રાજ્ય પ્રતિબંધ મૂકી શકે ખરું ?

આ મુદ્દો હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ભારે કાનૂની નિષ્ણાતો અને વિદ્વાનોની પેનલો વચ્ચે ચર્ચાયો. લગભગ ૧૦-૧૨ વર્ષની તંદુરસ્ત ચર્ચા બાદ બંને પક્ષોની બધી જ વાતો સાંભળ્યા પછી ભારતની સર્વોચ્ચ અદાલતે સર્વોચ્ચ ન્યાયાધીશના વડપણ હેઠળની પૂરા સાત જજની બેન્ચ ઈ.સ. ૨૦૦૪ ની સાલમાં એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. 'પશુઓની ઉપયોગિતા, ખેતરમાં પશુનાં છાણની ઉપયોગિતા, પશુઓ દ્વારા થતાં ભારવહનાદિ કાર્યોની ઉપયોગિતા વગેરે જોતા પશુધન એ દેશના અર્થતંત્રનું બહુ મહત્ત્વનું અંગ છે. જો કોઈ સ્ટેટ સંપૂર્ણ ગૌવંશની કતલ રોકવા માંગે તો તે બંધારણની ૪૮ મી કલમના હાર્દથી અવિરુદ્ધ છે'.

મધ્ય પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હરિયાણા વગેરે સરકારે આવો કાયદો કર્યો પણ ખરો. યાદ રહે, ભારત દેશની અલગ અલગ રાજ્યોની સરકાર અને સર્વોચ્ચ ન્યાયાલય જૈનો નથી ચલાવતા: પછી ક્યાંય પણ પશુની કતલ રોકવાની વાત આવે ત્યાં જૈનોને જોડવા એ કાં તો મૂર્ખતા છે અથવા પૂર્વગ્રહ કે અજ્ઞાન છે.

પશુની કતલ રોકાય ત્યાં સર્વત્ર જૈનોને આનંદ છે. એ વાત જુદી છે. બાકી જૈનોનું આટલું ચાલતું હોત તો આજે આ દેશમાં રોજના લાખો પશુઓ કપાતા ન હોત અને નવા કોઈ કતલખાનાને લાઈસન્સ

પણ ઈશ્યુ થતા ન હોત.

બીજી વાત, બીફ શબ્દ પર હાલમાં ઘણીવાર બબાલ થાય છે. ગાયના માંસને બીફ કહે છે. ભેંસના માંસને મીટ કહે છે. ઘેટા-બકરાના માંસને મટન કહે છે. હિંદુસ્તાનમાં લગભગ બધા રાજ્યોમાં ગાયની કતલ પર કાયદેસરનો પ્રતિબંધ હોવાથી જો ક્યાંય ગોમાંસ હોય અને તે કાયદા વિરુદ્ધ હોય તો કાયદો કાયદાનું કામ કરે જ ને ! કાયદો અને વ્યવસ્થા હાથમાં લઈને કોઈ કામ ન થઈ શકે. તે વાત ચોક્કસ છે પણ કાયદાઓનો ભંગ કરીને કોઈ બીફ વેચે તે શું યોગ્ય છે ?

એક વાત ધ્યાનમાં રાખવી કે ઘણી ઘટનાઓ કાયદાથી વિરુદ્ધ છે માટે ધમાલ થાય છે, માત્ર જૈનોની લાગણી દુ:ભાવાથી નહીં.

**હજી વાંચો :** આજથી અંદાજે ૧૫ વર્ષ પૂર્વે ભારતની સર્વોચ્ચ અદાલતે એક રસપ્રદ ચુકાદો આપ્યો હતો. ઘણા વર્ષો સુધી ચાલેલા (બકરી-ઈદ કેસના નામથી પ્રસિદ્ધ થયેલા) તે કેસની વિગત કંઈક એવી હતી કે બકરી-ઈદ વખતે ગાયની કતલ માટે બંગાળમાં છૂટ માંગવામાં આવી હતી. છૂટ માંગનારા પોતાની માંગણીને યથાર્થ પૂરવાર કરી શકે તેવી કોઈ ધાર્મિક ટેક્સ્ટ રજુ કરી શક્યા નહોતા અને આ માંગણી બિનજરૂરી લાગવાથી તે વખતના જસ્ટિસ કુલદીપસિંગ (એ જૈન નહોતા, તે જાણ ખાતર) એ ખણખણતો ચુકાદો આપતા આવી છૂટ આપવાનો ધરાર ઈનકાર કરી દીધો હતો.

એટલું જ નહીં, આ ઉપરાંત દર વર્ષે બકરી-ઈદ પૂર્વે બંગાળ સરકારે જાણીતા વર્તમાન પત્રોમાં જાહેરાત આપવા દ્વારા જાણ કરવી કે બકરી ઈદ પર ગાયની કતલ કરી શકાતી નથી એની સહુ નોંધ લે. આ બધા તથ્યો, કાનૂની ચુકાદાઓ પાછળ બધે શું જૈનો જ હોય છે (અહિંસાના પ્રેમી હોવાથી તેઓ આવા ચુકાદાઓને આનંદથી આવકારે તે વાત જુદી છે.)

હજી એક વાત પર ધ્યાન દેજો. આ દેશમાં પશુજીવનની ખરી કદર થતી હોય તેવો ભાગ્યે જ કોઈ કાયદો પ્રવર્તમાન છે. કમનસીબી અને વિચિત્રતા તો એ હદે છે કે અહીં કોઈ પશુને લાકડીથી ફટકારે કે દોરડા બાંધી ઢસડે તો તે (Prevention of Cruelty to Animals Act હેઠળ) કાયદેસર ગુન્હો બને છે, પણ પશુની કોઈ કતલ કરે તો તે ગુન્હો બનતો નથી. તે કો'ક નો વ્યવસાયિક અધિકાર ગણાય છે. મારવું એ ગુન્હો, મારી નાંખવું એ ગુન્હો નહીં, આ કાયદાકીય ગૂંચનો કોઈ જવાબ નથી.

છતાં, અહીં જેટલા પણ કાયદાઓ પશુઓની કતલ પર પ્રતિબંધ ફરમાવે છે તે એટલા માટે કે પશુઓ ઉપયોગી છે, આર્થિક રીતે ફાયદો કરાવનારા છે. જૈનોના માનીતા છે માટે નહીં. પશુમાં જીવ છે તેની કોઈને પડી નથી. કોઈને તે પશુઓ ખાતર દયા છે તો તેની પણ કોઈને પડી નથી.

પશુ માણસ માટે ને દેશ માટે કઈ રીતે ફાયદાકારક છે તે સમજાવતા આવડે તો જ પશુ બચી શકે. અગાઉ જણાવેલા તમામ ચુકાદાઓ દ્વારા પશુહિંસા જરૂર અટકી છે પણ ક્યાંય દયાભાવનાના ગ્રાઉન્ડ પર નહીં જ. માત્ર ઈકૉનોમિક ગ્રાઉન્ડ કે પર્યાવરણ વગેરે મુદ્દાઓના આધારે !

ભારતના દરેક નાગરિક પર બંધારણની ૫૧-૧-જી કલમ દ્વારા એવી ફરજ (Fundamental duty) લાદવામાં આવી છે કે દરેક જીવંત પ્રાણીઓની દયા કરો. (To have compassion towards all living creatures (Indian Constitution Article - 51-1/G). પરંતુ આ ફરજ કોઈ બજાવવા જાય ત્યારે તેને પોતાના વિચારો બીજા પર ઠોકી બેસાડવાનો, બીજાના જીવન પર તરાપ મારવાનો આરોપ મૂકવામાં આવે છે. આ કેવું વિચિત્ર ? તો બંધારણમાં દરેક નાગરિકના ખભે મૂકેલી પેલી ફરજનો અર્થ શું ?

અલબત્ત આ ફરજો Directive Principles (માર્ગદર્શક સિદ્ધાંતો) ગણાય છે જે ફરજિયાત નથી. પણ તે ફરજ નહીં બજાવવાનું પણ ફરજિયાત નથી ને ?

**પ્રશ્ન :** *Beef Ban કતલવિરોધ વગેરે મુદ્દે અહિંસા પ્રેમીઓ અસહિષ્ણુ બની જાય છે, આક્રમક બની જાય છે તેના વિરોધમાં સાહિત્ય એકેડમીવાળાઓએ પોતાને મળેલા રાષ્ટ્રીય એવોર્ડ્સ પાછા આપ્યા છે.*

**ઉત્તર :** કાયદો અને વ્યવસ્થા હાથમાં લઈને કોઈ કાંઈ પણ કરે તેનું સમર્થન ન થઈ શકે. ઘણીવાર તો કાયદાથી વિરુદ્ધ કોઈ કાર્ય કરતું હોય તો કાયદાનું પાલન બરાબર થાય તે જોવાની કામગીરી જ્યારે બજાવવામાં આવે ત્યારે તેને અહિંસાપ્રેમી ને અસહિષ્ણુ તરીકે ચીતરવામાં આવે છે. પોતાના હક માટે લડનારા ઘણા છે. પશુઓના હક માટે કોઈ સક્રિય બને તેમાં તેને પોતાનો કયો સ્વાર્થ છે ?

એક ટ્રકમાં પશુઓની હેરાફેરી થતી હોય ત્યારે કાયદેસર એક ટ્રકમાં ૨x૧ મીટર દીઠ ૧ મોટો પશુ ભરી શકે. તેનાથી વધુ ભરી શકાતા નથી (Prevention of Cruelty to Animals, Act કલમ પ્રમાણે) સાથે એક પશુચિકિત્સક (Veterinary Doctor) હોવો જરૂરી છે. આવા તો અનેક કાયદાઓ છે, જેનો છડે ચોક ભંગ કરીને લાંચ અને હપ્તાથી પોતાનું કામ કોઈ કરાવી લેતું હોય ત્યારે નિષ્ઠાવાન જાંબાઝ કાર્યકરો પોતાની ભાવનાથી કાયદાઓનું રક્ષણ થાય અને ગેરકાયદેસર હિંસા ન થાય તે માટે સક્રિય બને તે અસહિષ્ણુતા ?

આવી જ કાર્યવાહી કરતા કરતા વર્ષો પૂર્વે અમદાવાદના ગીતાબેન રાંભિયાની કરપીણ હત્યા કરી નાંખવામાં આવી હતી. એ જ રીતે ગેરકાયદેસર પશુઓની હેરાફેરી-કતલ વખતે કેસ લડી જીવો બચાવનાર ભિવંડીના ૩૦ વર્ષના યુવાન વકીલ શ્રી લલિતભાઈ

જૈનની ભરબજારમાં સવારે ૧૧ ક્લાકે ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી. તાજેતરમાં જ એક પોલિસની હત્યા આવા કારણે કરી નાંખવામાં આવી. આ કઈ હદની અસહિષ્ણુતા ?

આવી ઘટનાઓ પર કોઈને પોતાના એવોર્ડ્સ પરત કરી દેવાનું ન સૂઝ્યું ? વિરોધ અસહિષ્ણુતાનો છે કે જીવદયાનો ?

થોડા વખત પહેલા કેરળ રાજ્યમાં રમઝાન વખતે સરકારી સ્કૂલ્સમાં મધ્યાહ્ન ભોજન બંધ કરી દેવાયુ હતું. તે તમામ સ્કૂલ્સમાં અલગ અલગ કમ્યુનિટીના છોકરાઓ ભણતા હોવા છતાં આ પ્રતિબંધ બધાએ ભોગવ્યો હતો.

આનાથી આગળ વધીને સ્કૂલ્સ ના ટાઈમિંગ માં પણ ફેરફારો થયા. નિર્ધારિત સમય કરતા દોઢ થી બે કલાક વહેલી સ્કૂલો છૂટી જતી હતી. કારણ એ અપાતું હતું કે જેમને રોજા ચાલતા હોય તે બાળકો ભૂખ્યા પેટે એટલું બધું ભણી ન શકે. જેમના રોજા ચાલતા હતા તે અને તે સિવાયના દરેક બાળકોએ પોતાના Study Hours નો ઘટાડો ભોગવ્યો. આને શું કહેશો ?

આ દેશમાં વર્ષોથી આતંકવાદ ચાલે છે અને લાખો નિર્દોષ તેમાં હોમાઇ ગયા. આને શું કહેશો ? આખા દેશને ધમરોળી નાંખે તેવા આતંકવાદી હુમલા વખતે કોઈને કેમ એવોર્ડ્સ પરત આપવાનું ન સૂઝ્યું ?

હકીકત એ છે કે દરેક ધર્મીને પોતાની ધાર્મિક માન્યતાઓ અને લાગણીઓ પ્રત્યે માન હોય છે. તે દુભાય કે કચડાય તે સહન કરવું અઘરું હોય છે. એકબીજાની ધાર્મિક લાગણીઓને માન આપતા દરેકે શીખવું જોઇએ. ઘણીવાર તો આખો મામલો પોલિટિકલ ઇસ્યુ બની જાય છે. રાજકારણની રમતથી જે સંઘર્ષ ચાલે તેને Political (and not religious) intolerance કહેવાય.

# ૮

આપણે ત્યાં અહિંસાનો અતિરેક થતો જાય છે.

દિવાળી આવે એટલે નાના નાના બાળકોને પણ

ફટાકડા નહીં ફોડવા માટે પ્રેરિત,

પ્રોત્સાહિત કરવામાં આવે છે.

તેમને ઈનામોની લાલચ આપીને

તેમના બાળપણના નિર્દોષ આનંદથી

તેમને દૂર રાખવામાં આવે છે.

એક અંદાજ મુજબ તો જૈનો સિવાય લગભગ કોઈ જ

ફટાકડાનો વિરોધ કરતું નથી.

શું ધર્મ સુખવિરોધી તત્ત્વ છે?

દિલ્લીમાં તાજેતરમાં ૬ થી ૧૪ વર્ષની વયના ત્રણ બાળકો તરફથી એક પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન (PIL) સર્વોચ્ચ અદાલતમાં દાખલ થયેલી. જેમાં અરજદારે આ વખતની દિવાળીમાં ખાસ ફટાકડા ફોડવા અંગે પ્રતિબંધ ફરમાવવા જણાવ્યું હતું. ત્રણેય બાળકો અસ્થમાથી સખત પીડિત હોવાથી તેમની વાત ચોક્કસ સમજી શકાય તેવી છે. સ્વચ્છ હવામાં શ્વાસ લેવાના હક્ક હેઠળ તેમણે આ અરજી દાખલ કરી હતી ત્રણેય બાળકો તરફથી જાણીતા અને ટોચના ધારાશાસ્ત્રી શ્રી અભિષેક સિંઘવી, શ્રી. કે. કે. વેણુગોપાલ અને શ્રી હરીશ સાળવે આ કેસ લગભગ નિઃશૂલ્ક લડતા હતા.

સર્વોચ્ચ અદાલતે જો કે ફટાકડા ફોડવા પર આવો કોઈ પ્રતિબંધ ફરમાવ્યો નહોતો. છતાં સાથે સરકારને નિર્દેશ આપતા કહ્યું હતું કે દિવાળી પૂર્વે પ્રસારમાધ્યમો દ્વારા ફટાકડાથી ફેલાતા પ્રદૂષણ અંગે માહિતીઓ આપીને લોકોને જાગ્રત કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

આના પરથી એક સંદેશો તો ચોક્કસ લઈ શકાય છે કે ફટાકડા હાનિકારક છે તે વાતમાં સર્વોચ્ચ અદાલતને પણ તથ્ય તો જણાયું છે. અગાઉ સુપ્રિમ કોર્ટે ૨૦૦૧માં આ અંગે એક માર્ગદર્શિકા બહાર પાડી હતી. જેમાં ભારતના દરેક નાગરિકના 'Right to Peaceful Sleep' ના પ્રાથમિક અધિકારને નજરમાં રાખીને રાત્રે ૧૦ થી સવારે ૬ વચ્ચે ફટાકડા નહી ફોડવાનો સ્પષ્ટ નિર્દેશ કરાયો છે. આનું પાલન થાય તે જોવાની જવાબદારી દરેક નાગરિક તથા સરકારની બને છે.

ફટાકડા ફૂટવાથી જે નુકસાનો થાય છે તે બરાબર ધ્યાનથી સમજવાની જરૂર છે. ફટાકડા ફૂટવાથી જે ધુમાડો પ્રસરે છે તે સલ્ફર ડાયોક્સાઈડ અને અન્ય ઝેરી રસાયણોથી મિશ્રિત હોવાથી અસ્થમાના દર્દી, પ્રેગનન્ટ સ્ત્રીઓ, હાર્ટપેશન્ટ્સ વગેરે માટે ખૂબજ નુકસાનકારક છે. Public Display ખાતર ફટાકડા ફોડવાની જગ્યા લગભગ તળાવો કે નદીનાં કિનારે હોય છે જેથી આગ લાગવાની, દાઝવાની દુર્ઘટના

ટાળી શકાય. પરંતુ આ ફટાકડાની બનાવટમાં વપરાતા પરક્લોરેટ પાર્ટિકલ્સ પાણીમાં ભળીને પાણીને નહીં પીવાલાયક બનાવી દે છે. આ તત્ત્વો જમીનમાં ઊંડે ઉતરીને પેટાળના પાણીને પણ બગાડી મૂકે છે.

મોટા ભાગે ફટાકડા જાહેર રસ્તા પર ફોડવામાં આવે છે. જાહેર રસ્તો લોકો અને વાહનો માટે હોય છે ત્યાં ખુલ્લેઆમ ફટાકડા ફોડવાથી અવાજ દ્વારા ધુમાડા દ્વારા, ભય દ્વારા ધ્યાન બીજે જવાથી અકસ્માત નોતરી બેસે તેવી શક્યતા છે.

ફટાકડા ફૂટવાનો અવાજ એટલો મોટો હોય છે કે કાયમી બહેરાશ સુધીની તકલીફો લોકોને થઈ શકે છે. 'The Central Pollution Control Board of India' એ ફૂટવાના સ્થાનથી ચાર મીટર પર, વધુમાં વધુ ૧૨૫ ડેસિબલ સુધીના અવાજને નિયંત્રિત કર્યો છે. આના કરતા ત્રણ ગણા અંતરે દૂર ઊભેલા લોકોને આનાથી મોટો અવાજ આવે છે તે હકીકત છે.

ધડાકો, સ્પાર્ક્સ, કલરફૂલ વિસ્ફોટ કદાચ ફટાકડા ફોડનારાને ક્ષણવારનો આનંદ આપતા હશે. પણ હજારો પંખીઓ, નાના પ્રાણીઓના મગજને ભયથી ધ્રુજાવી દેતા હોય છે. 'વિશાળે જગવિસ્તારે નથી એકલો તું માનવી' નો સંદેશો કોઈ માણસે દરેક 'માણસ' ને ફરી આપવા જેવો છે.

ફટાકડા ફૂટવાથી અનેક દુર્ઘટનાઓ પણ બને છે. દાઝી જવાના હજારો cases ઉપરાંત આગ લાગવાના બનાવો બને છે. દર દિવાળીએ ફટાકડાના કારખાના કે દુકાનોમાં ભયંકર ધડાકા સાથે જાનહાનિના સમાચારો વર્તમાનપત્રોમાં ચમકે છે. ઘણીવાર તો રોકેટ વગેરે દૂર ઘાસની કે રૂની ગંજી પર પડીને મોટી હોનારત પણ સર્જી દે છે.

ફટાકડા બનાવનારાઓ નાના બાળકો પાસે આવું પ્રોડક્શન (ગેરકાનૂની અને અમાનવીય હોવાનું જાણવા છતા પણ) કરાવે છે.

વરસના વચલા દિવસે કોઈ બાળક દીક્ષા લેવા તત્પર બને ત્યારે બાળહિતના મંજીરા વગાડનારાઓ આ બધી ઇન્ડસ્ટ્રીઝ સામે સદંતર મૌન પાળે છે.

એકબાજુ ગ્લોબલ વોર્મિંગ, પર્યાવરણ, એનિમલ વેલફેરનો મહિમા ગાતા રહેવું, ઇકો-ફ્રેન્ડલી અને ચાઈલ્ડ લેબર ફ્રી પ્રોડક્ટ્સને પ્રમોટ કરતાં રહેવું, બીજા પર દયા, કરૂણા કરવાની વાતો કરતા રહેવું અને બીજી બાજુ ફટાકડાના ક્ષણિક આનંદ ખાતર બધી જ આદર્શ વાતોને ફટાકડા સાથે કાંડી ચાંપવી એ નર્યો દંભ નહીં તો બીજું શું ?

**સુખની ના ન હોઈ શકે, પરંતુ જે વસ્તુ (૧) બનતી વખતે, (૨) બન્યા પછી, (૩) ફોડતી વખતે અને (૪) ફોડ્યા પછી એમ ચારે ય અવસ્થામાં માનવ, પશુ તથા પ્રકૃતિ એ ત્રણેય માટે અત્યંત નુકસાનકારક હોય તેને છોડી દેવું એ ત્યાગ નથી, ફરજ છે.**

'જૈનો સિવાય લગભગ કોઈ ફટાકડાનો વિરોધ નથી કરતું' આ વાત જો સાચી હોય તો જૈનત્વની ઊંચાઇને માણવાનું અને સત્કારવાનુ મન થઈ આવે. ધર્મ સુખનો વિરોધ ન જ કરે. પરંતુ અનેકના જીવનને પ્રમાણ બહારનું નુકસાન કર્યા પછી જે ક્ષણિક આનંદ આપે તેવા તમામ સુખની Favour તો 'માણસ' પણ ન કરી શકે, ધર્મ તો ક્યાંથી કરે !

નિર્દોષ આનંદની વાત બાજુ પર રાખીને પહેલા તો આ આનંદ છે કે આતંક છે તે તપાસવું રહ્યું.

કોઈ પણ પ્રકારની ઉજવણી હોય તે પ્રાણ, પ્રાણી અને પ્રકૃતિને વધુ પડતી નુકસાન કરનારી ન હોવી જોઈએ. ફટાકડા નહી ફોડવા પાછળના સ્થાવર જીવોની રક્ષાથી લઈને જીવના પોતાના આત્મ પરિણામની રક્ષા સુધીના ઊંચા ખ્યાલો સુધી ન પહોંચી શકાય તો પણ માનવતાના સાદા પ્લૅટફૉર્મ પર પણ આનંદ મેળવવાની કે ઉજવણીની આ પદ્ધતિ વિચારણીય છે.

દિવાળી હોય, લગ્નાદિ પ્રસંગો હોય, ક્રિકેટ મેચ કે ટૂર્નામેન્ટની જીત હોય, ઈલેક્શનના રિઝલ્ટ હોય કે બીજા કોઈ પણ પ્રસંગો, નિમિત્તો હોય. ફટાકડાના આ બધાં દૂષણો સમાન રીતે લાગુ પડે છે.

નાનપણથી બાળકોને સમજાવીને, ઈન્સેન્ટિવ્સ આપવા દ્વારા ફટાકડા નહીં ફોડવા પ્રેરિત કરાય છે તેના પરિણામે આ નુંકસાનોથી એટલા અંશે બચી શકાય છે. આજનો બાળક આજે નાનો છે, કાલે સમજણ પામતા કોઈ પ્રેરણા, પ્રલોભન વગર પણ ફટાકડાથી દૂર રહેશે. આમ, ધર્મ કોઈના સુખનો વિરોધી નથી, બધાના સુખનો પૂરક અને રક્ષક છે.

**પ્રશ્ન :** *પ્રશ્ન માત્ર ફટકડા પૂરતો સીમિત નથી. ધર્મના બંધારણ બાબતે છે. ફટાકડા નહીં, ફુગ્ગા નહીં, હોળી નહીં, પતંગ નહીં, ડાન્સપાર્ટી, નવરાત્રિ કે થર્ટીફર્સ્ટ નાઈટ, દરેક બાબતે ધર્મ અને સંસ્કૃતિ લાલ સિગ્નલ જ આપે છે. શું જીવનમાં આનંદ મેળવવો એ ગુન્હો છે?*

**ઉત્તર :** ધર્મ સુખનો વિરોધી ક્યારેય ન બને. તે સુખનો હેતુ અને સેતુ છે. છતાં જે હોળી વગેરે દરમ્યાન નિયંત્રણો સુખવિરોધી લાગે છે તેને ખુલ્લા મનથી સમજીએ.

**હોળી :** હોળીની વાત કરીએ તો ધર્મની દષ્ટિ કરતા પણ સમજવામાં વધુ સરળ પડે તેવી માવનીય દષ્ટિએ આ મુદ્દાને વિચારીએ. હોળીના આનંદમાં મુખ્ય રંગોત્સવ અને જલોત્સવ છે. રંગ તો ચપટીભર કે મુઠ્ઠીભર વપરાય છે પણ મહિનાનું પાણી લોકો તે દિવસે કલાકોમાં વાપરી નાંખે છે. હોળી પૂરી થયા પછી રંગાયેલા શરીર, બગડેલા મકાનો, કમ્પાઉન્ડ્સ, ગાડી વગેરેની સફાઈમાં પણ

અઢળક પાણી વપરાય છે. ટેન્કરો પણ પાણીની ડિમાન્ડને તે દિવસે પહોંચી વળતા નથી.

ગતવર્ષોની વાત કરીએ તો છેલ્લા બે-ત્રણ વર્ષોથી મુંબઈ જેવા શહેરમાં ગરમીની શરુઆત અને પાણીના કાપના એંધાણ વચ્ચે હોળી રમાતી હોય છે. વર્તમાન સમયે જલોત્સવને માણતા પહેલા જલસમસ્યા પણ સમજવા જેવી છે. અનાજ કરતાં, વધુ વેડફાતું તત્ત્વ અને ચિંતા ઉપજાવનારું તત્ત્વ છે પાણી ! આથી જ તો જાગ્રતિ લાવવા ૨૨ મી માર્ચને 'વર્લ્ડ વૉટર ડે' નું સ્ટેટસ મળ્યું છે.

ધરતી પર ૭૫ ટકા પાણી છે. તેમાં પીવાલાયક પાણીનો જથ્થો માત્ર ૨.૫ ટકા છે. તેમાં પણ હિમશિલાઓ, હિમશિખરોમાં અને ભુગર્ભ જળભંડારોમાં મોટાભાગનું જળ સંચિત છે. માત્ર પીવાલાયક શુદ્ધ પાણીનો ૦.૩ ટકા જથ્થો જ નદી - સરોવરમાં છે. આવનારા દાયકામાં પાણીની સમસ્યા કદાચ સર્વોપરિ હોઈ શકે.

જળસમસ્યાને બરાબર સમજવા માટે અહીં એક આડવાત પણ સાથે વણી લઈએ. પાણીના વેડફાટના ઘણા પ્રકારો છે. પાણી ઢોળાય તેથી વધુ પાણી તો, બોટલનું પાણી પીવામાં વેડફાય છે. પાણીની તૈયાર બોટલ્સની એક મોટી ઈન્ડસ્ટ્રી ચાલે છે.

એક લિટર પાણી બોટલમાં ભરાય તેટલામાં બે લિટર પાણી વેડફાય છે. તે સિવાય પણ પાણીનો વ્યય કલ્પના બહારનો છે. બોટલ્ડ વૉટર સામે દુનિયાભરમાં હવે વૈચારિક જાગ્રતિ આવવા લાગી છે, પણ તે અંગે કોઈ પગલાં લેવાતા નથી.

આજકાલની ઘણી બાબતની જાગ્રતિ વિચાર અને માહિતીની સપાટીથી આગળ વધતી નથી. એક બાજુ કરોડો લોકો પીવાના પાણી માટે તરસતા હોય છે ત્યારે રેઈનડાન્સ, વૉટરપાર્ક્સથી લઈને વૉટર

થીમના દરેક એન્જોયમેન્ટ સામે પ્રશ્નાર્થ ઉભો થવો જોઈએ.

**પાણીના ટીપે ટીપે જીવ છે એ તો કદાચ શ્રદ્ધાની વાત થશે. પણ પાણીના ટીપે ટીપે જીવન છે એ તો નરીં આંખે દેખાતું સત્ય છે.** આવનારા દિવસોમાં પાણીના મુદ્દે વિશ્વયુદ્ધ ફાટી નીકળે તો નવાઈ નહીં!

પાણીના મુદ્દે વૈશ્વિક સ્તરે વિચારણાઓ થતી રહે છે સાથે પીવાલાયક પાણીનો વૈશ્વિક વેડફાટ પણ જાણવા લાયક હોય છે. મળતા અહેવાલો પ્રમાણે દુબઈમાં ટાઈગર વુડ્સના ગોલ્ફકોર્સના green lush ને જાળવી રાખવા માટે રોજનું ૧.૮ કરોડ લિટર પીવાલાયક પાણી વપરાય છે. આ તો એક દાખલો માત્ર છે.

માત્ર દેવનારના કતલખાનામાં રોજનું અંદાજે ૯૦ લાખ લિટર પાણી વપરાય (!) છે. બિલ્ડીંગની ટાંકીઓમાંથી પાણી overflow થવાની ઘટના પણ રોજની છે.

જનસામાન્યને રોજની પાણીની જરૂરિયાત માટે અડધી બાલદી પરસેવો પાડીને ચાર કિલોમીટર ચાલીને પાણી ભરીને લાવવાનું હોય, ત્યારે માનવીય સભ્યતા આપણને શું કહે છે?

દર વર્ષે ૨૨ મી માર્ચ વર્લ્ડ વૉટર ડે તરીકે ઉજવાય છે અને પાણીના દુર્વ્યયને અટકાવવાના આશય સાથે પ્રેરણાત્મક નિવેદનો તે દિવસે થતા રહે છે. આ વર્ષે વર્લ્ડ વૉટર ડે ને લગોલગ હોળી આવે છે. વિચારો અને વેડફાટ બન્ને સાથે વહેશે.

વોરેન બફેટના એક નિવેદન મુજબ હવેના દાયકામાં 'પાણી' એ ઈન્વેસ્ટમેન્ટનું મોટું સેક્ટર છે. આના પરથી આ દેશમાં આવતીકાલે પાણીના જથ્થા પ્રાઈવેટ કંપનીઓને ધરી દેવામાં આવે

તો નવાઈ ન પામશો. નેશનલ વૉટર પોલિસી માં આવા સમીકરણો રજુ થયેલા પણ છે.

**પાણી સાવ જ ઢળી પડે એવું પ્રવાહી તત્ત્વ છે પણ પાણીની સમસ્યા માથુ ફોડી શકે તેટલી કઠીન છે.** કોઈના આનંદને લુંટવાનો ઈરાદો ન હોવા છતાં માનવીય મૂલ્યો પણ આપણને પાણીનો બેફામ વેડફાટ કરતા અટકી જવાનું કહેશે. આ સુખનો વિરોધ નથી. નિશ્ચિતપણે આવનારા દુઃખનો (અને તે પણ નજીકના ભવિષ્યમાં તેનો) વિરોધ છે.

આ તો ઉપલક દૃષ્ટિએ પાણીના વેડફાટના કારણે હોળી રમનારને વિચારતો કરી દે તેવું છે. પાણીનાં પ્રત્યેક ટીપાને ઢોળતા અસંખ્ય એકેંદ્રિય જીવોની હિંસા નિશ્ચિત છે. હોળીમાં ઢોળાતું લગભગ બધુંજ પાણી અળગણ હોવાથી આ વિરાધના ઘણા મોટા સ્કેલ પર પહોંચે છે. બાકી, આધ્યાત્મિકતાના ઊંચા સ્તરે તો આસક્તિ એ પાપ છે. તે રીતે તો ભૌતિક આનંદ વર્જ્ય બને છે. વાસ્તવિક આનંદ એ કોઈ વસ્તુના ભોગવટાથી નહીં પણ ગુણાનુભવરૂપે મળે છે તે લક્ષ તરફ જવા માટે તેથી નીચલા સ્તરના આનંદને છોડવો પડે. છતાં અહીં પ્રશ્નો બૌદ્ધિક દૃષ્ટિએ હોવાથી તે જ સંદર્ભથી જવાબ અપાય છે.

**એક મહત્ત્વની વાત :** આપણે જીવન જીવી રહ્યા છીએ. પરંતુ આપણા જીવનનું ધ્યેય શું છે? આપણને મળેલો મનુષ્યભવ એ અસાધારણ છે તો આ ભવનું ધ્યેય પણ સાધારણ કક્ષાનું ન હોઈ શકે.

There are two important days in our life.

(1) The day we are born.

(2) The day we realize, why we are born.

આ જીવનનું મુખ્ય ધ્યેય ગુણવિકાસ છે. એ સમજાશે પછી enjoyment ને બદલે enlightment નું લક્ષ્ય બંધાશે.

**ઉત્તરાયણ** : જીવોના જીવનમાં મોટી ખલેલ ઊભી કરે તેવા કોઈપણ ખેલ વિચારણા માંગી લે છે. પતંગોત્સવ પણ આજ કારણે વિચાર માંગી લે છે. ઉત્તરાયણ પતંગોત્સવ દરમ્યાન અને તે પછીના દિવસોમાં હજારો પંખીઓની પાંખો અને ગળા કપાય છે. ક્યાંક ભરાયેલો, ટેરેસની ટાંકીથી લટકતો ધારદાર માંજો અણીદાર બ્લેડથી જરાય ઓછું કામ નથી કરતો.

હજારો સ્વયં સેવકો પંખીપ્રેમીઓ મુંબઈ-અમદાવાદ જેવા શહેરોમાં અનેક સ્થળે બર્ડ કેમ્પ યોજીને, હેલ્પલાઈન નંબરથી લોકોને જાગ્રત કરીતે ઘાયલ પંખીઓની સારવાર કરે છે. ક્યારેક રસ્તા પર લટકતો માંજો, મમ્મી સાથે સ્કૂટર પર જઈ રહેલા કોઈ નાના બચ્ચાની ગળાની ધોરી નસ ચીરી નાંખે છે. કપાયેલો માંઝો પકડવા દોડતા બચ્ચાઓ ભાન ભૂલીને ક્યાંક જીવલેણ અકસ્માતનો ભોગ બને છે. પતંગ ચગાવતા કોઈ ધાબા, ટેરેસ પરથી પટકાઈને પ્રાણ ગુમાવે છે. આ બધુ પતંગની સાથે દોરીની જેમ જોડાયેલું છે.

આ બધુ જાણ્યા પછી પતંગ ચગાવવાનું કોઈ છોડે તો તે માનવીય સભ્યતા ગણાશે. સંકુચિત અને અન્ય નિરપેક્ષ દૃષ્ટિએ કદાચ એ સુખનો વિરોધ લાગશે પરંતુ નિષ્પક્ષ દૃષ્ટિએ એ સુખનું સમર્થન લાગશે.

પાયાની સજ્જનતા બે વિચારથી પર ક્યારેય થઈ ન શકે.
(૧) પોતાના ગુણનો વિચાર, (૨) બીજાના સુખનો વિચાર. લૌકિક તહેવારોને ઉજવવાની આધુનિક પદ્ધતિઓ ક્યાંક સજ્જનતાના પહેલા પાયાને તોડે છે તો ક્યાંક બીજો પાયો ખંડિત થાય છે.

મોડીરાત્રિ સુધી થતા નાચગાન જેવી બાબતમાં એક વાત ચોક્કસ છે કે ધર્મ અને સંસ્કૃતિ જ નહીં, સંસ્કારપ્રેમી પેરન્ટ્સ પણ અસદાચારને વધાવી ન શકે. સંતાનના સંસ્કરણ માટે પેરેન્ટ્સ સજાગ અને સક્રિય રહે તે તેમનું કર્તવ્ય છે. જે કરવાથી કે જ્યાં જવાથી સંતાનના સંસ્કાર અને સદાચારને ધક્કો લાગવાની પૂરી શક્યતા જણાય તેવી વાતમાં તે સંમત નહીં થાય. ઘણા સેલિબ્રેશન્સ ડ્રિંક્સ થી લઈને અનેક રીતના અસભ્ય આચરણ અને મર્યાદાભંગ સુધી દોરી જાય છે. આમાં સંસ્કારપ્રેમી પૅરન્ટસના અને ધર્મસંસ્કૃતિના નિષેધ કે નિયંત્રણ હોય તે સ્વાભાવિક છે.

સ્વતંત્રતા કે સ્વચ્છંદતાથી કોઈ કાંઈ પણ કરે તેને રોકી શકતા નથી. પણ સંસ્કાર અને સદાચાર પ્રત્યે સજાગ રહેનારા દરેક માટે નિયંત્રણ એ બંધન નથી, જીવનવિકાસની ફોર્મ્યુલાનો એક ભાગ છે. આ સંસ્કાર રક્ષા માટેની વ્યવસ્થાને સુખ પરનું નિયંત્રણ ન માનવું જોઈએ. કોઈ પણ સુરક્ષા વ્યવસ્થાને મૂલવતા ન આવડે તો ચોક્કસ તે બંધનરૂપ તથા સ્વતંત્રતા અને સુખ સામે નિયંત્રણ રૂપ લાગશે જ.

**હાથમાં બંદુક હોય એ બધા ખૂની નથી હોતા, ઘણા પોલિસ પણ હોય છે. નિયમો અને નિયંત્રણો બધા બંધનરૂપ નથી હોતા, ઘણા સુરક્ષારૂપ પણ હોય છે.**

# ૯

માંસાહાર!

આ શબ્દજ આપણને સૂગ પેદા કરે છે.

કોણે શું ખાવું તે દરેકની અંગત બાબત છે.

પછી તેનો વિરોધ કેટલો વ્યાજબી ગણાય?

છતાં માંસાહાર બાબત આંધળો વિરોધ ન કરતા

કોઈને તે વાતની સમજણ બૌદ્ધિક રીતે આપવી હોય તો

કઈ રીતે સમજાવી શકાય?

ખાનપાન એ અંગત જીવનનો એક ભાગ હોવાથી આમ તો એ દરેક માટે અંગત બાબત જ ગણાય છે. છતાં, ઘણી અંગત બાબતો જ્યારે પોતાના આરોગ્ય, પ્રકૃતિ કે પર્યાવરણને લઈને નુકસાનકારી સાબિત થતી હોય ત્યારે એ કંઈક અંશે નિયંત્રણને યોગ્ય પણ બને છે. તમાકુ, સિગારેટ વગેરે વ્યસનોનો વિરોધ એવો ધાર્મિક દષ્ટિકોણ ન ધરાવતાં લોકોમાંથી પણ આવે છે, તે આ જ કારણે.

માંસાહાર કરવો કે ન કરવો તેને કદાચ દરેકની વ્યક્તિગત બાબત ગણી લઈએ તો પણ કળ, કુનેહ, કાળજી અને કરૂણાથી કોઈને સમજાવી શકાય છે. તે જાતે તેને છોડવા તૈયાર થાય તે રીતે તેને સમજાવી શકાય છે. આજના ઘણા સેલિબ્રિટી લેવલના લોકો પણ આ વાતને પ્રમોટ કરે છે. કોઈ માણસ ભલે માંસાહારી હોય પણ સરળપ્રકૃતિ અને ખુલ્લા મનથી બીજી બાજુના વિચારોને સ્વીકારી શકતો હોય તો તેને અન્નાહારની વાત આ રીતે સમજાવી શકાય.

માનવી અન્નાહારી બનવા જ સર્જાયેલો છે. માનવ માટે માંસાહાર એ કુદરત વિરુદ્ધનો આહાર છે. જીવનચર્યાનું કોઈપણ અંગ કુદરત વિરુદ્ધ તો ન જ ચાલવું જોઈએ. માંસાહારી અને બિન-માંસાહારી પ્રાણીઓની શરીર-રચનામાં ઘણા તફાવતો છે. માંસાહારી પ્રાણીઓની શરીર-રચના અનેક રીતે બિન-માંસાહારી પ્રાણીઓથી જુદી પડે છે. માનવીની શરીર રચના આ બિન-માંસાહારી પ્રાણીઓને બરાબર મળતી આવે છે. તે શું સૂચવે છે? કેટલીક સરખામણીથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે માનવી બિન-માંસાહારી પ્રાણી છે.

૧. માંસાહારી પ્રાણીઓના દાંત તીક્ષ્ણ હોય છે. પંજા તીક્ષ્ણ નખવાળા હોય છે. જ્યારે અન્નાહારી પ્રાણીઓના દાંત ચપટી દાઢવાળા હોય છે અને પંજામાં તીક્ષ્ણ નખ હોતા નથી.

૨. માંસાહારી પ્રાણીઓનું નીચલું જડબુ ઉપર-નીચે જ હાલે છે, જ્યારે અન્નાહારી પ્રાણીઓનું નીચલું જડબુ ચારે બાજુ હાલે છે.

૩. માંસાહારી પ્રાણીઓની જીભ ખરબચડી હોય છે અને તે પાણી જીભથી પીવે છે. અન્નાહારી પ્રાણીઓની જીભ ચીકણી હોય છે અને તે પાણી હોઠથી પીવે છે.

૪. માંસાહારી પ્રાણીઓના આંતરડા પોતાની કાયા જેટલા લાંબા હોય છે. અન્નાહારી પ્રાણીઓના આંતરડાની લંબાઈ શરીરની લંબાઈ કરતાં ચાર ગણી હોય છે.

૫. માંસાહારી પ્રાણીઓના લીવર અને કિડની મોટા હોય છે જ્યારે અન્નાહારી પ્રાણીઓના લીવર અને કિડની પ્રમાણમાં નાના હોય છે.

૬. માંસાહારી પ્રાણીઓના પાચનતંત્રમાં હાઈડ્રોક્લોરિક એસિડનું પ્રમાણ અન્નાહારી પ્રાણીઓ કરતાં દસ ગણું હોય છે.

૭. માંસાહારી પ્રાણીઓની લાળ એસિડીક હોય છે, જ્યારે અન્નાહારી પ્રાણીઓની લાળમાં કાર્બોહાઈડ્રેટ્સ પચાવી શકે તેવું ટાયલિન રસાયણ હોય છે.

૮. માંસાહારી પ્રાણીઓનું બ્લડ પી. એચ. ઓછું હોય છે અને એસિડીક હોય છે. અન્નાહારી પ્રાણીઓનું બ્લડ પી. એચ. વધારે હોય છે અને આલ્કલી (ક્ષારીય) હોય છે.

૯. માંસાહારી પ્રાણીઓની ગંધશક્તિ અન્નાહારી પ્રાણીઓ કરતાં ઘણી તીવ્ર હોય છે.

૧૦. માંસાહારી પ્રાણીઓની આંખ રાત્રે ચમકે છે, જ્યારે અન્નાહારી પ્રાણીઓની આંખ દિવસે જ દેખી શકે છે અંધારામાં દેખવાનું તેમને મુશ્કેલ બને છે.

૧૧. માંસાહારી પ્રાણીઓનો અવાજ કર્કશ અને ભયંકર હોય છે. અન્નાહારી પ્રાણીઓનો અવાજ કર્કશ હોતો નથી.

૧૨. માંસાહારી પ્રાણીઓ જન્મ્યા બાદ સાત દિવસ સુધી અંધ હોય છે, તે પછી જ તેમની દૃષ્ટિ ખુલે છે. અન્નાહારી પ્રાણીઓને આંખની દૃષ્ટિ જન્મજાત પ્રાપ્ત થાય છે.

આ રીતે ઉપરની સરખામણીથી સ્પષ્ટ થાય છે કે માનવીની શરીર રચના અન્નાહારી પ્રાણીઓની શરીરરચનાને ખૂબ જ મળતી આવે છે. તે પૂરવાર કરે છે કે કુદરતી રીતે માનવ અન્નાહારી પ્રાણી છે. માંસાહાર તેની શરીર રચનાને બિલકુલ માફક આવે તેવો નથી.

માંસાહારી પ્રાણીના દાંત-નખ-જડબા વગેરે બધુ માંસાહારને અનુકૂળ હોય છે. માંસનો આહાર વધારે સમય આંતરડામાં રહે તો સડી જાય છે અને જીવલેણ રોગો પેદા કરે છે. તેથી શરીરમાંથી તેનો તાત્કાલિક નિકાલ થવો જરૂરી હોય છે. તેથી માંસાહારી પ્રાણીઓના આંતરડા ટૂંકા હોય છે. લાંબા આંતરડાવાળા મનુષ્ય આદિ માંસનો આહાર કરે તો ખોરાક આંતરડામાં સડીને અસાધ્ય વ્યાધિઓનું સર્જન કરે છે.

પશુઓ કુદરતી નિયમોનું ક્યારેય ઉલ્લંઘન કરતા નથી. ગાય-ભેંસ ભૂખ્યા રહે પણ ક્યારેય માંસમા મોંઢું ન નાંખે. કુદરતના નિયમો પ્રત્યેની વફાદારી માનવે પશુઓ પાસેથી શીખવા જેવી છે. આમ તો માણસનું ધબકતુ હૈયું તેને પ્રાણીની કતલ દ્વારા મળતા માંસાહાર કરતાં રોકી શકે છે. પણ બૌદ્ધિક રીતે વિચારતાં પણ શરીર રચનાથી

પ્રતિકૂળ ખોરાક લેવો તે બિનવૈજ્ઞાનિક આહાર જ ગણાશે.

જીન્સ હોપકિન્સ યુનિવર્સિટીના ડૉ. એલન વાફરે દાંતોના માઈક્રોસ્કોપિક એનાલિસિસ કરીને પૂરવાર કર્યું છે કે મનુષ્ય સંપૂર્ણતયા અન્નાહારી પ્રાણી છે. શાકમાર્કેટમાં સ્ટોલ પર ગોઠવેલા ફળ કે શાકભાજી જોઈને કે કરિયાણાની દુકાને વિવિધ પ્રકારના અનાજ જોઈને કોઈ માણસ મોંઢુ નહીં મચકોડે પણ નોનવેજની દુકાને લટકતું માંસ જોઈને લગભગ ઘણા બધાને જુગુપ્સા કે ઘૃણા થાય છે. આ થતી જુગુપ્સા કે અણગમાની લાગણી, માનવ અન્નાહારી પ્રકૃતિનો સબળ પૂરાવો છે.

પોતાના ખોરાક માટે ક્યારેય કોઈને જુગુપ્સા ન થાય. રોટલીની થપ્પી, શાકનું તપેલું, ભાત, મિઠાઈ, ફરસાણ જોઈને કોઈને ક્યારેય આવી નેગેટિવ લાગણી સહજ રીતે થતી નથી.

**પ્રશ્ન :** *આજે કરોડો લોકો માંસાહાર, ઈંડા, માછલી, વગેરે આરોગે છે. કરોડો લોકો ભૂખ્યા રહે છે. તે પછી પણ શાકાહારીને મોંઘા ભાવે અનાજ મળે છે. જો બધા જ સંપૂર્ણ અન્નાહાર તરફ વળી જશે તો એટલું બધુ અનાજ ક્યાંથી પૂરું થશે ?*

**ઉત્તર :** ધારો કે એક માણસ સરેરાશ રોજનું ૨૫૦ ગ્રામ બધું મળીને અનાજ લે છે. આ ગણતરીએ મહિને સાડા સાતથી આઠ કિલો અને વર્ષે (આમ છન્નુ કિલો, ગણતરીની સુગમતાએ) પૂરા એક સો કિલોગ્રામ ગણી લઈએ. માણસદીઠ વાર્ષિક એકસો કિલોગ્રામ અનાજની ગણતરીએ ભારતના સવાસો કરોડની પ્રજા માટે વાર્ષિક ૧૨.૫ કરોડ ટન અનાજ જોઈએ. (આમાં કોઈ માંસાહારાદિ કરતું નથી, ભૂખે મરતું નથી, ઉપવાસ પણ કરતું નથી એમ ગણીને) ૧૨.૫ કરોડ ટન અનાજમાં સંપૂર્ણ ભારતીય પ્રજા પેટ ભરીને અન્નાહાર કરી

શકે છે. જ્યારે ભારતનું વાર્ષિક અનાજ ઉત્પાદન અંદાજે ત્રીસ કરોડ ટન આસપાસ રહે છે. એટલે કે જરૂર કરતાં લગભગ બમણાથી પણ વધુ અનાજનું વાર્ષિક ઉત્પાદન અહીં થાય છે.

અયોગ્ય અને અપૂરતી વ્યવસ્થાને કારણે હજારો લાખો ટન અનાજ સડી જાય છે. પોલ્ટ્રી ફીડ તરીકે ઘણો મોટો જથ્થો જતો રહે છે. વિદેશમાં Cattle Rearing ચાલે છે. કતલ માટે ખાસ પ્રકારે પશુ ઉછેર કરવો તેને Cattle Rearing કહે છે. પશુને ૭ થી ૧૫ કિલો અનાજ ખવડાવવામાં આવે ત્યારે તેના શરીરમાં એક કિલો માંસ તૈયાર થાય છે.

ઘાસ ખવડાવવાથી દૂધ બને પણ અનાજ ખવડાવવાથી માંસ/મટન/બીફ તૈયાર થાય. વધુ પ્રમાણમાં માંસ મેળવી, નિકાસ કરીને કમાણી કરવાની લ્હાયમાં અહીં પશુઓ સુધી અનાજ પહોંચી જાય છે અને માંસાહારની આવી આગવી ચિંતાના કારણે અન્નાહારી માણસોને (જે ઘાસ ખાઈ શકવાના નથી તેમને) માટે અનાજ પહોંચ બહારની વસ્તુ બની જાય છે.

હવે એક સરખામણી કરી જુઓ: સોળ કિલો અનાજ થી (અંદાજિત ૨૫૦ ગ્રામની ગણતરીએ) ૬૪ જણાનું ભોજન બને તે સોળ કિલો પશુને ખવડાવીને ૧ કિલો માંસ બનશે. જે માત્ર (માથાદીઠ ૨૫૦ ગ્રામની ગણતરીએ) ચાર માણસોનો ખોરાક બનશે.

આ રીતે જોઈએ તો અન્નાહારી અને માંસાહારી વચ્ચે અનાજ વપરાશનો ratio ૧:૧૬ નો આવશે. બીજી રીતે એમ કહી શકો કે માંસાહાર કરનાર એક વ્યક્તિ આડકતરી રીતે ૧૬ અન્નાહારી માણસોનું અનાજ લઈ લે છે.

અનાજની અછત હકીકતમાં ક્યા કારણે થઈ શકે તે વિચારવું રહ્યું. ચક્કર ન આવતાં હોય તો હજી વાંચો. એક કિલો ઘઉં ઉગાડવામાં અંદાજે ૨૧૦ લિટર પાણીની જરૂર પડે છે. જ્યારે એક કિલો માંસ માટે ૨૦ હજારથી વધુ લિટર પાણીની જરૂર પડે છે. (એક કિલો માંસ પેદા કરવા પશુને ૮ થી ૧૬ કિલો વચ્ચે અનાજ આપવું પડે અને એટલું અનાજ ઉગાડવામાં જે પાણી જરૂરી બને છે, તદુપરાંત પશુને પૂરતું પાણી પીવડાવવામાં આવે અને તેની કતલ વખતે માંસ મેળવવામાં જે પાણી વપરાય તે બધું અહી ગણતરીમાં લીધું છે.

માંસાહાર કેટલી શોષક આહારશૈલી છે અને આરોગ્ય, પર્યાવરણ વગેરે માટે કેટલા ખતરારૂપ છે તે જાણ્યા પછી ધબકતાં હૃદયવાળો કોઈ માંસાહાર કરી જ ન શકે.

કોઈ શિક્ષિત અને ખુલ્લા મનથી વિચારી શકે તેવા સરળ માંસાહારીને જોન રોબિન્સનું લખેલું 'A Diet For New America' વાંચવા ભલામણ કરી શકાય. અમેરિકામાં લેખકના પુસ્તકથી માંસાહાર વિરુદ્ધ રીતસરનો પવન ફુંકાયો હતો.

બાકી, સંવેદનશૂન્ય બન્યા સિવાય કોઈ માંસાહાર કરી જ ન શકે. શાક સમારતાં આંગળી પર ચીરો પડે ત્યારે સિસકારા નાંખનારો માણસ ધારદાર છરા નીચે જીવતાં પશુની શું દશા થતી હશે તે સમજી શકે તો ક્યારે ય માંસાહારનો કોળિયો લઈ ન શકે. દેખીતું સત્ય એ છે કે પશુ નિષ્પ્રાણ બને પછી તેના માંસનો આહાર કોઈ કરે છે. નહીં દેખાતું સત્ય એ છે કે વ્યક્તિ પોતે નિષ્પ્રાણ જેવો બને છે અને પછી માંસાહાર કરે છે.

જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંત શાહે એક સ્થળે લખ્યું છે. કતલખાનાની દિવાલો પારદર્શક કાચની હોત તો ભાગ્યે જ કોઈ માંસાહાર કરી શકત.

બ્રિટનના જાણીતા હાસ્ય કલાકાર જ્યોર્જ બર્નાડશોએ માંસાહાર વિરુદ્ધ તીખી પ્રતિક્રિયા આપતા કહ્યું હતું: શું માણસનું પેટ પશુઓના મડદા દાટવાનું કબ્રસ્તાન છે ?

સરળ જીવો માટે આ વિચારો પૂરતા છે. વાસ્તવમાં માંસાહાર ઘટશે ત્યારે જ ખરા અર્થમાં જીવરક્ષા થશે. કો'કનું અસરકારી વિધાન છે: 'જ્યાં સુધી માણસની થાળીમાં પશુનું લોહી પીરસાતું રહેશે ત્યાં સુધી પૃથ્વીના પાટલે માણસનું લોહી રેડાતું રહેશે.'

**માંસાહાર વિરુદ્ધની દલીલો માંસાહાર કરતાં વધુ સહેલાઈથી ગળે ઉતરી શકે એવી છે.**

# ૧૦

આપણે ત્યાં કેટલા ય લોકો દીક્ષા લે છે.

આ બધા લોકો જીવનભર સાધુ જીવન પાળે છે.

શું સંસારમાં રહીને સમાજસેવા,

વિશ્વહિતની કોઈ કાર્યવાહી ન થઈ શકે?

દીક્ષાથી આત્મકલ્યાણ થાય તેમ

સંસારમાં રહી સેવાકાર્યોથી

આત્મકલ્યાણ ન કરી શકાય?

જૈન શ્રમણ જીવનનો પ્રભાવશાળી પરિચય એટલે કંચન *કામિનીનો ત્યાગ, જૈન શ્રમણ જીવનનો વિસ્મયકારી પરિચય એટલે* વાહન અને વીજળીનો ત્યાગ. આત્મસાધના માટે નીકળેલા શ્રમણ, શ્રમણી ભગવંતો દ્વારા અનાયાસે કેટલો મોટો વિશ્વોપકાર સતત થતો રહે છે તે છાનો રહી જાય છે. ચાલો, જાણવાનો પ્રયાસ કરીએ.

વર્તમાન સદી એટલે સમસ્યાઓની સદી ! વૈશ્વિક નેતાઓ જ્યારે પણ ભેગા થાય ત્યારે બે મુદ્દાની ચર્ચા કાયમ કરતાં રહે છે (i) આતંકવાદ (ii) ગ્લોબલ વોર્મિંગ.

વૈશ્વિક સ્તરે વધતા તાપમાન અને ક્લાઈમેટ ચેન્જનું મુખ્ય કારણ Carbon Emission છે. વાતાવરણમાં સતત વધતા જતાં કાર્બન દ્વારા આ નુકસાન વધે છે. વાહનો અને વીજળીનો વપરાશ એ વાતાવરણમાં કાર્બન ઉમેરતા બે મહત્ત્વના પરિબળો છે.

થોડા વર્ષો પૂર્વે કોપનહેગનમાં ગ્લોબલ વોર્મિંગ અંગે વિચારણા કરવા એક વિશ્વસ્તરીય બેઠક મળી હતી. દુનિયાના પોણા બસો દેશના અંદાજે ચારેક હજાર બુદ્ધિમાનો ત્યાં હાજર હતા. સેંકડો પત્રકારો પણ ત્યાં પહોંચી ગયા હતા. વાહન અને વીજળીના બેફામ વપરાશ પર અંકુશ મૂકવાની બાબત પર ભાર મૂકાયો. વિકસિત ગણાતો એક પણ દેશ આ અંગે પહેલ કરવા તૈયાર ન થયો. છેવટે બધાએ ખાધું, પીધું ને છુટા પડ્યા.

ઓસ્ટ્રેલિયાના સિડની ખાતેથી એક નાનકડી પા-પા પગલી જેવો પ્રયાસ આ દિશામાં ચાલે છે. 'Earth Hour' ના નામે પ્રસિદ્ધ થયેલી આ ઝુંબેશમાં દર વર્ષના માર્ચ મહિનાના છેલ્લા શનિવારે સાંજે ૭ થી ૮ દરમ્યાન બિનજરૂરી લાઈટ્સ દરેકે off કરી દેવાની. કલાક માટે મોટા મોટા ટાવરો પણ અંધારું પાળે.

દુનિયાના લગભગ ઘણા ખરા દેશો આ ઝુંબેશમાં સામેલ થયા છે. વાર્ષિક નુકસાનને પહોંચી વળવા માટે આ પ્રયાસ કેન્સરના દર્દમાં ક્રોસિન લેવા જેવો વામન પ્રયાસ છે. છતાં પર્યાવરણના પક્ષકાર બન્યાની પ્રતીતિ થતી હોવાથી આ પ્રયાસ બધે પ્રશંસા પામ્યો છે.

જૈન શ્રમણના જીવનની વાત પર જતાં પહેલા જૈન શ્રાવકો દ્વારા થતી સામાયિકનું નવા જ દૃષ્ટિકોણથી મૂલ્યાંકન કરવાની તક મળે છે. સામાયિક એટલે શું? બીજું કાંઇ ન સમજે એવો વિદેશી બુદ્ધિવાદી પણ સમજી શકે એવી બૌદ્ધિક વ્યાખ્યા કરવી હોય તો કહી શકાય કે 'વાહન અને વીજળી બાબતે અંદાજે એક કલાકનો સંપૂર્ણ, સજ્જડ વિરામ એટલે સામાયિક'. Earth Hour નું વધુ કડકાઇ અને ચોકસાઇભર્યુ નવું Version આને તે માની શકે છે.

Earth Hour માં વાહનો અને જરૂરી વીજળી પર કોઇ રોક નથી. માત્ર વર્ષે એક કલાક માટે Unnecessary Lights off! **રોજની બે સામાયિક કરનારો શ્રાવક મહિને પૂરા અઢી દિવસ અને વર્ષે પૂરો એક મહિનો વાહન અને વીજળીથી સંપૂર્ણ વિરામ લે છે.**

વર્ષે એક કલાક મામૂલી વીજળી છોડીને બહુ મોટી સમાજસેવા કે વિશ્વહિતના રસ્તા પકડ્યાની પ્રતીતિ જેમને થતી હોય તેવા નકરા બુદ્ધિમાનો પણ સામાયિક ધર્મને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા વગર રહી ન શકે.

એક વાત ખાસ, સામાયિક એ આત્મસ્થિરતા મેળવવાનો પાપવિરામની પ્રતિજ્ઞા સાથેનો એક મહાન ધર્મક્રિયા યોગ છે. તેનાથી થતો આધ્યાત્મિક લાભ મૂલવી શકાય તેમ નથી. કોઇ બાળકે પ્રશ્ન પૂછ્યો કે 'સૂર્ય ન ઊગે તો શું થાય?' પિતાએ કહ્યું: 'લાઇટનું બિલ વધારે આવે.' આંશિક સત્ય હોવા છતાં પણ આ જવાબ સૂર્યનું ખરું

મૂલ્યાંકન કરી શક્તો નથી. પણ બાળક સૂર્યને આથી વિશેષરૂપે સમજી શકે તેમ નથી એટલે આ જવાબ પણ સૂર્યનો મહિમા કરે છે એમ કહી શકાય.

સામાયિક ધર્મની પ્રતિજ્ઞા, પરિભાષા અને પરિણામોને સમજવા માટે માત્ર બુદ્ધિવાદ ટૂંકો જ પડે. છતા બુદ્ધિના ત્રાજવામાં તોલવામાં આવે તો પણ સામાયિક એક વજનદાર તત્ત્વ સાબિત થાય છે.

દિગ્ગજ નિષ્ણાતોના તારણ મુજબ એક સરેરાશ માણસ પોતાની જીવનશૈલીથી વાતાવરણમાં દર વર્ષે ૨ ટન (૨૦૦૦ કિલો) કાર્બનનો ઉમેરો કરે છે. આ રીતે વિચારીએ તો કો'ક સ્થળે ધારો કે ૫૦૦ સાધકો સમૂહમાં ઉપધાન તપ સાધના કરે તો તેમના દ્વારા અંદાજે સવાસો ટન કાર્બન એમિશન અટકે છે.

હવે આ જ લયમાં આ પૃથ્વી પર વિચરતા હજારો જૈન શ્રમણ શ્રમણી ભગવંતોનો વિચાર કરીએ. તેમના દ્વારા અનાયાસે, વગર પ્રયાસે, સહજ ભાવે જે વિશ્વોપકાર થાય છે તેને મૂલવવાનું ક્યા બુદ્ધિશાળીનું ગજું છે?

દર વર્ષે અંદાજે ચાલીસ હજાર ટન (ચાર કરોડ કિલો) જેટલું કાર્બન એમિશન એક વિશાળ દેશમાં વિચરતા મુઠ્ઠીભર જૈન શ્રમણ શ્રમણી ભગવંતો થકી અટકે છે.

બેશક, શ્રમણ શ્રમણી ભગવંતોની સંયમયાત્રા કે શ્રાવકોની સામાયિક આવા કોઈ આશયથી પ્રવર્તતી નથી જ. છતાં, તેમની જીવનશૈલીના એક ભાગરૂપે ખેતરમાં પાક સાથે ઘાસ ઊગી નીકળે તે રીતે આત્મશુદ્ધિના મુખ્ય મોલ સાથે વિરલ વિશ્વોપકારનું જે ઘાસ ઊગી નીકળ્યું તે પણ બૌદ્ધિકોના મસ્તક ડોલાવી દે તેવું ઊંચું, અનુકરણીય અને અભિનંદનીય છે.

સામાયિકમાં ગૂંથાયેલી જીવનશૈલીનો ઝીણવટભર્યો અભ્યાસ કોઈ વિદેશી વિદ્વાન પણ કરશે તો ઈકોફ્રેન્ડલી લાઈફસ્ટાઈલની બાંગો પોકારવાનું તે ભૂલી જશે.

**સાધુના જીવનમાં પરોપકાર વણાયેલો હોય છે.**

**સાધુની વાણીમાં પરોપકાર વણાયેલો હોય છે.**

**સાધુના આશયમાં પરોપકાર વણાયેલો હોય છે.**

ગૃહસ્થ જીવનમાં પોતાની જવાબદારી, મજબૂરી વગેરે ઘણી અડચણો અહીં વચ્ચે આવીને ઉભી રહે છે. બેશક, કેટલાક વિરલાઓએ સેવાક્ષેત્રે સ્વર્ણાક્ષરીય યોગદાન અર્પ્યું છે. છતાં તેમના કરતાં સાધુના સ્વકલ્યાણ અને પરોપકારનું ફિલ્ડ પણ ઘણું વિરાટ અને વ્યાપક છે.

આ તો સાધકો દ્વારા અનાયાસે થયેલો વિશ્વોપકાર છે. શ્રમણ ભગવંતોના પ્રભાવશાળી જીવનની પ્રેરણા પામીને પણ ઘણા જીવો તેમના જીવનથી જ નવજીવન પામે છે.

શ્રમણ-શ્રમણી ભગવંતોના પ્રભાવશાળી પ્રવચનોએ હજારોના જીવનના નકશા બદલી દીધા છે. તેઓ હોસ્પિટલમાં જઈને bed to bed સર્વિસ નથી આપતા. પરંતુ આહારસંયમ અને વ્યસનરહિત સંયમિતજીવનના ઉપદેશથી લોકોને એવી સ્થિતિમાં લાવી મૂકે છે કે હોસ્પિટલમાં જવાના કારણો જ ઉભા ન થાય.

મૈત્રીભાવ અને ક્ષમાપનાના અસરકારી ઉપદેશો થકી કેટલાયના જીવનમાં રહેલા સંઘર્ષો વિદાય લે છે. ભારતની દરેક કોર્ટમાં હજારો, લાખો cases પેન્ડિંગ પડ્યા હોય ત્યારે તે કેસ લડનારા વકીલ કરતા નવા કેસ ઊભા થતા અટકાવી દેનારાનો ઉપકાર ઘણો ઊંચો ગણાય.

સદાચાર અને સજ્જનતાના ઉપદેશો દ્વારા કૈંકના જીવનમાંથી ગુન્હા અને મનમાંથી ગુન્હાખોરી નિર્મૂળ કરવાનું કાર્ય, ગુન્હેગારોને પકડતાં પોલિસો કરતાં પણ ઊંચુ ન ગણાય ?

સાતક્ષેત્રોમાં થતા ઉત્તમ સુકૃતો, જીવદયાના વિરાટ કાર્યો, અનુકંપાદાનની વહેતી સરિતાઓના મૂળમાં ઘણી જગ્યાએ કોઈને કોઈ સાધુભગવંતની પ્રેરણા રહી હોય છે.

કોઈ વૃદ્ધાશ્રમ ઊભું કરવા કરતાં વૃદ્ધો અને વડીલોની સેવા, ઔચિત્યનો ઉપદેશ આપીને સરવાળે પાંચ - દશ - વૃદ્ધાશ્રમો ખૂલવાની શક્યતા જ અટકાવી દે તે કેટલો ઊંચો પરોપકાર છે.

સૂર્ય માત્ર ઊગે છે અને વિશ્વોપકાર સહજ બને છે તેમ પોતાની નિર્મળ સાધનાનું લક્ષ્ય અખંડ રાખીને સાધુ માત્ર જીવન જીવે છે અને પરોપકાર થયા કરે છે.

# ૧૧

આપણે એક બાજુ અહિંસાની વાતો કરીએ

અને

બીજી બાજુ, આપણી જ રથયાત્રામાં

બળદ પાસે રથ ખેંચાવીએ

ઘોડા પર સવારી કરીએ,

આનાથી શું પ્રાણીને કષ્ટ ન પડે?

તો પછી જીવદયા ક્યાં રહી?

પશુ પાસે આ રીતે ભાર ખેંચાવવો

તે શું યોગ્ય છે?

પોતાને રહેવાના ઘરમાં કોઇ માણસ પાસે જાડું-પોતું કરાવીને સફાઇ કરાવવી એને શું કહેશો ?

પોતાના એંઠા-ગંદા વાસણો કોઇ કામવાળી બાઇ પાસે સાફ કરાવવા એને શું કહેશો ?

પોતાના મેલા કપડા માણસો પાસે ધોવડાવવા, પોતાની ગાડી ક્લીનર પાસે સાફ કરવવી એને શું કહેશો ?

અનાજ ભરેલા ટેમ્પોમાંથી માલ ખાલી કરનાર હમાલ પાસે કામ કરાવવું એને શું કહેશો ?

રેલવે સ્ટેશનો પર કુલી પાસે વજન ઉપડાવવું એને શું કહેશો ?

બેશક, આમાં ક્યાંય કામ કે ભારનો અતિરેક એ અમાનવતા છે. અને જો આ બધું મૂળથી જ ન કરાય તો કરેલા લોકો બેકાર બનશે તેનો અંદાજ ખરો ? અને મોટી અમાનવતા કઇ ? અહીં દેખાવની માનવતાના મોહમાં ખરી માનવતા નજર બહાર અને મગજ બહાર ચાલી જાય છે.

કૃષિપ્રધાન ભારતદેશમાં આજે પણ અંદાજે પૂરા ત્રણ કરોડ પરિવારો બળદગાડાના આધારે જીવનનિર્વાહ કરે છે. પશુ પાસે વધુ પડતો બોજ ખેંચાવવો તે, ચોક્કસ અમાનવતા છે. અતિચારસૂત્રમાં આવતી પંક્તિ: 'અધિકો ભાર ઘાલ્યો' આડકતરો એવો અર્થ જણાવે છે કે માપસરનો ભાર ઉપડાવવો એ દોષરૂપ નથી. અર્થ વ્યવસ્થાના કેન્દ્રમાંથી પશુની હકાલપટ્ટી થઇ અને આહાર વ્યવસ્થાના ભાગરૂપે પશુ ગોઠવાઇ ગયું !

ભારતદેશ જેમ કૃષિપ્રધાન છે તેમ પશુપ્રધાન પણ છે. અહીં માણસ સતત પશુની સાથે રહીને જીવનવ્યવહાર ચલાવતો. ખેતી,

ભારવહન, પ્રવાસ વગેરે કાર્યોમાં તેનું મુખ્ય સાધન પશું ! ઘોડાગાડી ફેરવનારો ઘોડા પાસેથી કામ પણ લે અને પછી ઘોડાને આરામ આપવા વચ્ચે વિરામ પણ લે. તેની પીઠ પર પ્રેમથી હાથ ફેરવીને પંપાળે. તેને ચારો-પાણી પણ આપે.

આ પ્રક્રિયાનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ કરીએ તો લાગે છે કે આ પ્રક્રિયા વાસ્તવમાં કરૂણા પોષક હતી. ગાડી ફેરવનારાને ક્યારેય આવો ભાવ નહીં જાગે કારણ કે ગાડી થાકતી નથી તેવો (ગાડીની જડતાનો) તેને ખ્યાલ છે.

પશુને બચાવવાનો એક જ ઉપાય છે કે તે જીવન વ્યવહારના અંગરૂપે ઉપયોગી સાબિત થાય અને દેશની આર્થિક તાકાતનો એક ભાગ ગણાય. હિંસા-અહિંસાના પદાર્થની સ્પષ્ટતા માટે જૈનાગમોમાં હિંસાના ત્રણ ભેદ બતાવ્યા છે.

(i) હેતુહિંસા : હિંસા થઇ શકે તેવી બેદરકારી.

(ii) સ્વરૂપહિંસા : પરિણામમાં હિંસા રૂપ ન હોવા છતાં બાહ્યદેખાવમાં હિંસા લાગે તે. જેમકે પૂજામાં દેખાતી પુષ્પાદિની હિંસા. જે વાસ્તવમાં હિંસારૂપ નથી.

(iii) અનુબંધહિંસા : જ્યાં દેખાવે હિંસા ન જણાય છતા હિંસા હોય. જેમકે પારધિ પશુને જાળમાં ફસાવવા દાણા નાખે તે દેખીતી રીતે દયા છે, પરિણામે હિંસા છે. તેથી પંખીને ચણ, દાણા નાંખવાની પારધિની પ્રવૃત્તિને અનુબંધ હિંસા કહી છે.

સાદી ભાષામાં કહીએ તો દેખાવની હિંસા અને વાસ્તવિક હિંસા એમ બે ભેદ લઇએ તો મુખ્યત્વે વાસ્તવિક હિંસાથી બચવાનું

છે. પશુ પાસે કોઇ યોગ્ય પ્રમાણમાં કામ કરાવે તે વાસ્તવિક હિંસા નથી. કારણ કે જો પશુ બિન ઉપયોગી (એટલે કે બિનઉપજાઉ) થયો તો તે liability રૂપ ગણાવાથી ટકી ન શકે.

પશુની કતલ કરીને તેને ઉપજાઉ સાબિત કરવાવાળાઓ સામે પશુની કતલ કર્યા વગર તેને ઉપજાઉ સાબિત કરવાની મુખ્ય દલીલ એ જ છે કે પશુ ખેતી, ખાતર ભારવહન વગેરે માટે ઉપયોગી છે. હવે જો પશુ આ કાર્યો ન કરે તો તેની ઉપયોગિતા સાબિત નહીં થાય અને પરિણામે તે કતલ પામશે.

પશુ પાસે કામ નહીં કરાવવાની માંગણી કરનારા પશુ પ્રત્યેના દયાભાવથી જ કદાચ પશુનું નુકસાન કરી બેસે. મુંબઇ નરીમન પોઇન્ટ પર જૂના જમાનાથી જૂના રૂઆબની વિક્ટોરિયા (ઘોડાગાડી) માં બેસવા લોકો જતાં. કોઇ સંસ્થાએ આ અંગે અરજી કરી અને કોર્ટે બધી ઘોડાગાડી એક વર્ષમાં બંધ કરી દેવાનો દયાળું (!) હુકમ આપ્યો.

પશુ પ્રત્યેની દયાથી પશુ પાસે કામ કરાવવાનું બંધ થતાં એમાં વાસ્તવમાં પશુની દયા થતી નથી. કામ કરાવવાની રીત અમાનવીય ન હોવી જોઇએ તે વાત ખરી!

## ૧૨

પ્રાણીના શરીરમાંથી નીકળતાં

લોહી-માંસનો આહાર એ માંસાહાર ગણાય છે

તો પછી

પ્રાણીના શરીરમાંથી નીકળતું દૂધ લેવું

તેને માંસાહાર કેમ ન ગણાય?

આખરે તો બન્ને પ્રાણીજ પદાર્થ જ

છે ને?

અંગ્રેજોના શાસનકાળથી આ દેશમાં માંસાહારના પ્રચાર માટે જુદી જુદી નીતિઓનો આશ્રય લેવામાં આવ્યો છે. માંસાહારના પ્રચાર માટેની કૂટનીતિની એક ભેદી જાળ એટલે 'દૂધનો માંસાહાર તરીકેનો પ્રચાર.'

આ મૂળ વિચાર ક્યાંથી આવ્યો તે જાણીએ. યૂરોપના દેશોમાં શાકાહારના પ્રચારનો એક પ્રચંડ વાયરો ફુંકાયો અને સવાઈ શાકાહારીઓના મોટા જૂથો તૈયાર થયા. એ લોકો પોતાને vegan (વિગન) તરીકે ઓળખાવે છે. તે જૂથો ભારતના માંસાહાર ત્યાગીઓથી પણ પોતાની જાતને ઊંચી ગણાવવા લાગ્યા. 'દૂધ પીનારા માંસાહાર ત્યાગીઓ પણ માંસાહારી છે કારણ કે દૂધ પણ લોહી કે માંસ માફક પ્રાણીના શરીરમાંથી જ મેળવાય છે.' આવી ભ્રામક પ્રચારજાળમાં અચ્છા અચ્છા માંસાહાર ત્યાગી રૂસ્તમો પણ ફસાવા લાગ્યા.

યંત્રવાદનો અત્યંત પ્રચાર થવાથી પશુઓ બિનઉપયોગી બનવા લાગ્યા. હજુ દૂધ અને દૂધની બનાવટોને કારણે દૂધાળાં પશુઓ આર્થિક રીતે ઉપયોગી રહ્યા છે. દૂધનો માંસાહાર તરીકે જોરશોરથી પ્રચાર કરવામાં આવે તો એક બાજુ શાકાહારી પ્રજામાં દૂધથી મોટી સૂગ ઊભી થાય, તેથી દૂધની માંગ ઘટતા દૂધાળાં પશુઓ પણ બિનઉપયોગી સાબિત થાય.

બીજી બાજુ, શાકાહારી પ્રજામાં માંસની સૂગ ઘટવા લાગે. 'આજ સુધી દૂધ વાપરવા દ્વારા આપણે માંસાહારી છીએ જ તો હવે માંસ વાપરવામાં શો વાંધો છે?' તેવો નબળો વિચાર તેમને પાડી શકે. (વાસ્તવમાં 'શાકાહાર' શબ્દ પણ ભ્રામક છે અને માંસાહારની પુષ્ટિ માટે જ તે શબ્દ પ્રચારમાં મૂકવામાં આવ્યો છે. સાચો શબ્દ તો

અન્નાહાર છે. 'શાકાહાર' શબ્દનો ભ્રામક પ્રચાર તે એક સ્વતંત્ર વિષય છે, તેની વિચારણા અવસરે)

મુખ્ય વાત તો એ છે કે દૂધને માંસાહાર તરીકે ગણવામાં કોઈ લોજિક નથી. દૂધ પ્રાણીના શરીરમાંથી પ્રાપ્ત થાય છે એ વાત સાચી, **પરંતુ દૂધ માત્ર માદા પશુના શરીરમાંથી જ મળે છે, માંસ તો નર-માદા બંનેના શરીરમાંથી મળે છે. માંસ અને દૂધ વચ્ચે આ એક પ્રાકૃતિક ભેદ છે.**

ખાધેલો ખોરાક રસ, રક્ત, મેદ, માંસ, મજ્જા, વીર્ય અને ઓજસમાં દર પાંચ દિવસે રૂપાંતર પામતાં ૩૦ મે દિવસે ઓજસમાં રૂપાંતર પામે છે. જ્યારે ગાય કે કોઈ પણ દૂધાળાં પ્રાણીને જે ખોરાક ખવડાવો તે તે જ દિવસે દૂધમાં રૂપાંતર પામીને આંચળમાં આવે છે. ત્યાર બાદ વધેલા ભાગમાંથી આઠે ધાતુઓનો જન્મ થાય છે. તેથી દૂધ એ લોહી માંસનું બનેલું છે તે વાત નિરાધાર બની જાય છે.

માંસ પ્રાપ્ત કરવા માટે પ્રાણીને મારવું-કાપવું પડે છે અને પીડા આપવી પડે છે. માંસ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે પશુ સખત પ્રતિકાર કરે છે. દૂધની બાબતમાં વસ્તુસ્થિતિ તદ્દન વિપરીત છે દૂધ મેળવવા માટે પશુને કોઈ પીડા થતી નથી, તેના તરફથી કોઈ પ્રતિકાર થતો નથી. બલકે તે અનુકૂળ બને છે. દૂધ દોહી લેવામાં ન આવે તો પશુને પીડા થાય છે.

પશુના શરીરમાં બીજાના ખોરાક માટે જ દૂધ ઉત્પન્ન થાય છે, સ્તનછિદ્રોમાંથી દૂધ કાઢવામાં આવે તે પશુના પણ હિતમાં જ છે. દૂધ દોહવા-કાઢવા માટે પ્રકૃતિએ જ માદા પશુના દૂધ ધારણ કરનાર અવયવોમાં છિદ્રો બનાવ્યાં છે. તેનાથી દૂધ દોહીને તેનો ઉપયોગ કરી શકાય છે.

ગાય એ સંપૂર્ણ શાકાહારી પ્રાણી છે. તેની સામે દૂધની તપેલી મૂકશો તો ચપ-ચપ દૂધ પી જશે પણ લોહી મૂકશો તો મોઢું પણ તેમાં નહીં નાખે. તે દ્વારા ગાય પોતે જ પુરવાર કરે છે કે દૂધ અને લોહી-માંસમાં બેઝિક તફાવત છે.

દૂધ જો લોહીમાંસનું બનેલું હોત તો માંસાહારી લોકોને પોષણ અને સ્વાસ્થ્ય માટે દૂધ પીવાની શી જરૂર છે ? માત્ર લોહી-માંસથી તેમને કેમ ચાલતું નથી ? દૂધ અને લોહી-માંસમાં સમાન ગુણ ન હોવાથી માંસાહારીઓને પણ પોષણ માટે દૂધ પીવું પડે છે. બિનમાંસાહારી લોકોને દૂધ પીધા પછી પોષણ માટે માંસ ખાવાની જરૂર રહેતી નથી. દૂધ પીને માંસ ન ખાનારા અપોષણના દરદોના ભોગ બનતા નથી, પણ માંસાહારી લોકો દૂધ ન પીએ તો અપોષણજન્ય અને વાયુજન્ય દરદોના ભોગ બને છે. માંસનું પ્રોટીન તેમને રોગોથી બચાવી શકતું નથી. તેનાથી પણ દૂધ અને માંસ વચ્ચેનો ભેદ સ્પષ્ટ થાય છે.

માનવસૃષ્ટિમાં એક સામાન્ય પરંપરા બધે જોવા મળે છે. જન્મતાની સાથે જ અમુક સમય સુધી બાળક કેવળ માતાના દૂધનો જ આહાર લે છે અને તેનાથી જ પોષણ મેળવે છે. ત્યારે બાળક માતાનું લોહી પીવે છે (માંસાહાર કરે છે) એવો અભિપ્રાય કોઈના મનમાં ઊઠતો નથી.

જૈનાચાર્ય **શ્રી હરિભદ્રસૂરિ મહારાજે** સ્વરચિત **અષ્ટક પ્રકરણ** નામના ગ્રંથમાં સત્તરમાં માંસભક્ષણ દૂષણ અષ્ટકમાં આ મુદ્દાની ચર્ચા કરી છે. પ્રાણીજન્ય હોવાથી જો લોહી કે માંસનો આહાર કરી ન શકાય તો પછી દૂધ કઈ રીતે લઈ શકાય ? કારણ કે તે પણ પ્રાણીજન્ય પદાર્થ તરીકે સમાન છે.

આનો જવાબ તેમા ખૂબ સરસ રીતે અપાયો છે. સ્વમાતા અને સ્વપત્ની બંને સ્ત્રી તરીકે સમાન હોવા છતા બંને સાથે તુલ્ય વ્યવહાર થતો નથી, પત્ની ભોગ્યા ગણાય છે જ્યારે માતા પૂજ્યા ગણાય છે. સ્ત્રી તરીકેની સમાનતા હોવા છતા જેમ અહીં ભેદ પડે છે તેમ પ્રાણીજન્યરૂપે સમાન હોવા છતા લોહી અને દૂધમાં ફરક છે.

આમ, દૂધ એ માંસાહાર નથી જ નથી તે સાબિત થાય છે.

# ઉપસંહાર

''आग्रही बत निनीपति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम् ।।''

સત્ય તો ગાય છે, ગાયની પાછળ અનુસરણભાવે જવાને બદલે કેટલાક ગાયને પોતાના તરફ ખેંચવાનો પ્રયાસ કરે છે. આને 'કદાગ્રહ' કહેવાય. તેમાં સત્યનો આગ્રહ નહીં, આગ્રહનો ગ્રહ હોય છે.

એક મહાનુભાવ સરસ મજાના કોઈ Antique Picture ને એક સરસ ફ્રેમમાં Fit કરવાની કોશિશ કરી રહ્યા છે. પરંતુ તે કાર્યમાં મહેનત કરવા છતાં નિષ્ફળતા મળે છે. કારણ શું બન્યું ? બન્ને શક્યતા છે. (i) Frame નાની હતી (ii) પિક્ચર મોટું હતું.

આમ, છતાં પણ માણસ માપસરની નવી ફ્રેમ લાવીને પિક્ચર Fit કરશે. ફ્રેમમાં બંધ બેસી જાય માટે ફોટામાં કાપકૂપ નહીં જ કરે.

ધર્મ અને સંસ્કૃતિને લગતી વાતો આવા Antique Picture જેવી છે. વર્તમાન ધર્મનિરપેક્ષ શિક્ષણનું ડેરી મિલ્ક પીને ઉછરેલી બુદ્ધિ ફ્રેમનો Role બજાવે છે. ઘણા સચોટ સત્યો તર્કથી બુદ્ધિમાં બેસતા નથી ત્યારે તે સિદ્ધાંતો કે માન્યતાઓને પડકારવામાં આવે છે ત્યારે એન્ટિક પિક્ચરમાં કાપકૂપ કરવાને બદલે માપસરની ફ્રેમ તૈયાર કરવાની કાર્યવાહી થવી જોઈએ. બુદ્ધિ સત્યનું અનુસરણ કરે ત્યારે તે સદ્બુદ્ધિ બને છે. સત્યને બુદ્ધિનું અનુસરણ કરવાની ફરજ પડવી ન જોઈએ.

ઘણા અરમાનો સાથે અમેરિકા સ્થાયી થયેલા એક મહાનુભાવે ત્યાનાં બે અઢી દાયકાના અનુભવ પછી 'Back to India' ની સાધના હોંશે હોંશે કરી.

પોતાના વતન ખાતે ફરી પાછા ફરીને સ્વસ્થાને નિવાસ કરનારા એ અનુભવીએ પોતાના Experience ને Share કરતું એક પુસ્તક લખ્યું. જેમાં, તેમણે ત્યાંની સારી, નરસી, બન્ને બાજુઓ જણાવી. પુસ્તકનું નામ હતું: 'અમેરિકા તેજ અને તિમિર!' તે પુસ્તકમાં એક સ્વાનુભવના નિચોડ રૂપ મુક્તક લેખકે ટાંક્યું છે:

सरहदो के उस पार, जा कर कर दिया बसेरा

हुई ऐसी शाम, जिसका कभी न था सवेरा ।।

ધર્મ અને સંસ્કૃતિનું માદરે વતન છોડીને શ્રદ્ધાના સીમાડા ઓળંગીને, નકરી અને નઠારી બુદ્ધિના વૈભવી પ્રદેશમાં વિલસતા વિદ્વાન, છેવટે પોતાના શ્રદ્ધાના સીમાડામાં પાછા ફરશે તો તેઓ પણ આ જ મુક્તક પોતાના સંદર્ભમાં બોલી શકશે.

કદાચ આ જ કારણે કોઈએ કહ્યું છે:

***Faith begins, where reason ends.***



વિચાર!

વાવાઝોડાની તાકાત ધરાવતી ચીજ.

વિચાર!

વૃક્ષનિર્માણની શક્તિ ધરાવતું બીજ.

ગેરસમજણમાં અટવાતા વિચારોને

યોગ્ય દિશા દર્શાવવા

પ્રસ્તુત છે :

